# નવગુજરાત ટાઈમ્સ

Early Morning Daily of South Gujarat

■ તંત્રી - મુદ્રક - -કાશક : ગણેશ પી.સાવંત

૧૯-૦૨-૨૦૨૫ બુધવાર પાનાં ૮ કિંમત રૂા ૨.૦૦

■ માલિક, મુદ્રણ અને પ્રકાશન સ્થળ : શ્રી સાંઈ પ્રકાશન, એફ ૧ થી ૬, સંકલ્પ શોપીંગ સેન્ટર, ભટાર ટેનામેન્ટ સામે, ભટાર રોડ, સુરત. ફેક્સ નં.(૦૨૬૧) ૨૨૬૪૮૪૯ ■ ઈમેલ :- navgujarat2002@ yahoo.co.in

■ સળંગ વર્ષ : ૩૩ ‡ અંક : ૭૨ ‡ વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ સાતમ ■ REGD. NO.: SRT-182 / 2006-2008 ■ RNI NO. - 54951 / 93

### ઉત્તર ગુજરાતમાં ભાજપનું શાનદાર પ્રદર્શન

# અત્ર.. તત્ર.. સર્વત્ર ભાજપ, ૬૮ ન.પા. પૈકી ૬૨ ઉપર ભગવો લહેરાયો, ૧ ન.પા. ટાઈ થઈ

### ગાંધીનગર કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ યોજાયો : ઢોલ નગારા સાથે કાર્યકરોની પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં ઉજવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા. ૧૮

થાનિક સ્વરાજયની ચુંટણીના પરિણામ આવી ગયા છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. લગભગ મોટાભાગની નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની પેટા ચુંટણીમાં જીત મેળવી છે. આ ચુંટણીનું અંતિમ ચિત્ર આખરે સ્પષ્ટ થઈ ગયું છે. એટલે કે જૂનાગઢ મહાનગર પાલિકા ભાજપે પોતાની પાસે રાખી છે. આ ઉપરાંત ૬૮ નગરપાલિકાઓ પૈકી ૬૨ ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામ બાદ ભાજપ દ્વારા પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ઉજવણી કરાઈ



હતી. વિગતો મુજબ ગાંધીનગર કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ યોજાયો હતો. ઢોલ નગારા સાથે કાર્યકરોની ઉજવણી કરી રહ્યા છે. આ સાથે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં ઉજવણી થઈ રહી હતી. આ સાથે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિજયોત્સવમાં જોડાયા હતા. કોંગ્રેસને માત્ર ૧ સલાયા નગરપાલિકાની જ બેઠક મળી છે. જ્યારે પોરબંદર જિલ્લાની કુતિયાણા, રાણાવાવમાં સપાની જીત અને આણંદ જિલ્લાની આંકલાવ નગરપાલિકામાં અપક્ષનો દબદબો જોવા મળ્યો હતો. જ્યારે કે, ડાકોર નગરપાલિકામાં ભાજપ અને અપક્ષ વચ્ચે ટાઈ થઈ છે. એટલે કે, નોંધનીય છે કે ૧૮૪૪ બેઠકમાંથી ૧૬૭ બેઠક બિન હરીફ થતા ૬૬ પાલિકાઓની ૧૬૭૭ બેઠક માટે મતદાન થયું હતું. જેમાં કૂલ ૧૬૭૭ બેઠકોમાંથી ૧૩૭૭ બેઠક ભાજપને ફાળે ગઈ છે.

આ સિવાય ગાંધીનગર, કપડવંજ અને કઠલાલ તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. જો કે, દેવભૂમિ દ્વારકામાં ૨૮ બેઠકવાળી સલાયા નગરપાલિકાના ચૂંટણીમાં કોંગ્રેસે ફરી બાજી મારી છે. સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ૧૫ બેઠક પર જીત નોંધાવી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ દમદાર પ્રદર્શન કરતાં ૧૩ સીટો પર જીતનો પરચમ લહેરાવ્યો છે. ત્યારે ભાજપ ખાતું ખોલાવી શકી ન હતી. મંત્રી મુળુભાઈ બેરાના વિસ્તારમાં ભાજપના સૂપડા સાફ થઈ ગયા છે. પરિણામો

અનુસંધાન પાના ૭ પર

### પ. બંગાળ વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન નિવેદન

# મહાકુંભ મૃત્યુ કુંભ બન્યો, મમતા બેનર્જીનું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)

પ્રયાગરાજ, તા. ૧૮

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ પર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. યોગી આદિત્યનાથ સરકાર પર નિશાન સાધતા તેમણે બંગાળ વિધાનસભામાં કહ્યું કે મહાકુંભ હવે 'મૃત્યુ કુંભ'માં ફેરવાઈ ગયો છે. તેમણે આરોપ લગાવ્યો કે મહાકુંભમાં VVIP ને ખાસ સુવિધાઓ આપવામાં આવી રહી છે, જ્યારે સામાન્ય લોકોને ત્યાં ભારે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.



પશ્ચિમ બંગાળ વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન બોલતા, મમતા બેનર્જીએ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળાના કથિત ગેરવહીવટ માટે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને ઉત્તર પ્રદેશ સરકારની આકરી ટીકા કરી અને કહ્યું, "મહાકુંભ 'મૃત્યુ કુંભ'માં ફેરવાઈ ગયો છે." મંગળવારે બેનર્જીએ કહ્યું હતું કે તેઓ તેમના ધારાસભ્યો દ્વારા તેમના પર "બાંગ્લાદેશી કટ્ટરપંથીઓ સાથે સાંઠગાંઠ" કરવાનો આરોપ

અનુસંધાન પાના ૭ પર

### મોદી અને ઈલોન મસ્કની મુલાકાત બાદ જાહેરાત

# ભારતમાં બમ્પર ભરતી સાથે વિસ્તરણ કરશે ટેસ્લા

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન ઈલોન મસ્ક સાથેની બેઠક ફળી છે. વિશ્વની ટોચની બીજા ક્રમની ઈવી કંપની ટેસ્લાના માલિક મસ્કે ભારત માટે વિસ્તરણ યોજના રજૂ કરતાં મોટી સંખ્યામાં ભરતી કરવાની જાહેરાત કરી છે. કંપનીએ તેના લિંક્ડઈન પેજ પર વિવિધ ૧૩ કેટેગરી માટે ૨૦૦૦થી વધુ ભરતી કરવાની જાહેરાત કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં જ અમેરિકામાં ટેસ્લાના માલિક ઈલોન મસ્કને મળ્યા હતા. તેમજ તેમણે પણ ટેસ્લા



ભવિષ્યમાં ભારતમાં મોટાપાયે રોકાણ કરે તેવી સંભાવનાઓ દર્શાવી હતી. વડાપ્રધાન મોદીએ ઈલોન મસ્ક સાથેની બેઠક અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મેં ઈલોન મસ્ક સાથે મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સના વિઝન સાથે ભારતના વિવિધ ક્ષેત્રે સુધારાઓ વિશે ચર્ચા કરી હતી.

ટેસ્લા પાવર ઈન્ડિયાએ હાલમાં જ જૂની બેટરીઓની જાળવણી અને સમારકામ કરી વેચવા પોતાની બેટરી બ્રાન્ડ રિસ્ટોર લોન્ચ કરી હતી. જે હેઠળ તે ૨૦૨૬ સુધીમાં દેશભરમાં રિસ્ટોર બ્રાન્ડના ૫૦૦૦ સ્ટોર શરૂ કરશે. ટેસ્લા પાવર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર કવિન્દર ખુરાનાએ જણાવ્યું હતું કે, ભારતમાં

અનુસંધાન પાના ૭ પર

### ઈમરજન્સી સર્વિસની ટીમો ઘટનાસ્થળે

# ટોરોન્ટો એરપોર્ટ પર લેન્ડીંગ વખતે વિમાન ક્રેશ, ૧૮ લોકો ઈજાગ્રસ્ત

## ડેલ્ટા એરલાઈન્સની ફલાઈટ નંબર ૪૮૧૯ને લેન્ડીંગ વખતે અકસ્માત નડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ટોરોન્ટો, તા.૧૮

ડેલ્ટા એરલાઈન્સની ફલાઈટ નંબર ૪૮૧૯ને લેન્ડીંગ વખતે અકસ્માત નડ્યો છે. આ ફલાઈટ મિનિયાપોલિસ-સેન્ટ પોલ એરપોર્ટથી ટોરેન્ટ પિયર્સન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ જઈ રહી હતી. જોકે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પર લેન્ડીગ વખતે અકસ્માતનો ભોગ બની હતી. વિમાનમાં ૮૦ લોકો સવાર હતા, જેમાંથી ૭૬ મુસાફરો અને ૪ ચાલક દળના સભ્યો હતા. વિમાનમાંથી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે, આ દુર્ઘટનામાં ૧૮ લોકોને ઈજા પહોંચી છે.કેનેડાના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૬૫ કિલો મીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. જેના લીધે



વિમાનને અકસ્માત નડ્યો હોવાનું અનુમાન છે. જોકે હજુ સુધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. હાલમાં યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ મદદે પહોંચી ગયું છે. રોયટર્સના રિપોર્ટ અનુસાર ઘટનાસ્થળ પર હાજર પેરામેડિકલ સ્ટાફે પુષ્ટિ કરી છે કે આ અકસ્માતમાં બે મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે અન્ય મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. ટોરોન્ટોના પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટે આ ઘટનાને લઈને ઠ પર એક પોસ્ટમાં લખ્યું છે કે 'અમે મિનિયાપોલિસથી આવનાર ડેલ્ટા એરલાઈન્સના વિમાન સાથે સંકળાયેલી એક ઘટનાથી માહિતગાર છીએ, અને ઈમરજન્સી ટીમો રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ ગઈ છે. તમામ મુસાફરો અને ચાલક દળનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.' પીલ સ્થાનિક પોલીસના કોન્સ્ટેબલ સારા પૈટને અકસ્માત સંબંધિત માહિતી આપતાં કહ્યું હતું કે 'એક વિમાન દુર્ઘટના સર્જાઈ છે. મારી જાણકારી અનુસાર મોટાભાગના મુસાફરો સુરક્ષિત છે અને તેમને પ્લેનમાંથી બહાર કાઢી લેવામાં આવ્યા છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાનના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે

અનુસંધાન પાના ૭ પર

### મોદી સરકારની ચૂપકીદી

# ભારતની ચૂંટણીમાં અમેરિકન સરકારની સીધી દખલથી ખળભળાટ

## મસ્કે 'વોટર ટર્નઆઉટ' માટે ભારતને અપાતી ૧૮૪ કરોડની સહાય બંધ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકામાં એલન મસ્કના ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ 'વોટર ટર્નઆઉટ' માટે ભારતને અપાતી ૨.૧ કરોડ ડોલર (લગભગ ૧૮૪ કરોડ રૂપિયા)ની સહાય બંધ કરી દીધી છે. મસ્કના નિર્ણયના કારણે ભારતની ચૂંટણીમાં અમેરિકાની સીધી દખલ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આ અંગે તાત્કાલિક તપાસ કરાવવાના બદલે ચૂપ છે તેથી મોદી સરકાર પણ શંકાના



દાયરામાં છે. ભારતમાં આ નાણાં કઈ સંસ્થાને અપાતાં હતાં તે અંગેની વિગતો બહાર નથી આવી પણ ભાજપે કોંગ્રેસ અને નહેરૂ-ગાંધી ખાનદાનને નાણાં મળ્યાં હોવાનો આક્ષેપ કર્યો છે. જ્યોર્જ સોરોસે મોદીને હરાવવા નાણાં અપાવ્યાના આક્ષેપ ભાજપે કર્યા છે. બીજી તરફ નરેન્દ્ર મોદીને જીતાડવા માટે અમેરિકા નાણાં ખર્ચીને ભારતની ચૂંટણીમાં દખલગીરી કરતું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ભારતમાં પોતાના ઈશારે નાચતી સરકાર બેસાડવા માટે ડીપ સ્ટેટ્સ દ્વારા ખર્ચાઈ રહેલાં નાણાં અંગે મોદી સરકાર અત્યાર સુધી કેમ ચૂપ હતી એ પણ સવાલ ઉઠયો છે. કેન્દ્રમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાજપની સરકાર છે છતાં અમેરિકાની ભારતીય ચૂંટણીમાં સીધી દખલ બંધ કરાવવા માટે કેમ કોઈ પગલાં ના લેવાયાં એ સવાલ પણ થઈ રહ્યો છે. મોદી સરકાર હજુય તપાસ કરાવતાં કેમ ખચકાઈ રહી છે અને ભાજપના નેતા માત્ર રાજકીય આક્ષેપો જ કરી રહ્યા છે એ મુદ્દો પણ ઉભો થયો છે. ભાજપે ૨૦૧૨માં એસ.વાય. કુરૈશી ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર હતા ત્યારે કોંગ્રેસના ઈશારે ચૂંટણી પંચે કરાર કરીને નાણાં લીધાં હોવાનો આક્ષેપ પણ કરેલો. જો

અનુસંધાન પાના ૭ પર

### RPF ના રિપોર્ટમાં ધડાકો કરાયો


# નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી નાસભાગમાં તંત્રની જ બેદરકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ૧૮

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગ અંગે આરપીએફએ રિપોર્ટ તૈયાર કર્યો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રેલવેની જાહેરાત બાદ પ્લેટફોર્મ નંબર ૧૨-૧૩ થી ૧૬ સુધી મુસાફરોની ભીડ દોડવા લાગી હતી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણ રીતે બ્લોક થઈ ગયા હતા.

સ્ટેશન પર સતત વધી રહેલી ભીડને ધ્યાનમાં રાખીને RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડાયરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી દોડાવવાની સલાહ આપી હતી. અહેવાલમાં જણાવાયું છે કે નાસભાગ રાત્રે



૮:૪૮ કલાકે થઈ હતી. નાસભાગ બાદ રાહત સહાય પૂરી પાડવામાં ૪૦ મિનિટથી વધુનો વિલંબ થયો હતો.

આરપીએફના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે શનિવારે રાત્રે ૮ વાગ્યે પ્લેટફોર્મ નંબર ૧૨ પરથી શિવગંગા એક્સપ્રેસ રવાના થયા બાદ પ્લેટફોર્મ પર મુસાફરોની ભારે ભીડ એકઠી થવા લાગી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણપણે જામ થઈ ગયા હતા.

આ પછી, RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડિરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી ચલાવવાની સલાહ આપી અને પ્રયાગરાજ માટે દર કલાકે ૧૫૦૦ ટિકિટ વેચતી રેલવે ટીમને તરત જ ટિકિટનું વેચાણ બંધ કરવા કહ્યું હતું. આરપીએફના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સીસીટીવી ફૂટેજમાં વધતી ભીડ જોયા બાદ સ્ટેશન ડાયરેક્ટરને ટિકિટ આપવાનું બંધ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

રિપોર્ટ અનુસાર, જ્યારે RPF સ્ટાફ ૮:૪૫ વાગ્યે ગીચ FOB 2 અને ૩ ને ખાલી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે એક જાહેરાત કરવામાં આવી હતી કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૨ થી રવાના થશે. થોડા સમય પછી, સ્ટેશન પર ફરીથી જાહેરાત થઈ કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૬ પરથી રવાના થશે. જે બાદ મુસાફરોમાં નાસભાગ મચી ગઈ હતી. આરપીએફના જણાવ્યા અનુસાર, ડ્યુટી સ્ટેશન ઈન્ચાર્જને રાત્રે ૮:૪૮ કલાકે

અનુસંધાન પાના ૭ પર

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા BCCIએ કરી મોટી જાહેરાત

# હવે ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેમના પરિવાર સાથે દુબઈ જઈ શકશે

નવી દિલ્હી, તા.૧૮

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની શરૂઆત પહેલા ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓને સારા સમાચાર મળ્યા છે.

પાકિસ્તાન દ્વારા આયોજિત મેગા ઈવેન્ટ માટે ટીમ ઈન્ડિયા દુબઈ પહોંચી ગઈ છે અને દુબઈમાં જોરશોરથી તૈયારીઓમાં વ્યસ્ત છે. આ ટૂર્નામેન્ટની તૈયારી દરમિયાન BCCIએ રોહિત શર્મા એન્ડ કંપનીને એક મોટી ભેટ આપી છે.

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે મોટા સમાચાર એ છે કે હવે ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેમના પરિવાર સાથે દુબઈ જઈ શકશે. જોકે, આ માટે બોર્ડ દ્વારા બહુ છૂટ આપવામાં આવી નથી. પરંતુ જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો કહેવામાં આવી રહ્યું છે કે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને તેમના પરિવારજનો સાથે રાખવાની મંજૂરી આપવામાં આવી છે. પરંતુ એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે ખેલાડીઓ દુબઈમાં માત્ર એક જ મેચમાં તેમના પરિવારના સભ્યોને સાથે લઈ જઈ શકશે.

બીસીસીઆઈ દ્વારા આપવામાં આવેલી આ છૂટથી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને રાહત મળી છે. જો કે, આ અંગેની સત્તાવાર માહિતી હજુ સામે આવી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બોર્ડે કહ્યું છે કે જો કોઈ ભારતીય ખેલાડી તેના પરિવારને દુબઈ લઈ જવા ઈચ્છે છે તો તે માત્ર એક મેચ માટે જ લઈ જઈ શકે છે.

તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાની શરમજનક હાર બાદ બોર્ડે ઘણી કડકતા દાખવી હતી. આ હાર બાદ ખેલાડીઓને લઈને નિયમો નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં ભારતીય ખેલાડીઓ અને સહાયક સ્ટાફ સાથે પરિવારને લઈ જવા પર ખાસ નિયમ બનાવાયા છે.

ઉલ્લેખનીય છે કે ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. તો ૨૦ ફેબ્રુઆરીએ ભારતીય ટીમ બાંગ્લાદેશ સામે તેના અભિયાનની શરૂઆત કરશે. આ પછી રોહિત શર્માની આગેવાનીમાં ભારતીય ટીમ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ સામે રમશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૩ ફેબ્રુઆરીએ મેચ રમાશે. આ પછી ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો ૨ માર્ચે સામસામે ટકરાશે. ભારતીય ટીમ તેની મેચો દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમશે.

## CPCBના રિપોર્ટમાં ખુલાસો

# મહાકુંભમાં સ્નાન કરવા સંગમનું પાણી યોગ્ય નહિ

પ્રયાગરાજ, તા. ૧૮

પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભનું આયોજન વધુ ભવ્ય રીતે કરવામાં આવ્યું છે, જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે. મહાકુંભમાં દેશ-વિદેશથી લોકો આસ્થાની ડૂબકી લગાવવા માટે આવી રહ્યાં છે. ત્યારે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ના એક રિપોર્ટના માધ્યમથી સોમવારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ને જાણ કરવામાં આવી હતી કે પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન વિવિધ સ્થળોએ ગંદા પાણીનું સ્તર સ્નાન માટે પાણીની મૂળભૂત ગુણવત્તાને અનુરૂપ નથી.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(CPCB) એ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ને સુપરત કરેલા અહેવાલમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પ્રયાગરાજમાં સંગમનું પાણી મહાકુંભ દરમિયાન સ્નાન કરવા યોગ્ય નથી. પાણીમાં ફેકલ કોલિફોર્મનું ઉચ્ચ સ્તર જોવા મળ્યું છે. આ ખુલાસો એવા સમયે થયો છે જ્યારે ૫૩ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન કરી ચૂક્યા છે. સીપીસીબી અનુસાર, ગંદા પાણીના દૂષણનું સૂચક 'ફેકલ કોલિફોર્મ' ની મર્યાદા પ્રતિ ૧૦૦ મિલી ૨૫૦૦ યુનિટ છે.

એનજીટી અધ્યક્ષ જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ, ન્યાયિક સભ્ય ન્યાયાધીશ સુધીર અગ્રવાલ અને નિષ્ણાત સભ્ય એ. સેન્થિલ વેલની બેન્ચ પ્રયાગરાજ ખાતે ગંગા અને યમુના નદીઓમાં ગંદા પાણીના પ્રવાહને રોકવાના મુદ્દા પર સુનાવણી કરી રહી હતી. બેન્ચે જણાવ્યું હતું કે સીપીસીબીએ ૩ ફેબ્રુઆરીના રોજ એક રિપોર્ટ દાખલ કર્યો હતો જેમાં ચોક્કસ પાલન ન થયું હોય અથવા ઉલ્લંઘનો તરફ ઈશારો કરવામાં આવ્યો હતો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, 'નદીની પાણીની ગુણવતા વિવિધ અવસરો પર તમામ દેખરેખ સ્થળો પર ગંદા પાણી 'ફેકલ કોલીફોર્મ'ના સંબંધમાં સ્નાન માટે ગુણવતાના અનુરૂપ નથી. પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન મોટી સંખ્યામાં લોકો નદીમાં સ્નાન કરે છે, જેના કારણે ગંદા પાણીની સાંદ્રતા વધે છે.

# દેવીનામાળ ઈકો ટુરીઝમ સાઈટ ખાતે નેચર એજ્યુકેશન કેમ્પ દરમિયાન એક વિદ્યાર્થીનું દુઃખદ મોત નીપજ્યું

માહિતી બ્યુરો)

આહવાઃ તાઃ ૧૮

દેવીનામાળ ઈકો ટુરિઝમ સાઈટ ખાતે નેચર એજ્યુકેશન કેમ્પ દરમિયાન અમદાવાદના એક વિદ્યાર્થીનું નદીમાં ડૂબી જવાથી દુઃખદ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે વન વિભાગે સંવેદના વ્યક્ત કરી હતી.

તારીખ ૫ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ધ ગીર ફાઉન્ડેશન દ્વારા જુદી જુદી બેચના વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ નેચર એજ્યુકેશન કેમ્પ- એન્વાયરમેન્ટ એજ્યુકેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાંચમી બેચ જે તારીખ ૧૭ થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસીય આયોજીત આ શિબિરમાં સરકારી પોલીટેકનીક અમદાવાદ કોલેજના કુલ ૪૭ વિદ્યાર્થીઓ અને ૩ ફેકલ્ટી સહિત કુલ મળી ૫૦ લોકો દેવીનામાળ કેમ્પ સાઈટ ઉપર -શિક્ષણમાં ભાગ લેવા માટે આવ્યા હતા. અહિં દેવીનામાળ કેમ્પ સાઈટ ઉપર વન વિભાગ દ્વારા જરૂરી સુચનાઓના દિશા નિર્દેશ બોર્ડ તેમજ આજુબાજુ જંગલ વિસ્તારમાં જંગલમાં ધ્યાન રાખવા અંગે જરૂરી સુચક બોર્ડ લગાવવામાં આવ્યાં છે.

તારીખ ૧૭ થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન આવેલ આ બેચના શિબિરાર્થીઓ માંથી વિદ્યાર્થીઓ આજે વહેલી સવારે કોઈને જાણ કર્યા વગર જંગલ વિસ્તારની ખાપરી નદીમાં નહાવા ગયા હતા. જેમાંથી એક વિદ્યાર્થી જે સવારે ૭ઃ૧૫ વાગ્યાં દરમિયાન (શિવમ કે શાહ, ઉં.વ ૧૮) કેમ્પ સાઈટના નજીક આવેલ ખાપરી નદીમાં નહાવા જતાં પાણીમાં ડૂબી જવાનો બનાવ બન્યો હતો.

વન વિભાગને આ સમગ્ર ઘટના અંગેની જાણ થતાં તુરંત જ વન કર્મીઓ દ્વારા વિધ્યાર્થીનું રેસ્ક્યૂ કરી ઈમરજન્સી મેડિકલ કેર માટે આહવાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહિં તબીબો દ્વારા વિદ્યાર્થીની જરૂરી તપાસ કરી કરવામાં આવી હતી. જે બાદ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

વન વિભાગે આ દુઃખ ઘટના અંગેની જાણ વિદ્યાર્થીના પરિવારજનોને કરી અકસ્માતે બનેલ બનાવ અંગે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ આ ઘટના અંગે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસને જાણ કરી, ઘટના અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમ દક્ષિણ ડાંગ વન વિભાગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી

# કર્ણાટકમાં એક જ ઘરમાં ચાર લોકોના મૃતદેહ મળતા સનસનાટી

(સંપૂર્ણ સમાચાર સેવા)

મૈસુર, તા. ૧૮

કર્ણાટકના મૈસુરમાં સોમવારે વિશ્વેશ્વરનગરમાં એક એપાર્ટમેન્ટમાંથી એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવ્યા હતા. ૪૫ વર્ષીય ચેતન નામના શખ્સે તેની પત્ની રૂપાલી, માતા પ્રિયમવદા અને ૧૫ વર્ષીય પુત્ર કુશલને ઝેર આપ્યા પછી બીજા રૂમમાં ગળે ફાંસો લગાવીને આત્મહત્યા કરી લીધી. પોલીસના જણાવ્યા અનુસાર, આત્મહત્યાનું કારણ સામે આવ્યુ નથી અને કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી." તેથી આ હત્યા કે આત્મહત્યા તે પ્રશ્ન છે.

કર્ણાટકના મૈસુરમાં એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવતા વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. મૃતકોની ઓળખ હસન જિલ્લાના ગોરુર ગામના ૪૫ વર્ષીય વેપારી ચેતન, તેમની ૪૩ વર્ષીય પત્ની રૂપાલી, ૧૫ વર્ષીય પુત્ર કુશલ અને ચેતનની ૬૨ વર્ષીય માતા પ્રિયમવદા તરીકે થઈ છે.

પોલીસના એક અધિકારીએ પ્રારંભિક તપાસના હવાલાથી જણાવ્યું કે શંકા છે કે ચેતને પોતાના પરિવારના સભ્યોને ઝેર આપ્યું અને પછી પોતે ફાંસી લગાવી દીધી. જોકે, તેમના મોતના યોગ્ય કારણનો ખુલાસો થઈ શક્યો નથી. પોલીસે કહ્યું કે હત્યા કે આત્મહત્યા છે તે ઘટનાની વિસ્તૃત તપાસ શરૂ કરી દેવાઈ છે.

એવી શંકા છે કે ચેતને પરિવારજનોને ઝેર આપીને પોતે પણ આત્મહત્યા કરી. જોકે ઘરમાં ઝેરનો કોઈ અંશ મળ્યો નથી. હાલ ફોરેન્સિક અને પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. હાલ આ ચારેયના મૃત્યુ કેવી રીતે થયા તે પોલીસ માટે એક મોટું રહસ્ય છે. શું ચારેય જણાએ આત્મહત્યા કરી હતી કે કોઈએ તેમની હત્યા કરી હતી? આવા અનેક પ્રશ્નોના જવાબ પોલીસ શોધી રહી છે.

## શખ્સે હત્યાની કબૂલાત કરતા ગુનો

# નડિયાદમાં પત્ની સાથે આડાસંબંધનો વહેમ રાખી પતિએ મિત્રની હત્યા કરી

નડીયાદ, તા.૧૮

નડિયાદમાં પત્ની સાથે આડા સંબંધનો વહેમ રાખીને પતિએ પોતાના મિત્રની લસુન્દ્રા હાઈવે ઉપર હત્યા નિપજાવી હતી. તેમજ પુરાવાનો નાશ કરવા લાશને કેનાલમાં ફેંકી દીધી હતી. કઠલાલ પોલીસે બિનવારસી કાર અંગે તપાસ કરતા શખ્સે હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ પશ્ચિમમાં જય અંબે સોસાયટીમાં રહેતા અને ટ્રેક્ટરની ડીલરશીપનો ધંધો કરતા ધર્મેશભાઈ હસમુખભાઈ દરજી (ઉં.વ.૪૫)ને ગત તા.૧૫ ફેબ્રુઆરીની રાત્રે તેનો મિત્ર મેહુલ ભાનુભાઈ સુથાર ગાડીમાં બોલાવી ગયો હતો. લસુન્દ્રા હાઈવે ઉપર તેણે ગાડી ઉભી રાખતા બંને નીચે ઉતર્યા હતા. જ્યાં મેહુલે પોતાની પત્ની સાથે આડા સંબંધ હોવા બાબતે ધર્મેશ સાથે બોલાચાલી કરી હતી.

## India got latent શો પર કોર્ટે રોક લગાવી

# રણવીર અલ્હાબાદિયાનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ૧૮

લોકપ્રિય યુટ્યુબર રણવીર અલ્હાબાદિયા વિવાદોમાં ફસાયેલા છે. સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં જવું અને અભદ્ર મજાક કરવી તેના માટે ભારે પડ્યું. મામલો એટલો વધી ગયો કે ઘણા રાજ્યોમાં તેની વિરુદ્ધ FIR નોંધાઈ. આની વિરુદ્ધ યુટ્યુબરે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જેના પર મંગળવારે સુનાવણી યોજાઈ હતી. સુપ્રીમ કોર્ટે રણવીરને ધરપકડમાંથી રાહત આપી છે. પરંતુ તેની સાથે કેટલીક શરતો પણ રાખવામાં આવી છે. આ ઉપરાંત, કોર્ટે રણવીરને તેના માતાપિતા વિશે અભદ્ર ટિપ્પણીઓ કરવા બદલ ઘણી ઠપકો આપ્યો. તેમના શબ્દોને અશ્લીલ અને વાંધાજનક ગણાવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે રણવીરની અરજી પર નોટિસ જારી કરી છે. જ્યારે પણ રણવીરને પૂછપરછ માટે બોલાવવામાં આવશે, ત્યારે તેણે તપાસમાં જોડાવું પડશે.

-હવેથી, રણવીર વિરુદ્ધ સમાન આરોપોમાં કોઈ નવી FIR દાખલ કરવામાં આવશે નહીં. જયપુરમાં નોંધાયેલી FIRમાં રણવીરને ધરપકડથી પણ રાહત મળી છે.

-રણવીરે પોતાનો પાસપોર્ટ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવો પડશે. કોર્ટની પરવાનગી વિના તે દેશની બહાર જઈ શકશે નહીં.

-રણવીર અને તેના સાથીઓ આગામી આદેશ સુધી ઈન્ડિયા'ઝ ગોટ ટેલેન્ટ શોમાં ભાગ લેશે નહીં.

-સુપ્રીમ કોર્ટે યુટ્યુબરને અભદ્ર ટિપ્પણીઓ બદલ ફટકાર લગાવી. કોર્ટે કહ્યું છે કે તેમનું મન ગંદકીથી ભરેલું છે. તે તેના માતાપિતાનું અપમાન કરી રહ્યા છે.

-જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું, શું તમે કલાના નામે લાઈસન્સ મેળવ્યું છે? તેમની ભાષા અપમાનજનક અને વાંધાજનક હતી.

— વકીલ ચંદ્રચુડે કહ્યું કે એક જ ટિપ્પણી માટે અલગ અલગ FIR દાખલ કરવી એ કાનૂની પ્રક્રિયાનો દુરુપયોગ છે.

-જસ્ટિસ સૂર્યકાંત- જ્યાં સુધી રણવીરને મળી રહેલી ધમકીઓનો સવાલ છે, કાયદો તેનું કામ કરશે. રાજ્ય સરકાર તેમની સામે કાર્યવાહી કરશે.

-જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે તમે જે શબ્દો પસંદ કર્યા છે તેનાથી માતાપિતાને અને બહેનોને શરમ આવશે. આખો સમાજ શરમાશે. આ એક વિકૃત માનસિકતા છે.

-રણવીરના વકીલે જણાવ્યું કે તેની માતા ડોક્ટર છે. લોકો ક્લિનિકમાં પહોંચીને દુર્વ્યવહાર કરી રહ્યા છે. કોર્ટે તેને શરમજનક ગણાવ્યું.

-જસ્ટિસ એમ કોટેશ્વર સિંહે કહ્યું કે તેમને વિશ્વાસ છે કે જો પોલીસ તેમને પૂછપરછ માટે બોલાવે છે, તો તેઓ જરૂરી સુરક્ષા પૂરી પાડશે. રણવીર સમય રૈનાના શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટમાં ગેસ્ટ જજ તરીકે દેખાયો હતો. તેમણે એક સ્પર્ધકને માતા-પિતાની ઈન્ટિમેસી સંબંધિત પ્રશ્ન પૂછ્યો હતો. રણવીરની અભદ્ર ટિપ્પણીની ક્લિપ વાયરલ થતાં જ તેને ટ્રોલ કરવામાં આવ્યો.

## રાજીવ કુમાર રિટાયર થઈ રહ્યા છે

# આગામી મુખ્ય ચૂંટણી કમિશ્નર તરીકે જ્ઞાનેશ કુમારના નામ પર મહોર લાગી

નવી દિલ્હી, તા.૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ થયેલી બેઠકમાં નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારના નામને મંજૂરી મળી છે. હાલના મુખ્ય ચૂંટણી કમિશનર રિટાયર થયા પછી જ્ઞાનેશ કુમાર આ પદ સંભાળશે. ૧૯૮૮ બેચના કેરળ કેડરના આઈએએસ અધિકારી જ્ઞાનેશ કુમાર ગયા વર્ષે માર્ચથી ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી રહ્યા છે. રાજીવ કુમાર કાલે, ૧૮ ફેબ્રુઆરીએ રિટાયર થઈ રહ્યા છે.

મુખ્ય ચૂંટણી આયુક્તની નિમણૂક માટે એક પસંદગી સમિતિ દ્વારા નામ નક્કી કરવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં સોમવાર સાંજે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને ગૃહ મંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. અહીં ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે લાંબી કાનૂની લડત બાદ પોતાના એક નિર્ણયમાં CECની નિમણૂક માટે પસંદગી સમિતિ માટે પદાધિકારીઓ નક્કી કર્યા હતા, જેમાં મુખ્ય ન્યાયાધીશને પણ સામેલ કરવામાં આવ્યા હતા. મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિયુક્તિ માટે નવા કાયદાકીય નિયમો લાગુ થવા પહેલા, બાકી રહેલા બે ચૂંટણી કમિશનરોમાંના સૌથી વરિષ્ઠને સામાન્ય રીતે નિવૃત્ત મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવતા હતા.

જોકે, જ્ઞાનેશ કુમાર નવી નિયુક્તિ પ્રક્રિયા હેઠળ નિયુક્ત થનાર પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીની હાજરીવાળી પસંદગી સમિતિએ તેમના નામને અંતિમ સ્વરૂપ આપ્યું અને રાષ્ટ્રપતિને તેની ભલામણ કરી છે.

# વિક્રાંત મેસીએ કેમ્પસ એક્ટિવવેરના "Move Your Way" કેમ્પેઈનમાં બેકફ્લિપ કરી

સુરત

ભારતની અગ્રણી સ્પોર્ટ્સ અને એથલિઝર ફૂટવેર બ્રાન્ડ્સ પૈકીની એક કેમ્પસ એક્ટિવવેર લિમિટેડે આજે તેના "Move Your Way"બ્રાન્ડ અભિયાનના બીજાં તબક્કાનો પ્રારંભ કર્યો છે, જેમાં જાણીતા ભારતીય અભિનેતા વિક્રાંત મેસી છે. આ તબક્કો વ્યક્તિત્વ અને પ્રામાણિકતાને અપનાવવાના મુખ્ય સંદેશને વધુ વિસ્તૃત બનાવે છે. આ ફિલ્મ દર્શકોને એ વાતની યાદ અપાવે છે કે, જ્યારે આપણે પ્રમાણિકતાથી જીવન જીવીએ છીએ ત્યારે તે આપણને તેનો શિરપાવ આપવાના માર્ગ શોધી લે છે.




કેમ્પસ એક્ટિવવેરના ચીફ ઈનોવેશન ઓફિસર પ્રેરણા અગ્રવાલે આ અભિયાન વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, અમારું ÒMove Your WayÓ અભિયાન નક્કર સ્વ-અભિવ્યક્તિની ઉજવણી કરે છે, ફિલસૂફી પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા પર વધુ ભાર મૂકે છે, જે પોતાની જાત સાથે -માણિક રહેવાથી વધુ તકો મળે છે તેવી અમારી માન્યતાને પ્રતિબિંબિત કરે છે.

ÒMove Your WayÓએ માત્ર એક ઝુંબેશ નથી પરંતુ તેનાથી વિશેષ, એક આંદોલન છે, જે આજના યુવાનોને તેમના વ્યક્તિત્વને અપનાવવા માટે પ્રેરિત કરે છે.

આ અભિયાન અંગે પોતાના વિચારો જણાવતાં વિક્રાંત મેસીએ જણાવ્યું હતું કે, પ્રમાણિકતા હંમેશાં સૌથી મોટા ખજાનામાંથી એક રહ્યો છે,


જેમાં હું વિશ્વાસ ધરાવું છું, અને હું એક એવી બ્રાન્ડ સાથે ભાગીદારી કરવા માટે રોમાંચિત છું જે માત્ર આ માન્યતાને જ વેગ નથી આપતી, પરંતુ વ્યક્તિત્વને અપનાવવાની મારી પોતાની સફરને પણ -તિબિંબિત કરે છે.

## ચેમ્પિયન્સ ટ્રોફી પર આતંકી ખતરો તોળાઈ રહ્યો છે

# પાકિસ્તાને એર સ્ટ્રાઈક કરી છે, જેમાં ૧૦૦ લોકોના મોત

ઈસ્લામાબાદ, તા.૧૮

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પાકિસ્તાનમાં ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કરાચીના નેશનલ સ્ટેડિયમમાં રમાશે. ૨૯ વર્ષ બાદ આ પ્રથમ ICC ઈવેન્ટ છે, જેનું આયોજન પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યું છે. આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેવા માટે અફઘાનિસ્તાનની ટીમ પાકિસ્તાન પહોંચી છે, પરંતુ બીજી તરફ પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એર સ્ટ્રાઈક કરી છે. રિપોર્ટ અનુસાર, અડધી રાત્રે થયેલા આ હવાઈ હુમલામાં લગભગ ૧૦૦ લોકો માર્યા ગયા છે.




અફઘાનિસ્તાન પર પાકિસ્તાનના આ હવાઈ હુમલા બાદ ખેલાડીઓની સુરક્ષા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. અફઘાનિસ્તાનના ખેલાડીઓ હાલ પાકિસ્તાનમાં છે, પરંતુ બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં નવો વિવાદ ઉભો થયો છે.ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભાગ લેવા માટે અફઘાનિસ્તાનની ટીમ ૧૨ ફેબ્રુઆરીએ પાકિસ્તાન પહોંચી હતી. ચાર દિવસ પછી ૧૬ ફેબ્રુઆરીની રાત્રે પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં આતંકવાદી લક્ષ્યો પર હવાઈ હુમલા કર્યા. પાકિસ્તાની વાયુસેનાએ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન (TTP)ના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. મીડિયા અહેવાલો અનુસાર, હુમલામાં PAF લડાયક વિમાનો દ્વારા સરહદની બંને તરફ TTP સ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હવાઈ હુમલાઓ ઓછામાં ઓછા ત્રણ અલગ-અલગ સ્થળોએ પાકિસ્તાની વાયુસેનાના છ ફાઈટર જેટ દ્વારા કરવામાં આવ્યા હતા. જોકે, ઈસ્લામાબાદે હવાઈ હુમલા પર મૌન જાળવી રાખ્યું છે.

તમને જણાવી દઈએ કે છેલ્લા ૫-૬ વર્ષોમાં અફઘાનિસ્તાને ક્રિકેટમાં નવી ઊંચાઈઓ સ્પર્શી છે. તમે આ વાતનો અંદાજો એ પરથી લગાવી શકો છો કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં માત્ર ૮ ટીમો જ ભાગ લઈ રહી છે અને તેમાં અફઘાનિસ્તાનનું નામ સામેલ છે, જ્યારે શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ જેવી વર્લ્ડ કપ વિજેતા ટીમો ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગઈ છે. અફઘાનિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ગ્રુપ-બીમાં સ્થાન મળ્યું છે. આ ગ્રુપમાં તેનો સામનો ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ જેવી ખતરનાક ટીમો સામે થશે.

અફઘાનિસ્તાનની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં તેની સફર ૨૧ ફેબ્રુઆરીએ દક્ષિણ આફ્રિકા સામેની મેચથી શરૂ કરશે. આ મેચ કરાચીમાં રમાશે. અફઘાનિસ્તાનની બીજી મેચ ૨૬ ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ અને ૨૮ ફેબ્રુઆરીએ ઓસ્ટ્રેલિયા સામે લાહોરમાં રમાશે.

**અતિ મહત્ત્વની ચર્ચામાંથી યુક્રેનને જ બાકાત રખાયું**

# યુક્રેન યુદ્ધના અંત માટે રશિયા-US વચ્ચે વાટાઘાટો કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

રિયાધ, તા.૧૮

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં સમાધાન શોધવાના હેતુથી રશિયા અને અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ-રાજનેતાઓ વચ્ચે સાઉદી અરેબિયામાં મંગળવારથી વાટાઘાટો શરૂ થશે. શીતયુદ્ધના સમયથી રશિયાના સામા પક્ષે રહેતા અમેરિકાએ આ વખતે રશિયાને સાથે રાખીને શાંતિનો માર્ગ શોધવા પ્રયાસ શરૂ કર્યા છે, જે દાયકાઓ જૂની અમેરિકાની નીતિમાં મોટું પરિવર્તન છે. રશિયા અને અમેરિકા વચ્ચે વધી રહેલી નિકટતા અને યુરોપિયન રાષ્ટ્રો-અમેરિકાના સંબંધોમાં આવેલી ખટાશનો સ્પષ્ટ સંકેત રશિયા-અમેરિકાની વાટાઘાટોમાં મળી રહ્યો છે.

સાઉતી અરેબિયા ખાતે આજથી શરૂ થઈ રહેલી વાટાઘાટોથી યુક્રેન તથા સાથી યુરોપિયન રાષ્ટ્રોમાં ખળભળાટ મચી ગયો છે. વોશિંગ્ટન અને મોસ્કો વચ્ચેની શાંતિ મંત્રણામાં પોતાની માગણીઓ પર સકારાત્મક પ્રતિભાવ નહીં મળે તેવું લાગતા યુરોપિયન સંઘોની એક બેઠક બોલાવાઈ છે. ફ્રાન્સે બોલાવેલી આ ઈમરજન્સી બેઠક યુકે ખાતે યોજાવાની છે, જેમાં આ વાટાઘાટો પરત્વે પ્રતિક્રિયા આપવા સંદર્ભે વિચારણા થશે. રશિયાના વિદેશ મંત્રી સેરગે લાવરોવ અને પુતિનના વિદેશી બાબતોના સલાહકાર યુરી યુશાકોવ સોમવારે જ સાઉદી અરેબિયાના પાટનગર રિયાધ પહોંચી ગયા હતા. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો, સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝ અને વિશેષ રાજદૂત સ્ટીવ વિટકોફ રશિયાના પ્રતિનિધિ મંડળ સાથે મંત્રણા કરવાના છે.

રશિયાના પ્રવક્તાએ આ મંત્રણા અંગે જણાવ્યુ હતું કે, તેમાં મુખ્યત્વે અમેરિકા-રશિયાના સંબંધો પુનઃસ્થાપિત કરવા અને યુક્રેન સાથે સમાધાનનો માર્ગ શોધવા ચર્ચા થશે. આ બેઠકથી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચે મંત્રણાનો માર્ગ પણ મોકળો થશે. ટ્રમ્પના પુરોગામી જો બાઈડને યુક્રેન-રશિયા યુદ્ધમાં યુક્રેનનો પક્ષ લીધો હતો. યુદ્ધના છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન અમેરિકા અને રશિયા ફરી વખત શીત યુદ્ધના સમયમાં પાછા ફરી રહ્યા હોય તેમ લાગતું હતું. જો કે બાઈડનની નીતિઓથી સાવ વિપરિત ટ્રમ્પે રશિયાને લાડ લડાવવાની સાથે યુક્રેનની અવગણના કરી છે. મંત્રણા પૂર્વે જ રશિયાને રાહતના સમાચાર આપતાં સ્ટીવ વિટકોફે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યુ હતું કે, તેઓ રાષ્ટ્રપ્રમુખના નિર્દેશ મુજબ મંત્રણા કરી રહ્યા છે. ગત સપ્તાહે અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગ્સેથે રશિયાના પ્રમુખ પુતિનની બે માગણીઓને સમર્થન આપતા સ્પષ્ટ કહ્યું હતું કે, નાટોમાં યુક્રેનને સભ્ય બનાવવાનો વિચાર અવાસ્તવિક છે અને રશિયાએ જીતેલા પ્રદેશ પરત મેળવવાની આશા યુક્રેને રાખવી જોઈએ નહીં.

બે વર્ષ અગાઉ ભારત ખાતે જી-૨૦ સમિટ દરમિયાન રશિયા અને અમેરિકાના વિદેશમંત્રી વચ્ચે યુદ્ધ મામલે ૧૦ મિનિટની ટૂંકી ચર્ચા થઈ હતી. સ્વાભાવિકપણે આ ચર્ચાની ખાસ અસર જોવા મળી નહતી.

ટ્રમ્પ સરકારે જૂની પોલિસીમાં યુ ટર્ન લાવી દીધો છે. બીજી વખત પ્રમુખ બન્યા પછી ટ્રમ્પે ગત મંગળવારે પુતિન સાથે ફોન પર વાત કરી હતી અને પોતાના પ્રતિનિધિઓને મોકલી શાંતિ વાટાઘાટોનો દોર શરૂ કરવા તેઓ સંમત થયા હતા. આ એક ફોનના કારણે અમેરિકા અને રશિયા વચ્ચેની ત્રણ વર્ષ જૂની ખટાશ વિસરાઈ ગઈ હતી.ટ્રમ્પ સરકારના જૂના સાથી દેશો એવા યુરોપિયન યુનિયન અને યુક્રેન આ પગલાથી નારાજ થયા છે.

**નીતિન પટેલનું ચોંકાવનારું નિવેદન**

# સીદીસૈયદની જાળી સાથે ગુજરાતને કોઈ લેવાદેવા નથી

મહેસાણા, તા.૧૮

પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ તેમના નિવેદનોને લઈને સતત ચર્ચાનું કેન્દ્ર બનતા રહે છે. ત્યારે તેમણે કડી ખાતે આયોજિત ચુંવાળ બોતેર કડવા પાટીદાર સમાજના સમુહલગ્નમાં એક ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. નીતિન પટેલે કહ્યું કે સીદી સૈયદની જાળીનો ગુજરાત સાથે કોઈ સંબંધ નથી. જો કે આ મામલે હવે કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ પ્રતિક્રિયા આપી છે.ગુજરાત ટ્રાવેલ ગાઈડપ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે કડી ખાતે આયોજિત ચુંવાળ બોતેર કડવા પાટીદાર સમાજના સમુહલગ્નમાં ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું અગાઉની કોંગ્રેસ સરકાર મહેમાનોને સીદી સૈયદની જાળી ભેટમાં આપતી હતી, જેનો ગુજરાતની સંસ્કૃતિ સાથે કોઈ સંબંધ નથી. તેમણે આગળ કહ્યું કે હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ભેટમાં આપવામાં આવે છે.આગળ તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાની ભેટ આપવાનું કારણ કહ્યું તું કે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતીય એકતા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે આ વિચાર રજૂ કર્યો હતો અને આજે આ પ્રતિમા લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે. તેમણે કહ્યું, "સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા માત્ર શોભા માટે નથી, પરંતુ તેમાંથી સમાજની એકતા, સંગઠન અને વિકાસની પ્રેરણા મળે છે.

કોંગ્રેસ પર કટાક્ષ કરતાં નીતિન પટેલે કહ્યું કે, અગાઉની કોંગ્રેસ સરકાર મહેમાનોને સીદી સૈયદની જાળીની પ્રતિમા ભેટ આપતી હતી. આખા ગુજરાતને તેની સાથે કોઈ લેવા દેવા નથી, ગુજરાતની સંસ્કૃતિ સાથે કોઈ લેવા દેવા નથી. આપણા સનાતન ધર્મને તેની સાથે કોઈ લેવા દેવા નહી.

**ચીન આપણું દુશ્મન નથી : સામ પિત્રોડા**

# કોંગ્રેસ નેતા સામ પિત્રોડાના વિચિત્ર નિવેદનથી વિવાદ

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાહુલ ગાંધીના નજીકના સાથી સામ પિત્રોડાના નિવેદન પર વિવાદ ઉભો થયો છે. પિત્રોડાએ કહ્યું કે, ચીન તરફથી ખતરો છે તેવું કહેવું ઘણીવાર અતિશયોક્તિપૂર્ણ હોય છે. હવે સમય આવી ગયો છે કે આપણે આપણા પાડોશી દેશને ઓળખીએ અને તેનું સન્માન કરીએ. ભારતે પોતાની માનસિકતા બદલવાની અને ચીન દુશ્મન છે તેવી ધારણા છોડી દેવાની જરૂર છે. એ જરૂરી નથી કે આપણે હંમેશા ચીનને આપણો દુશ્મન માનીએ. પિત્રોડાના આ નિવેદન પર ભાજપે સમગ્ર કોંગ્રેસ પાર્ટીને ઘેરી લીધી છે. પિત્રોડાએ કહ્યું હતું કે, 'મારું માનવું છે કે હવે સમય આવી ગયો છે કે બધા દેશોએ સહયોગ કરવો જોઈએ, અથડામણ નહીં. શરૂઆતથી જ અમારો અભિગમ સંઘર્ષાત્મક રહ્યો છે અને આ વલણ દુશ્મનો પેદા કરે છે. આપણે આ માનસિકતા બદલવાની જરૂર છે અને એવું માનવું બંધ કરવાની જરૂર છે કે ચીન પહેલા દિવસથી જ દુશ્મન રહ્યું છે.' પિત્રોડાની આ ટિપ્પણી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની તાજેતરની બેઠકને લગતી ચર્ચાઓ વચ્ચે આવી છે, જેમાં ભારત-ચીન સરહદી તણાવ પર ચર્ચાનો સમાવેશ થાય છે.કોંગ્રેસે સોમવારે પોતાના નેતા સેમ પિત્રોડાના ચીન પરના નિવેદનોથી પોતાને દૂર રાખતા કહ્યું કે તે પાર્ટીના મંતવ્યો નથી. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના મહાસચિવ જયરામ રમેશે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સામ પિત્રોડાએ ચીન પર જે વિચારો વ્યક્ત કર્યા છે તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વિચારો નથી. ચીન આપણી મુખ્ય વિદેશ નીતિ, બાહ્ય સુરક્ષા અને આર્થિક પડકાર છે. કોંગ્રેસે મોદી સરકારના ચીન પ્રત્યેના અભિગમ પર વારંવાર પ્રશ્નો ઉઠાવ્યા છે,

જેમાં 19 જૂન, 2020ના રોજ પીએમ દ્વારા જાહેર ક્લીનચીટનો પણ સમાવેશ થાય છે.પિત્રોડાના નિવેદન પર ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે સામ પિત્રોડાએ કોંગ્રેસ પાર્ટીના ચીન સાથેના કરારનો ખુલ્લેઆમ પર્દાફાશ કર્યો છે. ગંભીર વાત એ છે કે સામ પિત્રોડાએ જે કંઈ કહ્યું છે તે ભારતની અસ્મિતા, રાજદ્વારી અને સાર્વભૌમત્વ માટે મોટો આઘાત છે. રાહુલ ગાંધીએ વિદેશમાં પણ આવા જ ઘણા નિવેદનો આપ્યા છે. થોડા સમય પહેલા તેમના વિદેશ પ્રવાસ દરમિયાન તેમણે કહ્યું હતું કે ચીને બેરોજગારીની સમસ્યાને ખૂબ સારી રીતે હલ કરી છે.

**નોટિસ વગર સરકારે મસ્જિદનો કેટલોક ભાગ તોડી નાખ્યાનો આક્ષેપ**

# મસ્જિદના ડીમોલિશન બદલ UP સરકારને સુપ્રીમની કન્ટેમ્પ્ટ નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકારી તંત્ર સામે કન્ટેમ્પ્ટ (કોર્ટની અવમાનના) કાર્યવાહી શા માટે હાથ ન ધરવી તે માટે નોટિસ આપી છે. સ્થાનિક તંત્ર દ્વારા કુશીનગર ખાતે મસ્જિદનો કેટલોક ભાગ તોડી નાખવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજી પર સુનાવણી હાથ ધરતાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી આર ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચે કોર્ટના આગામી આદેશ સુધી મસ્જિદ ડીમોલિશનની કાર્યવાહી સ્થગિત કરવાના નિર્દેશ પણ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે ગત વર્ષે ૧૩ નવેમ્બરના રોજ સમગ્ર દેશમાં મિલકતોના ડીમોલિશન માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. જેમાં કાર્યવાહી હાથ ધરતા પહેલા અસરગ્રસ્ત પક્ષકારને ૧૫ દિવસ પહેલાં નોટિસ આપવા અને તેમની રજૂઆત સાંભળવા સ્થાનિક સત્તામંડળોને નિર્દેશ અપાયા હતા. ઉત્તર પ્રદેશના કુશીનગર ખાતે તંત્ર દ્વારા કોર્ટની આ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થયું હોવાનો દાવો અરજીમાં કરાયો છે.એડવોકેટ અબ્દુલ કાદિર અબ્બાસી દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ છે, જેમાં ૯ ફેબ્રુઆરીના રોજ કુશીનગર ખાતે મદની મસ્જિદનું ડીમોલિશન કરવાની તંત્રની કાર્યવાહીને અન્યાયી ગણાવવામાં આવી છે. અરજદાર મસ્જિદ તરફથી રજૂઆત કરાઈ હતી કે, મ્યુનિસિપલ સત્તામંડળની મંજૂરી સાથે ૧૯૯૯માં મસ્જિદ બનાવવામાં આવી હતી. આ મસ્જિદને તોડતા પહેલાં તંત્ર દ્વારા નોટિસ અપાઈ ન હતી. તંત્રનું આ વલણ કુદરતી ન્યાય અને મૂળભૂત અધિકારીના ભંગ સમાન હોવાનો દાવો કરાયો હતો. મસ્જિદના નિર્માણ માટે ૧૯૮૮થી ૨૦૧૩ દરમિયાન ચાર અલગ-અલગ તબક્કામાં જમીન ખરીદવામાં આવી હતી. ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં સ્થાનિક રાજકારણીએ આ મસ્જિદને સરકારી જમીન પર બનાવાઈ હોવાનો દાવો કરાયો હતો. મસ્જિદ સંકુલના પ્લાનને ૧૯૯૯માં હાતા પંચાયતે મંજૂરી આપી હતી.

**દરોડા દરમિયાન રૂ બે કરોડની રોકડ અને જ્વેલરી જપ્ત**

# કફ સિરપ ડ્રગ્સ કેસમાં ઈડીના અનેક રાજ્યોમાં દરોડા : બેની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ જણાવ્યું હતું કે ઉત્તરી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન તેણે એવા બે આરોપીઓની ધરપકડ કરી છે જે નાર્કોટિસ કન્ટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા દાખલ કરવામાં આવેલ માદક પદાર્થના એક કેસમાં વોન્ટેડ હતા. દરોડા દરમિયાન બે કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી પણ જપ્ત કરવામાં આવી છે. ઈડીએ કોડીન બેઝ્ડ કફ સિરપ (સીબીસીએસ)ના વેચાણ અને તેની ગેરકાયદે આવકમાં સંડોવાયેલા રઈસ એહમદ ભાટ અને અન્યથી સંબધિત કેસમાં જમ્મુ-કાશ્મીર, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં ૧૩ ફેબ્રુઆરીએ દરોડા પાડયા હતાં. એનસીબી દ્વારા સીબીએસસીના તસ્કરીના એક કેસમાં દાખલ કરવામાં આવેલ ફરિયાદ પછી ઈડી આ કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે.

માદક દવાઓ લેવાની ટેવ ધરાવતા લોકો સીબીએસસીનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યાં છે. ઉધરસની દવાની બ્રાન્ડ કોકરેક્સ હિમાચલ પ્રદેશના સિરમોરમાં તેના નિર્માતા વિદિત હેલ્થકેર પાસેથી ગેરકાયદે ખરીદવામાં આવી હતી.

તેનો મેનેજિંગ પાર્ટનર હરિયાણાના પાનીપતનો રહેવાસી નીરજ ભાટીયા છે. એજન્સીએ દાવો કર્યો છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન કંસલ ઈન્ડસ્ટ્રીઝ, કંસલ ફાર્માસ્યુટિકલ્સ, એન કે ફાર્માસ્યુટિકલ્સ, નોવેટા ફાર્મા અને એસ એસ ઈન્ડસ્ટ્રીઝ વિદિત હેલ્થકેર પાસેથી કફ સિરપ ખરીદી રહી હતી અને તેને ગેરકાયદેસર રીતે વિતરિત કરી રહી હતી. એન કે ફાર્માસ્યુટીકલ્સ અને અન્ય સંસ્થાઓએ ૨૦૧૯-૨૫ની વચ્ચે વિદિત હેલ્થકેરને ૨૦ કરોડ રૂપિયાથી વધુની ચુકવણી કરીને સીબીસીએસની ૫૫ લાખ બોટલ ખરીદી હતી.

**ક્રિપ્ટો ખરીદનાર ગાંધીનગરના**

# યુવાનને સાયબર ક્રાઈમે રૂ.૭૫ લાખ પરત અપાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧૮

USમાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર બનવાનાં ઉન્માદમાં સ્ટોક માર્કેટ ઊંચકાવાનાં વિશ્વાસ સાથે ગાંધીનગરના યુવાને અમેરિકાની કંપની પાસેથી 40 લાખનાં ક્રિપ્ટો કોઈનની ખરીદી કરી હતી. તેની સામે ટૂંકા ગાળામાં યુવકને સીધો ત્રીસ લાખનો ફાયદો થયો હતો. પરંતુ અમેરિકાની કંપનીએ KYC સહિતના ટેકનિકલ કારણો દર્શાવી 75 લાખ ચૂકવવામાં દોઢ મહિના સુધી ગલ્લાતલ્લા કર્યા હતાં. આ મામલો ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સુધી પહોંચતા યુવાનને 75 લાખ પરત અપાવ્યા હતાં. ગાંધીનગરના યુવાને કોલ્ડ વોલેટ થકી અમેરિકાની જાણીતી ક્રિપ્ટો- બીટકોઈન ટ્રેડિંગ કંપની changelly. Com પાસેથી રૂ. 40 લાખના XRP coin ખરીદ્યા હતા. બાદમાં ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાનું સુકાન સંભાળતા ત્યાંનું શેર માર્કેટ ઊંચુ ગયું હતું. જેનાં લીધે એક XRP coin નો ભાવ 75 હજાર પહોંચી જતા ગાંધીનગરના યુવાનને ટૂંકા ગાળામાં 30 લાખનો નફો થયો હતો. જે રકમ તેના કોલ્ડ વોલેટમાં ડિસ્પ્લે થતી હતી. તે પરત લેવા માટે યુવાને changelly. Com ને ઈમેલ કરતા કંપનીએ KYC સહિતના ટેકનિકલ કારણો દર્શાવીને રૂ. 75 લાખ પરત કરવાનો ઈન્કાર કરી દીધો હતો. દોઢ મહિનો થવા છતાં અમેરિકાની કંપની તરફથી પૈસા પરત કરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. જેથી યુવાને ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે હકીકત જણાવી હતી. તે જાણી રેન્જ આઈજી વીરેંદ્રસિંહ યાદવ અને એસપી રવિ તેજા વાસમસેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ પીઆઈ જે.કે રાઠોડ અને તેમની ટીમે અમેરિકાની changelly. Com કંપનીનો ઈતિહાસ જાણી કંપનીના લીગલ ડિપાર્ટમેન્ટનાં સંપર્કો શોધી આધાર પુરાવા સાથે પોલીસની ભાષામાં સીધો કંપનીના લીગલ ડિપાર્ટમેન્ટને ઈમેલ કર્યો હતો. ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમમાંથી ઈમેલ મળતા માત્ર ચાર કલાકમાં કંપનીએ યુવાનના વોલેટમાં રૂ. 75 લાખ ટ્રાન્સફર કરી દીધા હતા.ઓનલાઈન ળોડનાં અનેક કિસ્સા સામે આવે છે. પરંતુ ભોગ બનનાર વ્યક્તિ સાયબર ક્રાઈમ પોલીસનો સમયસર સંપર્ક કરે તો ઓનલાઈન માધ્યમથી ગયેલા પૈસા પરત અપાવવાનાં ચાન્સ વધી જાય છે. જેથી ઓનલાઈન ળોડનાં કિસ્સામાં ભોગ બનનારે સહેજ પણ શરમ સંકોચ રાખ્યા વિના સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરવો હિતાવહ છે તેમ પીઆઈ રાઠોડે જણાવ્યુ હતું.

**સુપ્રીમ કોર્ટની કેન્દ્રને ટકોર**

# યુટ્યુબ પર અશ્લીલ વીડિયોઝ મુદ્દે એક્શન લે સરકાર: સુપ્રીમ

યુટ્યુબ શોમાં રણવીર અલ્હાબાદિયા દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી પર આજે(૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. યુટ્યુબ પ્લેટફોર્મ પર ફેલાતી અશ્લીલતાને ધ્યાનમાં લેતાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મામલે કડક વલણ અપનાવવા નિર્દેશ કર્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે, 'શું તે યુટ્યુબ પર ફેલાયેલા અશ્લીલ કન્ટેન્ટ અંગે કોઈ પગલું લેવા માગે છે?'

જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વવાળી બેન્ચે ડિજિટલ પ્લેટફોર્મના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતે એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટીને કહ્યું હતું, 'અમે ઈચ્છીએ છીએ કે તમે (સરકાર) કંઈક કરો. જો સરકાર કંઈક કરવા તૈયાર હશે તો અમને આનંદ થશે. નહિંતર, આ કહેવાતી YouTube ચેનલ અને યુટ્યૂબર્સ તેનો દુરુપયોગ કરતાં જ રહેશે.'

કોર્ટે એટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા પાસેથી પણ મદદ માગી છે કે, આપણે આ મુદ્દાના મહત્વ અને સંવેદનશીલતાને નજરઅંદાજ કરવો જોઈએ નહીં. કેન્દ્ર સરકારે આ મુદ્દાને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ કાયદો ઘડવો જોઈએ. પાર્લામેન્ટરી સ્ટેન્ડિંગ કમિટી ઓન ઈન્ફોર્મેશન ટેક્નોલોજી કાયદાને મજબૂત કરવા માટે કેન્દ્રને પત્ર લખવાનું વિચારી રહી છે.

**ગોમતીપુરના દંપતીએ સુરતના એક શખ્સ પાસેથી ગાંજો વેચવા લીધો હતો**

# ઘરની તિજોરીના લોકરમાં છૂપાવેલા ૪ કિલો ગાંજા સાથે દંપતીની ધરપકડ

અમદાવાદ, તા.૧૮

ગોમતીપુર વિક્રમ મિલની ચાલીમાં ગાંજા સાથે દંપતી ઝડપાઈ ગયું છે. આ દંપતીએ ઘરમાં તિજોરીના લોકરમાં એક સ્કૂલ બેગ મૂકી હતી અને તેમાં ગાંજો છુપાવ્યો હતો. આ જથ્થો સુરતના એક શખ્સ પાસેથી લીધો હોવાનું ખૂલતા તેની સામે પણ ગુનો નોંધાયો છે.ગોમતીપુર પોલીસના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ કે.એમ. ચૌધરીએ બાતમીના આધારે આ દરોડો પાડ્યો હતો. રૂ.૪૨ હજારના ૪.૨૯૨ કિલો ગાંજા સાથે દંપતીની ધરપકડ થઈ છે. ગોમતીપુરમાં આવેલી વિક્રમ મિલની ચાલીમાં રહેતા સૂરજ ઉર્ફે ટકલો દિવાકર (ઉં. ૨૯) અને સીમા સૂરજ દિવાકર (ઉં. ૨૬) ઘરેથી ગાંજાનો ગેરકાયદે ધંધો કરતા હોવાની બાતમી પોલીસને મળી હતી. તેના આધારે દરોડા પાડવામાં આવ્યો હતો. બેડરૂમમાં લોખંડની તિજોરીના લોકરમાં સ્કૂલ બેગ મળી હતી. તે ખોલતાની સાથે જ ગાંજાનો જથ્થો મળ્યો હતો. દંપતી સુરતથી આ ગાંજો વેચવા લાવ્યા હતા. પ્લાસ્ટિકની ઝીપર બેગમાં ભરી ગાંજો વેચવામાં આવતો હતો.પૂર્વ અમદાવાદ અને તેમાંય ખાસ કરીને ગોમતીપુરમાં આવેલી કેટલીક ચાલીમાં આ જ પ્રકારે નશાની દુકાનો ધમધમી રહી છે. અનેક વખત લોકોએ સ્થાનિક પોલીસને રજૂઆત કરી છે છતાં પણ નશાના કાળા કારોબાર ચલાવનારા તત્ત્વો સામે કોઈ દાખલારૂપ કામગીરી કરવામાં આવી હોય તેવું જાણાયું નથી.

**વિદ્યાર્થીઓને બળજબરીથી કેમ્પસ બહાર કાઢી મૂકતાં વિવાદ**

# યુનિવર્સિટીમાં નેપાળની વિદ્યાર્થિનીના આપઘાતથી છાત્રાઓમાં ભારે રોષ

ભુવનેશ્વર, તા.૧૮

ઓડિશાના ભુવનેશ્વરની કેઆઈઆઈટી યુનિવર્સિટીમાં બબાલ પેદા થઈ છે. ગર્લ્સ હોસ્ટેલમાં થર્ડ યર બી.ટેક (મિકેનિકલ)માં અભ્યાસ કરતી ૨૦ વર્ષીય વિદ્યાર્થિની પ્રકૃતિ લમ્સાલે રવિવારે રાત્રે કથિત રીતે આપઘાત કર્યો છે. આ ઘટનાના કેટલાક કલાક પછી યુનિવર્સિટીના વહીવટી તંત્રે એક વિવાદિત નિર્ણય લઈને તમામ નેપાળી વિદ્યાર્થીઓને તાત્કાલિક પરિસર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. નેપાળી વિદ્યાર્થીઓને ઉતાવળમાં સામાન પેક કરીને વગર ટિકિટે બસો અને ટ્રેનોમાં બેસાડીને રવાના કરી દેવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના આ નિર્ણયને લીધે વિદ્યાર્થીઓમાં અફરા-તફરી અને ભયનો માહોલ પેદા થયો છે. નેપાળના વડાપ્રધાન કે પી શર્મા ઓલીએ દરમિયાનગીરી કરવી પડી છે. તેમણે નેપાળના દૂતાવાસથી બે અધિકારીઓને નેપાળના વિદ્યાર્થીઓના કાઉન્સિલિંગ માટે મોકલ્યા છે. આ દરમિયાન કેઆઈઆઈટી ડિમ્ડ યુનિવર્સિટીના અસંખ્ય વિદ્યાર્થીઓએ સોમવારે સવારે કોલેજની સામે ઉગ્ર દેખાવો કર્યા હતા અને આક્ષેપ લગાવ્યા હતા કે અધિકારીઓએ એક મહિના પહેલા મૃતક વિદ્યાર્થી નોંધાવેલી ફરિયાદની ધ્યાને લીધી ન હતી. પોલીસના અધિકારીઓના મતે પ્રથમ દૃષ્ટિએ આપઘાતનો મામલો છે. ભુવનેશ્વરના ડીસીપી પિનાક મિશ્રાએ કહ્યું કે આપઘાત માટે ઉશ્કેરવામાં કથિત ભૂમિકા નિભાવનાર આરોપી યુવક અદ્વિક શ્રીવાસ્તવની અટકાયત કરવામાં આવી છે. શ્રીવાસ્તવ કેટલાય મહિનાથી પીડિતાને પરેશાન કરી રહ્યો હતો. આ પરેશાનીને લઈને પીડિતા(વિદ્યાર્થિની) માનસિક તણાવમાં રહેતી હતી અને તેણીએ યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ રિલેશન્સ(આઈઆર) વિભાગ પાસે મદદ માંગી હતી, પરંતુ પીડિતાને યુનિવર્સિટી તરફથી કોઈ મદદ મળી નહીં. આ મામલામાં મીડિયા કર્મીઓ સાથેની વાતચીતમાં કેઆઈઆઈટી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર જ્ઞાન રંજન મોહંતીએ કહ્યું કે પીડિતા આરોપી સાથે સંબંધમાં હતી. એ પોતાના સાથી(આરોપી) સાથેના તણાવપૂર્ણ સંબંધોને લીધે તણાવમાં રહેતી હતી, જેના કારણે તેણીએ આ પગલું ભર્યું. પીડિતાનો રૂમમાં સીલ કરી દેવામાં આવ્યો અને પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

**પીડિતાનો રૂમમાં સીલ કરી દેવામાં આવ્યો અને પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે, પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે**

## સાઉદી અરેબિયામાં મીટિંગ બાદ રશિયાનું મોટું નિવેદન

# જરૂર પડશે તો ઝેલેંસ્કી સાથે સીધા જ વાત કરશે પુતિન

મોસ્કો, તા.૧૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સત્તામાં એન્ટ્રી બાદ ગત ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં નવો વળાંક આવતો નજર આવી રહ્યો છે. રશિયાએ આ યુદ્ધને લઈને મંગળવારે મોટું નિવેદન આપ્યું છે.

ક્રેમલિને મંગળવારે કહ્યું છે કે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન જરૂર પડ્યા પર વોલોડિમિર ઝેલેંસ્કી સાથે વાત કરવા માટે તૈયાર છે. જોકે આ દરમિયાન રશિયાએ યુક્રેન પ્રમુખ તરીકે ઝેલેંસ્કીની કાયદેસરતા પર પણ સવાલ ઊભા કર્યા છે. સુરક્ષાના વ્યાપક મુદ્દે વાત કર્યા વિના યુક્રેન યુદ્ધનો કોઈ ઉકેલ નીકળી શકશે નહીં.

મંગળવારે ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે મીડિયા સાથે વાતચીત દરમિયાન કહ્યું, પુતિને પોતે કહ્યું છે કે જો જરૂર પડી તો તે ઝેલેંસ્કીની સાથે વાતચીત કરવા માટે તૈયાર છે. જોકે કરારના કાયદેસર આધાર પર ચર્ચાની જરૂર છે કેમ કે હકીકત એ છે કે ઝેલેંસ્કીની કાયદેસરતા પર સવાલ ઉઠાવવામાં આવી શકે છે. રાષ્ટ્રપતિના રૂપમાં ઝેલેંસ્કીનો પાંચ વર્ષનો કાર્યકાળ ગયા વર્ષે ખતમ થઈ ગયો હતો. જોકે યુક્રેની કાયદા અનુસાર માર્શલ લો લાગુ રહેતા રાષ્ટ્રપતિ ચૂંટણી આયોજિત કરાવવાની જરૂર હોતી નથી.

રશિયાએ ઘણા અવસરે આની પર સવાલ ઉઠાવ્યા છે અને એટલે સુધી કહ્યું છે કે રશિયા તેમને કાયદેસરના રાષ્ટ્રપતિ તરીકે જોતું નથી. આ દરમિયાન રશિયાએ એ પણ કહ્યું કે રશિયા યુક્રેનને યુરોપીય સંઘમાં સામેલ થવાથી રોકશે નહીં. અમે યુક્રેનનો નાટોનો ભાગ બનવાનો વિરોધ કરતા રહીશું. યુક્રેનના યુરોપીય સંઘમાં સામેલ થવાના સંબંધમાં રશિયાને કોઈ વાંધો નથી. આ કોઈ પણ દેશનો સાર્વભૌમ અધિકાર છે. કોઈ પણ બીજા દેશને આદેશ આપી શકતાં નથી અને અમે આદેશ આપવાનું આયોજન બનાવી રહ્યાં નથી પરંતુ જ્યારે સુરક્ષાનો મુદ્દો અને સૈન્ય ગઠબંધનોની વાત આવે છે તો એ સંપૂર્ણ રીતે અલગ છે. અહીં અમારો એક અલગ દ્રષ્ટિકોણ છે જે સામે છે. આ પહેલા અમેરિકા અને રશિયાના અધિકારીઓએ મંગળવારે સાઉદી અરેબિયામાં એક હાઈ પ્રોફાઈલ મીટિંગ કરી છે. આ બેઠકમાં યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને ખતમ કરવા અને સંબંધોને સારા બનાવવા માટે વાતચીત શરૂ કરવામાં આવી છે. રિયાધના દિરિયાહ પેલેસમાં થયેલી આ બેઠક ટ્રમ્પ તંત્ર દ્વારા રશિયાને અલગ કરવાની અમેરિકન નીતિને બદલવાની દિશામાં વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

તેનો હેતું અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની વચ્ચે વાતચીતનો માર્ગ બનાવવાનો પણ છે. જોકે યુક્રેનના અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો નથી. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેંસ્કીએ સોમવારે કહ્યું છે કે જો યુક્રેન કોઈ ચર્ચામાં ભાગ નહીં લે તો વાતચીતનું કોઈ પણ પરિણામ અમને સ્વીકાર હશે નહીં.

## રાજુલા અને જાફરાબાદમાં કોંગ્રેસના સૂપડા સાફ

# હાલોલ નગરપાલિકાની તમામ ૩૬ બેઠક પર ભાજપનો વિજય

ગાંધીનગર, તા.૧૮

ઉત્તર ગુજરાતમાં ભાજપનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. ખેરાલુ અને વડનગર નગરપાલિકામાં ભાજપે જીત મેળવી હતી. મહેસાણાની બંને નગરપાલિકા પર ભાજપે જીત મેળવી હતી. ખેરાલુ અને વડનગર પાલિકામાં પણ ભાજપનું શાસન રહેશે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન રહેશે. ગાંધીનગરની ૨૮ પૈકી ૨૦ પર ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો. ગાંધીનગરની ૨૮ પૈકી ૮ પર કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો હતો.

સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં સોળે કળાએ કમળ ખિલ્યું હતું. પ્રાંતિજમાં ૨૪ પૈકી ૧૯ બેઠક પર ભાજપે જીત મેળવી હતી.

તલોદમાં ૨૪ પૈકી ૨૨ બેઠક ભાજપના ફાળે ગઈ હતી. ખેડબ્રહ્મામાં ૨૮ પૈકી ૧૭ બેઠક ભાજપના ફાળે આવી હતી. વલસાડની ૪૪માંથી ૪૧ બેઠક પર ભાજપની જીત થઈ હતી. પારડીની ૨૮માંથી ૨૨ બેઠક પર ભાજપની જીત થઈ હતી. નવસારી જિલ્લાની બિલીમોરા નગરપાલિકામાં ભાજપની જીત થઈ હતી.

અમરેલી જિલ્લાની ચારેય નગરપાલિકા પર ભાજપે સત્તા મેળવી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અમરેલી જિલ્લાની ચારેય નગરપાલિકા પર ભાજપનો દબદબો જોવા મળ્યો હતો. રાજુલા અને જાફરાબાદમાં કોંગ્રેસના સૂપડા સાફ થયા હતા. તે સિવાય જામજોધપુરમાં કોંગ્રેસના સૂપડા સાફ થયા હતા. જામજોધપુરની ૨૮ પૈકી ૨૭ પર ભાજપ, એક પર AAPનો વિજય થયો હતો.

રાપર નગરપાલિકામાં ભાજપે કબજો જમાવ્યો હતો. તલોદની ૨૪ પૈકી ૨૨ બેઠક પર ભાજપના ફાળે આવી હતી. પાટણ જિલ્લાની ત્રણેય નગરપાલિકા પણ ભાજપે જીતી હતી. ચાણસ્મા, હારીજ અને રાધનપુર નપામાં ભાજપનો વિજય થયો હતો. રાધનપુર નગરપાલિકા ભાજપે કોંગ્રેસ પાસેથી છીનવી હતી.

પંચમહાલના હાલોલ નગરપાલિકાની તમામ ૩૬ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. હાલોલ નગરપાલિકામાં કુલ ૯ વોર્ડના ૩૬ બેઠકો પૈકી ૨૧ બિનહરીફ થઈ હતી. ૧૫ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં તમામ બેઠકો ભાજપે કબજે કરી હતી. હાલોલ નગરપાલિકામાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષોનો સફાયો થયો હતો.

## મુસ્લિમ બિરાદરો માટે મોટો નિર્ણય

# રમઝાન મહિનામાં મુસ્લિમ કર્મચારીઓને ઓફિસમાંથી ૪ વાગ્યા બાદ મળશે છુટ્ટી

### તેલંગાણામાં કામકાજના સ્થળોએ એક કલાકની છૂટ રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરોને મળશે

રાજ્ય સરકારના સરકારી વિભાગો અને સાર્વજનિક ક્ષેત્રના એકમો તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ મુસ્લિમ કર્મચારીઓને પવિત્ર રમઝાન માસ દરમિયાન એક કલાક વહેલા એટલે કે સાંજે ૪ વાગ્યે જવાની છૂટ મળશે. આ છૂટ ૨જી માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની રહેશે

તેલંગાણા સરકારે રમઝાન મહિનામાં મુસ્લિમ કર્મચારીઓન વહેલા ઓફિસ છોડવની છૂટ આપી છે.

રાજ્ય સરકારે તમામ સરકારી વિભાગો, સાર્વજનિક ક્ષેત્રો અને શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ મુસ્લિમ કર્મચારીઓને રમઝાનના પવિત્ર માસ દરમિયાન એક કલાક વહેલા એટલે કે સાંજે ૪ વાગ્યે તેમની ઓફિસો અને શાળા છોડવાની મંજૂરી આપી છે. આ છૂટ ૨ માર્ચ, ૨૦૨૫થી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી લાગુ રહેશે.

**તંત્રી લેખ**

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા સત્તાવાર પરિપત્ર મુજબ, આ નિર્ણય સરકારી મુસ્લિમ કર્મચારીઓ, શિક્ષકો, કર્મચારીઓ તેમજ બોર્ડ, કર્મચારીઓને પણ લાગુ પડે છે. કરાર અને આઉટસોર્સિંગ કોર્પોરેશન અને જાહેર ક્ષેત્રના આ પગલાનો હેતુ રમઝાન દરમિયાન ધાર્મિક વિધિઓ અને આવશ્યક પ્રાર્થનાઓને વધુ સુવિધાજનક બનાવવાનો છે. આ વખતે રમઝાન મહિનો ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે જે ૨૯ માર્ચ સુધી ચાલશે.

ભાજપના અમિત માલવિયાએ તેને તુષ્ટિકરણની રાજનીતિ ગણાવી છે. ઠ પર એક પોસ્ટમાં, તેમણે કહ્યું, 'તેલંગાણા સરકારે રમઝાન દરમિયાન મુસ્લિમ કર્મચારીઓ માટે કામના કલાકોમાં છૂટછાટને મંજૂરી આપી છે. જ્યારે હિંદુઓ નવરાત્રિ દરમિયાન ઉપવાસ કરે છે, ત્યારે તેમને ક્યારેય આવી કોઈ છૂટ આપવામાં આવતી નથી. આ નિર્ણય કોઈ એક સમુદાયની ધાર્મિક માન્યતાઓ પ્રત્યે સંવેદનશીલ હોવા અંગેનો નથી, પરંતુ તેને માત્ર મતબેંક સુધી મર્યાદિત રાખવાનો છે. આનો વિરોધ થવો જોઈએ.

ઈસ્લામિક કેલેન્ડરનો નવમો મહિનો રમઝાન મહિનો કહેવાય છે. આ મહિનાની શરૂઆત ચાંદ દેખાયા બાદ થાય છે. રમઝાન દરમિયાન, મુસ્લિમ લોકો રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરે છે. રમઝાન મહિનો પૂરો થયા બાદ સમગ્ર વિશ્વમાં ઈદનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે. રમઝાનમાં, મુસ્લિમો દિવસભર રોઝા રાખવા માટે સૂર્યોદય પહેલા જ સેહરી ખાઈ લે છે, ત્યારબાદ તેઓ આખો દિવસ ભૂખ્યા અને તરસ્યા રહે છે અને ખુદાના નામનો જાપ કરે છે. સાંજે ઈફ્તાર દરમિયાન રોઝા ખોલવામાં આવે છે.

ઈસ્લામિક માહિતી અનુસાર, રોઝા રાખવા એ એ ઈસ્લામના પાંચ મૂળભૂત સિદ્ધાંતોમાંથી એક છે. તમામ મુસ્લિમો માટે આ પાંચ સિદ્ધાંતોનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પાંચ સિદ્ધાંતોમાં નમાઝ, દાન, આસ્થા, હજ અને રોઝાનો સમાવેશ થાય છે.

## ભાજપ નેતાએ વીડિયો સાથે કર્યો દાવો

# AC, TV, ખુરશી બધુ ઉઠાવી ગયા મનિષ સિસોદિયા



નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીમાં ૮ ફેબ્રુઆરીએ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. ભાજપ ૨૭ વર્ષ પછી સત્તામાં પાછી આવી છે. પરંતુ ચૂંટણી પછી પણ AAP અને ભાજપ વચ્ચે આરોપ-પ્રત્યારોપોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ દરમિયાન આજે સોમવારે પટપડગંજના ભાજપ ધારાસભ્ય રવિન્દ્ર નેગીએ પૂર્વ ધારાસભ્ય અને નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા પર મોટો આરોપ લગાવ્યો છે. રવિન્દ્ર નેગીએ જણાવ્યું હતું કે, મનીષ સિસોદિયાએ વિધાનસભા કેમ્પ ઓફિસમાંથી એસી, ટીવી, ટેબલ, ખુરશી અને પંખાની ચોરી કરીને લઈ ગયા છે. તેમણે કહ્યું કે, તેઓ આ મામલે સિસોદિયાને કાયદાકીય નોટિસ મોકલશે.

હાલમાં જ રવિન્દ્ર નેગીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું છે કે, 'AAP ના પૂર્વ પટપડગંજ ધારાસભ્ય મનીષ સિસોદિયાએ ચૂંટણી પહેલા જ પોતાનો અસલી ચહેરો બતાવી દીધો હતો. ધારાસભ્યના કાર્યાલયમાંથી એસી, ટીવી, ટેબલ, ખુરશીઓ અને પંખાની ચોરી કરી લીધી હતી. તેમના ભ્રષ્ટાચારની સીમાએ હવે બધી હદો વટાવી ગયો છે. નેગીએ સિસોદિયા અને તેમની ટીમ પર આરોપ લગાવતા કહ્યું, 'તેઓએ ઓફિસમાંથી વસ્તુઓ ગાયબ કરી દીધી.' ઓફિસ સાવ ખાલી છે. આ લોકો ચોર છે, તેમને એ વાતની પણ શરમ નથી કે, આગામી ધારાસભ્ય ક્યાં બેસશે.' પટપડગંજના ધારાસભ્યએ કહ્યું કે, ઓફિસમાંથી ગુમ થયેલી વસ્તુઓમાં ૨૫૦-૩૦૦ ખુરશીઓ, રુપિયા ૨થી ૩ લાખની કિંમતનું ટીવી અને ૧૨ લાખ રુપિયાની કિંમતની સાઉન્ડ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સિસોદિયા અને તેમની ટીમે માત્ર સરકારી મિલકત તો લીધી છે, પરંતુ આ સાથે સરકારી મિલકતને નુકસાન પણ પહોંચાડ્યું અને દરવાજા પણ તોડી નાખ્યા. ઉલ્લેખનીય છે કે, આ વખતે છછઁ એ પટપડગંજથી અવધ ઓઝાને ટિકિટ આપી હતી. ધારાસભ્ય મનીષ સિસોદિયાએ જંગપુરાથી આ બેઠક પરથી ચૂંટણી લડી હતી. નેગીએ અવધ ઓઝાને ૨૮,૦૭૨ મતોથી હરાવ્યા હતા.

## નવેમ્બરમાં બ્યુટીફીકેશન માટે ૧.૯૨ કરોડની મંજૂરી

# ઉનાળા પહેલાં જ આણંદનું લોટેશ્વર તળાવ સૂકાયુ

આણંદ, તા.૧૮

આણંદના લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે પાલિકા દ્વારા નવેમ્બર મહિનામાં રૂ.૧.૯૨ કરોડના કામની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, તળાવમાંથી વરસાદી પાણી સુકાઈ જતાં ઉનાળા પહેલા જ તળાવ સુકુભઠ્ઠ થયું છે. નવું પાણી ભરવા માટે બોરની વ્યવસ્થા ન હોવાથી તળાવ સુકાઈ જતાં તેમાં જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. ત્યારે તળાવમાં સત્વરે ચોખ્ખુ પાણી ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આણંદ નગરપાલિકા દ્વારા તા.૨૭ નવેમ્બરના રોજ યોજવામાં આવેલી સામાન્ય સભામાં લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે રૂ.૧.૯૨ કરોડ તથા તળાવમાં ૬ મીની હાઈમાસ્ટ પોલ નાખવા માટે રૂ.૧૫ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ નગરપાલિકા મહાનગરપાલિકામાં પરિવર્તિત થઈ ગઈ હતી. જોકે, ઉનાળાની શરૂઆત પહેલા જ લોટેશ્વર તળાવમાં પાણી સુકાઈ જતાં તળિયું દેખાઈ રહ્યું છે. તેમજ તળાવમાં જંગલી વનસ્પતિ અને ઘાસ ઉગી નીકળ્યા છે. દર વર્ષે તળાવના બ્યુટીફીકેશનના નામે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને નેતાઓ ખાતમુહૂર્ત પણ કરે છે પરંતુ તળાવમાં પાણી ભરવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી ઉનાળાની શરૂઆતથી જ તળાવ સુકાઈ જતું હોવાના આક્ષેપ શહેરીજનોએ લગાવ્યાં હતાં. તળાવમાં વરસાદી પાણી સુકાઈ ગયા બાદ ચોખ્ખુ પાણી ભરી, સહેલગાહનું સ્થળ બનાવવા તથા બોટિંગની સુવિધાઓ શરૂ કરવા શહેરીજનોએ માંગ કરી છે. આ અંગે મનપાના મુખ્ય ઈજનેર પીનલ સાંગાણીએ જણાવ્યું હતું કે, તળાવમાં વરસાદી પાણીના સંગ્રહ માટે નીક મૂકવામાં આવી છે. જેના થકી તળાવમાં પાણીનો સંગ્રહ થાય છે. નવું પાણી ભરવા માટે બોરનું આયોજન કરવામાં આવ્યું નથી.

## નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ

# દિલ્હીના નવા મુખ્યમંત્રીની શપથવિધિ સમયમાં ફેરફાર

નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હીના નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણનો સમય બદલાયો છે. જ્યાં પહેલા દિલ્હીના નવા સીએમનો શપથ ગ્રહણ ૨૦મી ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ કલાકે થવાનો હતો, હવે આ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શપથ ગ્રહણ સમારોહનો સમય ચોક્કસપણે બદલાયો છે, પરંતુ તારીખ એ જ છે. એટલે કે હવે દિલ્હીના નવા સીએમનો શપથ ગ્રહણ સમારોહ હવે ૨૦ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે થશે.

મહત્વનું છે કે દિલ્હીના નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. કાર્યક્રમ માટે સ્થળ (રામલીલા મેદાન) નક્કી કરવામાં આવ્યું છે. જો કે હજુ સુધી મુખ્યમંત્રીના નામને લઈને કોઈ સહમતિ સધાઈ નથી. આવતીકાલે (૧૯ ફેબ્રુઆરી) મળનારી ધારાસભ્ય દળની બેઠકમાં મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ શકે છે.

કહેવામાં આવી રહ્યું છે કે ૧૯ ફેબ્રુઆરીની રાતથી રામલીલા મેદાન તરફ જતા તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવશે. માત્ર VVIP વાહનોને જ પ્રવેશ મળશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને ૫૦ થી વધુ ઉચ્ચ સુરક્ષા નેતાઓ પણ રામલીલા મેદાન પહોંચશે. આ શપથ ગ્રહણ સમારોહમાં ૨૦ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજરી આપશે. તમામ કેન્દ્રીય મંત્રીઓ અને NDA નેતાઓને પણ બોલાવવામાં આવ્યા છે.

રામલીલા મેદાનના મંચ પર શપથગ્રહણ સમારોહ પહેલા ગીત-સંગીતનો રંગારંગ કાર્યક્રમ થશે. કૈલાશ ખખ્ખર દ્વારા પ્રેઝન્ટેશન થશે. અક્ષય કુમાર, વિવેક ઓબેરોય, હેમા માલિની, કૈલાશ ખખ્ખર સહિત ૫૦ થી વધુ ફિલ્મ સ્ટાર્સ હાજર રહેશે. મુંબઈના પ્રખ્યાત ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, ગૌતમ અદાણી સહિત એક ડઝન ઉદ્યોગપતિઓ પણ રામલીલા મેદાનમાં હાજર રહેશે. આ સિવાય બાબા રામદેવ, સ્વામી ચિદાનંદ, બાબા બાગેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીને પણ શપથ ગ્રહણ સમારોહમાં આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા તૈનાત અન્ય રાજ્યોમાંથી ભાજપના નેતાઓ અને કાર્યકરોને પણ આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. લાડલી બહેનોને પણ બોલાવવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને પણ બોલાવવામાં આવશે.

## સુડોકુ નં. ૧૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 1 | | | | 9 | 8 | |
| | 3 | | 5 | | 1 | | 7 | |
| | | 9 | | 3 | | 6 | | |
| | | 2 | 3 | 7 | 8 | 1 | | |
| | | | | | | | | |
| | | 4 | 6 | 1 | 5 | 3 | | |
| | | 7 | | 6 | | 5 | | |
| | 1 | | 4 | | 7 | | 9 | |
| | 2 | 8 | | | | 7 | 1 | |

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૬૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 3 | 4 | 2 | 9 | 7 | 1 | 6 |
| 1 | 4 | 6 | 3 | 7 | 5 | 2 | 8 | 9 |
| 2 | 9 | 7 | 8 | 1 | 6 | 5 | 4 | 3 |
| 3 | 6 | 5 | 2 | 8 | 4 | 1 | 9 | 7 |
| 4 | 8 | 2 | 1 | 9 | 7 | 3 | 6 | 5 |
| 9 | 7 | 1 | 6 | 5 | 3 | 8 | 2 | 4 |
| 7 | 3 | 8 | 9 | 4 | 1 | 6 | 5 | 2 |
| 5 | 2 | 4 | 7 | 6 | 8 | 9 | 3 | 1 |
| 6 | 1 | 9 | 5 | 3 | 2 | 4 | 7 | 8 |

## રાશિ ભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સંતાનો તમારા કજ્ઞામાં ન રહેતા મન અશાંત રહે. પત્ની સાથે વિવાદ ટાળવા. મોટા સાહસ કે ખોટા રોકાણો કરવા નહીં. વિવાદમાં ઉતરવું નહીં .પેટ,આંતરડા સંબંધી તકલીફ સર્જાય.

**વૃષભ(બ.વ.ઉ) :** ભૂતકાળમાં કરેલુ આયોજન સફળ થાય. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્યજીવન મધુર બને. વ્યવસાયિક કાર્ય અર્થે યાત્રા--વાસ સરળતાથી પાર પાડી શકશો.

**મિથુન(ક.છ.ઘ) :** કચેરીમાં શુભ સમચાર મળે. ભાગ્યોદયમાં વૃધ્ધિ થાય. આર્થિક ઉન્નતિ થાય. રોકાયેલા નાણાં છુટા થાય. પરિવારમાં -સન્નતાનુ વાતાવરણ રહે. મનોબળ મજબૂત બનશે.

**કર્ક(ડ.હ.):** વડીલોના સહકારથી ધારેલી સફળતા મેળવી શકશો. શુભ દિવસ છે. વાહન અકસ્માતમાથી ઉગરી જવાય. દિવસના પૂર્વાધમાં વધુ આનંદ મળે. હરિફો,-તિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો.

**સિંહ(મ.ટ.) :** દામ્પત્ય જીવનમાં મતભેદના કારણે મન અશાંત રહે. -ેમ અને નિષ્ઠાની કસોટી થાય. પરિવારમાં ખટરાગ ઉત્પન્ન કરનાર પરિબળો પેદા થાય. વિશ્વાસમાં આવી નિર્ણય લેવો નહીં.

**કન્યા(પ.ઠ.ણ.):** પરિવારમાં સુમેળ રહે. નોકરિયાત વર્ગને -ગતિની ઉત્તમ તકો મળી રહેશે. આધાત્મિક ધાર્મિક ક્ષેત્રે વધુ -ગતિ થાય. સંતાનોના આરોગ્યની ચિંતા દૂર થાય. રમણિય સ્થળોની મુલાકાત લઇ શકશો.

**તુલા(ર.ત.) :** આકસ્મિક ધન લાભ થાય. પરિવારમાં સુમેળ જળવાય. શુભ અવસરમાં હાજરી આપી શકશો. ઘરમાં અને કાર્યક્ષેત્રમાં વૈભવ સમૃદ્ધિની ,સુંદર ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો. સ્વાસ્થ્ય સારુ.

**વૃશ્ચિક(ન.ય.) :** સફળતા શોધતી આવે. નેતાગીરીમાં યશ મળે. પરિવાર અને દામ્પત્યજીવનમાં સ્નેહ અને મધુરતા રહે. ધાન્ય ધાતુ અને કાપડમાં નફો થાય. મિત્રોના સાથ-સહકારથી કાર્યક્ષેત્રે -ગતિ વધે.

**ધન(ભ.ધ.ફ.ઢ.):** વડીલોના સ્વાસ્થ્યની ચિંતા રહે. કૌટુંબિક વિખવાદ ઉગ્ર બને. સફળતા આડે અવરોધ અને અણધાર્યા ખર્ચા થાય. હીરાના વેપારમાં ફાયદો રહે. સ્થાયી -ોપર્ટીની ખરીદી કરી શકશો.

**મકર(જ.ખ.):** પૂર્વે કરેલા આયોજનોમાં સફળતા મળે. કાર્યક્ષેત્રને આધુનિક બનાવી શકશો. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્ય વિવાદમાં સમાધાન વૃત્તિ રહે. પરોપકારવૃત્તિમાં વધારો થાય.

**કુંભ(ગ.શ.સ.) :** કામના સ્થળે સમય સારો જાય. સ્વભાવે ચતુર અને વિનયી બનશો. નવા આયોજનોમાં સફળતા મળે. કાપડના વેપારમાં ફાયદો રહે. તેલના વેપારમાં ફાયદો રહે.આરોગ્ય એકંદરે સારુ રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** લાંબા ગાળાના આયોજનો અને મહત્વના નિર્ણયોમાં સફળતા અને સરળતા રહે. પારાવારિક વિવાદનો અંત આવે. રકતની પીડામાં ઘટાડો થાય. ધાર્મિક, આધાત્મિક -વૃત્તિઓથી પ્રગતિ.

**જ્યોતિષાચાર્ય : ડૉ. મહેશભાઈ દશોરા**
**જ્યોતિષ કાર્યાલય, ડી-૬૧૯, છઠ્ઠા માળે, ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર, મજૂરાગેટ ચાર રસ્તા સુરત -૩૯૫૦૦૨.**
**ફોન નં: (૦૨૬૧) ૨૪૭૭૮૮૦**

## સુવિચાર

■ જે તમારું મૌન સમજી શકતો નથી તે તમારા શબ્દો પણ નહીં સમજી શકે. - એલ્બર્ટ હુબાર્ડ

## પંચાંગ

તા ૧૯-૦૨-૨૦૨૫
વાર : બુધ
વિક્રમ સંવત: ૨૦૮૦
મહાવીર જૈન સંવત: ૨૫૪૬
શાલીવાહન શક સંવત : ૧૯૪૧
ખ્રિસ્તી સંવત : ૨૦૨૯
માસ: મહા
પક્ષ: વદ
તિથી : સાતમ
પારસી તા. : ૧૮
મુસ્લિમ તા.: ૦૫
નક્ષત્ર: રેવતી
યોગ : સાધ્ય
કરણ : ગર
દિશાશૂલ : પશ્ચિમ દિશા ( આ દિશામાં યાત્રા કરવાથી મુંઝવણ રહે )
રાહુકાળ :૧૦.૩૦ થી ૧૨.૦૦ સુધી ( રાહુકાળમાં કોઇપણ કાર્યનું શુભારંભ ન કરવુ )

ચંદ્ર રાશિ: આજે જન્મેલા બાળકોની રાશિ મીન છે. જેથી જન્મેલા બાળકોના નામ દ.ચ.ઝ.થ. અક્ષર પર રાખી શકાય. સાંજે ક.૧૮ મિ. ૧૧ થી મેષ રાશિ શરૂ થશે. જેથી ક. ૧૮ મિ. ૧૧ થી જન્મેલા બાળકોના નામ અ.લ.ઈ અક્ષર પર રાખી શકાય

ગ્રહોનું રાશિ ભ્રમણ આ -માણે છે:
સૂર્ય: મકર ચંદ્ર: મીન/મેષ મંગળ: વૃશ્ચિક બુધ: કુંભ ગુરુ: ધનશુક્ર: કુંભ
શનિ: મકર રાહુ: મિથુન કેતુ: ધન હર્ષલ: મેષ નેપ્ચ્યુન: કુંભ પ્લુટો: ધન

દિવસના ચોઘડીયા: (૧) ચલ (૨) લાભ (૩) અમૃત (૪) કાળ (૫) શુભ (૬) રોગ (૭) ઉદ્વેગ (૮) ચલ

રાત્રિના:- (૧) રોગ (૨) કાળ (૩) લાભ (૪) ઉદ્વેગ (૫) શુભ (૬) અમૃત (૭) ચલ (૮) રોગ

અમદાવાદ બ્યૂરો ઓફિસ : કોશિશ એસ. શાહ (બ્યુરો ચીફ) ૩૦૨, આરંભ કોમ્પ્લેક્ષ, પંચવટી પેટ્રોલ પંપની પાછળ, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન (૦૭૯) ૪૦૦૪૦૫૭૫, ૯૯૨૫૦ ૪૭૦૯૨, ફેક્સ (૦૭૯) ૪૦૦૪૦૫૭૫

### કોંગ્રેસ માટે પરિણામો નિરાશાજનક નથી, પરંતુ ચિંતાજનક જરુર છેઃ શક્તિસિંહ ગોહિલ

# ૬૨ નગરપાલિકામાં ભાજપનો વિજયઃ ૬૮ નપા જીતવાનું લક્ષ્ય હતું : સી.આર.પાટીલ

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામ બાદ ભાજપ દ્વારા પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે ઉજવણી કરાઈ રહી છે. વિગતો મુજબ ગાંધીનગર કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ યોજાઈ રહ્યો છે. ઢોલ નગારા સાથે કાર્યકરોની ઉજવણી કરી રહ્યા છે. આ સાથે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આ. પાટીલની હાજરીમાં ઉજવણી થઈ રહી છે. આ સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિજયોત્સવમાં જોડાયા છે. નોંધનીય છે કે, અત્યાર સુધીના આંકડા મુજબ રાજ્યના ૬૮માંથી ૬૬ નગરપાલિકાના પરિણામ સ્પષ્ટ થઈ ગયા છે. જે ૬૬માંથી ૬૨ નગરપાલિકામાં ભાજપનો વિજય થાય છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. ૬૬ નગરપાલિકાઓની ચૂંટણી પરિણામો પણ સામે આવી ગયા છે. કુલ ૧૮૪૪ બેઠકો હતી જેમાંથી ૧૬૭ બેઠકો બિનહરીફ થઈ હતી. નગરપાલિકાની ચૂંટણીમાં ફરી એકવાર ભાજપે મજબૂતાઈ સાથે બાજી મારી છે.રાજ્યના ૬૮માંથી ૬૬ નગરપાલિકાના પરિણામ સ્પષ્ટ થઈ ગયા છે. જે ૬૬માંથી ૬૨ નગરપાલિકામાં ભાજપનો વિજય થયો છે. જ્યો કોંગ્રેસને માત્ર ૧ નગરપાલિકા મળી છે. આણંદ જિલ્લાની આંકલાવ નગરપાલિકામાં અપક્ષનો દબદબો જોવા મળ્યો છે. ડાકોર નગરપાલિકામાં ભાજપ અને અપક્ષ વચ્ચે ટાઈ થઈ છે તો ગાંધીનગર, કપડવંજ અને કઠલાલ તાલુકા પંચાયત ભાજપે જીતી છે.

ભાજપના વિજયોત્સવ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ૬૬ નગરપાલિકાઓની ચૂંટણી પરિણામો સામે આવી ગયા છે. સ્થાનિક સ્વાજ્યની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત થઈ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના સિનિયર આગેવાનો, કાર્યકર્તાઓ અને ઉમેદવારો ભાજપની અનેક બિનલોકશાહી કાવતરાવાળી પદ્ધતિઓ છતાં ખૂબ સારી રીતે આ ચૂંટણી લડ્યા તે પ્રશંસનીય છે. અમે સ્વીકારીએ છીએ કે ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં અમારું સંગઠન નબળું હતું. આજે જે યોજાઈ તે નપાની ચૂંટણીઓ ૨૦૧૮માં યોજાઈ હતી ત્યારે કોંગ્રેસ પક્ષના ૭૮ ધારાસભ્યો અને સાથી પક્ષના ૩ એમ મળીને ૮૧ ધારાસભ્યો હોવા છતાં જેના આજે પરિણામ જોઈ રહ્યાં છીએ એ જ નપામાં ૨૦૧૮માં કોંગ્રેસની સ્થિતિ ખૂબ ખરાબ હતી. શહેરી વિસ્તારોમાં સંગઠન મજબૂત કરવા પક્ષના સિનિયર આગેવાનોને પ્રભારી તરીકે જવાબદારી સોંપીને નગરોમાં સંગઠન ઉભું કર્યુ અને કોંગ્રેસના પંજાના નિશાન પર ચૂંટણી લડવામાં આવી. કોંગ્રેસ માટે પરિણામો નિરાશાજનક નથી પરંતુ, ચિંતાજનક જરુર છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

### બેટરીના કવરની આડમાં દારુની ૧૮૦ બોટલ ટ્રાન્સપોર્ટમાં મંગાવી

# રાજકોટમાં યુવકોએ દારુ ભરેલું પાર્સલ અમદાવાદ મંગાવ્યું

**બ્યુરો દ્વારા** **અમદાવાદ, તા. ૧૮**

બુટલેગર્સ ગમે તેવા દિમાગ લગાવીને દારુનો ધંધો કરે, પરંતુ એકને એક દિવસે તો પોલીસના હાથે ઝડપાઈ જતા હોય છે. સામાન્ય રીતે દારુનો જથ્થો બોર્ડર ક્રોસ કરીને લવાતો હોય છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ટ્રાન્સપોર્ટ મારફતે પણ દારુનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. ગઈકાલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક ગજબની મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો છે. રાજકોટના બે યુવકોએ દારુનો જથ્થો બીજા રાજ્યમાંથી ટ્રાન્સપોર્ટ મારફતે અમદાવાદ મંગાવ્યો હતો. દારુ ભરેલું પાર્સલ જ્યારે આવી ગયું ત્યારે બંને યુવકો અમદાવાદ કાર લઈને રાજકોટથી આવ્યા હતા. બંને યુવકોની ખોરી નિયતની ગંધ ક્રાઈમ બ્રાન્ચને આવી ગઈ હતી. જેથી ગઈકાલે તેમને રંગે હાથ ઝડપી લીધા હતા. બેટરીના કવર મંગાવવાની આડમાં બંને યુવકોએ દારુની મોંઘીદાટ બોટલો મંગાવી હતી. બંને યુવકોએ ૧૫ પાર્સલ મંગાવ્યા હતા. જેમાં દારુની ૧૮૦ બોટલ હતી. ચોંકાવનારી વાત એ છે કે જ્યારે ક્રાઈમ બ્રાન્ચે બે યુવકોને કોર્ડન કરી લીધા ત્યારે એક યુવક છટકી ગયો હતો.

ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે, પ્રેમ દરવાજાના ઈદગાહ રોડ પાસે આવેલી ગુરુ લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટ કંપનીમાં દારુનો જથ્થો પાર્સલ મારફતે આવેલો છે, જેને કેટલાક લોકો લેવા માટે આવશે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વોચમાં હતી ત્યારે એક વ્હાઈટ કલરની કાર આવી હતી. કારમાંથી બે શખસ ઉતર્યા હતા અને ટ્રાન્સપોટ કંપની પાસે મુકેલા બોક્સ લેવા માટે જતા હતા.

બાતમીદારે ઈશારો કરી દેતાંની સાથે જ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેમને કોર્ડન કરી લીધા હતા. બે શખસો પૈકી એક શખસ છટકીને નાસી ગયો હતો. પોલીસે એક શખસનું નામ પૂછ્યું તો તેણે પોતાનું નામ રાજપાલસિંહ રાઠોડ (રહે. રાજકોટ) બતાવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે રાજપાલસિંહની અંગજડતી કરતાં તેની પાસેથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે રાજપલાસિંહે મંગાવેલા ૧૫ બોક્સ ખોલીને જોયા હતા. જેમાં દારુની બોટલો હતી.

બોક્સના ઉપરના ભાગે વાહનોની બેટરીનું કવર ફિટ કર્યુ હતું. ત્યારબાદ, દારુની બોટલો હતી. રાજપાલસિંહે બેટરીના કવરની આડમાં દારુની ૧૮૦ બોટલો મંગાવી હતી. રાજપાલસિંહે કોઈ સસ્તો દારુ નહીં, પરંતુ મોંઘોદાટ દારુ મંગાવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે રાજપાલસિંહ રાઠોડની ધરપકડ કરી હતી. જેમાં તેની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, રાજકોટ ખાતે રહેતા તેના મિત્ર યશ ઠાકે તેના મિત્ર મારફતે ટ્રાન્સપોર્ટમાં દારુનો જથ્થો મંગાવ્યો હતો. દારુનો જથ્થો પ્રેમ દરવાજા ખાતે આવેલા ગુરુ લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટમાં આવ્યો હતો.

## ટ્રાન્સપોર્ટમાં દારુ મંગાવવાની નવી મોડસ ઓપરેન્ડી

**બ્યુરો દ્વારા** **અમદાવાદ, તા. ૧૮**

બુટલેગર્સ વિવિધ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને દારુનો જથ્થો અન્ય રાજ્યથી મંગાવતા હોય છે. પોલીસ દરેક વખતે બુટલેગર્સની તમામ મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કરી દેતી હોય છે. હાલ મહિલાઓ પણ દારુના ધંધામાં સામેલ થઈ છે અને તે પણ દારુની ખેપ મારવા લાગી છે. વિવિધ રીતે દારુનો જથ્થો ગુજરાતમાં લવાય છે ત્યારે હાલ ટ્રાન્સપોર્ટની કંપનીઓ મારફતે દારુની હેરફેર થાય છે. વિવિધ પ્રોડક્ટસની આડમાં દારુનો જથ્થો બીજા રાજ્યમાંથી પાર્સલ મારફતે મોકલવામાં આવે છે. બોક્સમાં પહેલાં દારૂની બોટલો મુકે છે. ત્યારબાદ, પ્રોડક્ટ મુકી દેતા હોય છે. ટ્રાન્સપોર્ટમાં જ્યારે બિલ કરવાનું હોય ત્યારે પણ પ્રોડક્ટ લખેલી હોય છે.

### આગામી ૨૩ ફેબ્રુઆરી સુધીમાં અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૯થી ૨૦ ડિગ્રી આસપાસ રહેશે

# અમદાવાદીઓ ભારે ગરમીથી ત્રાહિમામઃ ૨૧ ડિગ્રી જેટલું ઉંચું લઘુત્તમ તાપમાન નોંધાયું

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

રાજ્યભરના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે અને હવામાન વિભાગે આગામી દિવસોમાં આકરી ગરમીની આગાહી કરતાં ગુજરાતીઓની હાલત કફોડી બનશે તેવું લાગી રહ્યું છે. અમદાવાદની વાત કરીએ તો આજે સવારે ૨૧ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઉંચું લઘુત્તમ તાપમાન નોંધાતા શહેરીજનો સવારથી જ ઉકળાટનો સામનો કરી રહ્યા છે. આજે સવારે નોંધાયેલું ૨૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૫.૮ ડિગ્રી જેટલું વધુ છે. ગઈકાલે શહેરમાં ૩૪.૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતાં ૩.૭ ડિગ્રી જેટલું વધુ હતું.

સ્થાનિક હવામાન વિભાગની આગાહી જણાવે છે કે ૨૩ ફેબ્રુઆરી, રવિવાર સુધી અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૯થી ૨૦ ડિગ્રી આસપાસ રહેશે અને આ સમયગાળામાં મહત્તમ તાપમાન પણ ૩૫ ડિગ્રી જેટલું ઉંચું રહેશે.

હવામાન વિભાગનું કહેવું છે કે સામાન્ય રીતે માર્ચ મહિનાની શરુઆતમાં મેદાની પ્રદેશો પરથી ગરમ પવનો ફુંકાતા હોય છે. પરંતુ, આ વર્ષે તેની શરુઆત ફેબ્રુઆરીથી જ થઈ જતાં તાપમાનમાં સતત વધારો નોંધાઈ જતા તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા પાંચ દિવસથી લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં હવે ગુજરાતીઓ રાત દરમિયાન પણ અકળાવનારી ગરમીનો અનુભવ કરી રહ્યા છે.

સ્થાનિક હવામાન વિભાગના લેટેસ્ટ વેધર રિપોર્ટ અનુસા આજે સવારે રાજ્યનાં મોટા ભાગનાં શહેરોનું લઘુત્તમ તાપમાન ઉંચકાયું છે. આજે સવારે વડોદરામાં ૨૦.૨ ડિગ્રી, ભાવનગરમાં ૨૦.૭ ડિગ્રી, ભૂજમાં ૨૧ ડિગ્રી, દ્વારકામાં ૨૨.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૯.૫ ડિગ્રી, કંડલામાં ૨૨.૫ ડિગ્રી, નલિયામાં ૧૯.૮ ડિગ્રી, ઓખામાં ૨૨.૪ ડિગ્રી, પોરબંદરમાં ૧૮.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૯.૭ ડિગ્રી, સુરતમાં ૨૦.૬ ડિગ્રી અને વેરાવળમાં ૨૦.૭ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું.

ગઈકાલે રાજકોટ અને ડાંગમાં સૌથી વધુ ૩૫.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના મોટા ભાગના વિસ્તારોમાં હવે દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે આ વખતે શિયાળો ભલે સામાન્ય રહ્યો હોય, પરંતુ, ઉનાળો આકરો રહેશે.

## એસ્કોર્ટસ કુબોટા લિમિટેડે ફાર્મટ્રેક પ્રોમેક્સ સિરીઝના ટ્રેક્ટર્સની કરેલ રજૂઆત

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

એસ્કોર્ટસ કુબોટા લિમિટેડે ૩૯-૪૭ એચપીની વચ્ચેના મધ્યમ હોર્સપાવર રેન્જના નવા ફાર્મટ્રેક પ્રોમેક્સ ટ્રેક્ટર સિરીઝની રજૂઆત કરી છે. પ્રોમેક્સ સિરીઝની ડિઝાઈન બહોળા પ્રમાણમાં કૃષિ અને વ્યાપારી જરુરિયાતોને સંતોષવા માટે તૈયાર કરવામાં આવી છે. જેમાં હૌલેજનો પણ સમાવેશ કરાયો હોવાથી તેને સર્વોત્તમ પસંદગી બનાવે છે. આ સિરીઝમાં પ્રોમેક્સ ૩૯, પ્રોમેક્સ ૪૨, પ્રોમેક્સ ૪૫ અને પ્રોમેક્સ ૪૭ના 2Wd અને 4Wd વેરિયાંટનો સમાવેશ થાય છે.

પ્રોડક્ટ વ્યૂહરચના પર વાત કરતા ઈકેએલના ટ્રેક્ટર બિઝનેસ ડિવિઝનના ચીફ ઓફિસર નીરજ મેહરાએ જણાવ્યું હતું કે, પ્રોમેક્સ સિરીઝ એવા આધુનિક ખેડૂતોની જરુરિયાતો અનુસાર બનાવવામાં આવી છે. જેઓ ટેકનોલોજીકલી એડવાન્સ ચલાવવામાં સરળ અને સ્ટાઈલીશ ટ્રેક્ટર હોય તેવી ખેવના રાખે છે. તેની ડિઝાઈન સમગ્ર વિવિધ કૃષિલાયક કાર્યોમાં સરળતા રહે તે રીતે તૈયાર કરવામાં આવી છે. પ્રોમેક્સ એક ટ્રેક્ટર કરતા વધુ છે. જેમાં વિસ્તરિત ઉત્પાદકતા મારફતે આધુનિક ખેડૂતની મહત્વાકાંક્ષાઓને પરિપૂર્ણ કરવાની વિચારધારાનો સમાવેશ થાય છે.

ફાર્માટ્રેક બ્રાન્ડ ભારતમાં સમૃદ્ધ ભૂતકાળ અને નિષ્ઠાવાન ગ્રાહક વર્ગ ધરાવે છે. પ્રોમેક્સ સિરીઝ ટેકનોલોજીકલ પ્રગતિઓ સાથે આ વારસા પર મદાર રાખે છે. જેમાં ટ્રેક્ટર્સના એગ્રીગેટ્સમાં આધુનિકીકરણ અને નવીનતાનો સમાવેશ થાય છે.

## કેબીસી ગ્લોબલ લિમિટેડે ૧:૧ બોનસ ઈક્વિટી શેર મંજૂર કર્યોઃ કંપનીની ઓર્ડર બુક રૂ. ૨૬૦ કરોડથી વધુ

**બ્યુરો દ્વારા** **અમદાવાદ, તા. ૧૮**

કન્સ્ટ્રક્શન અને રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ સાથે સંકળાયેલી નાસિક સ્થિત કેબીસી ગ્લોબલ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ૧૫ ફેબ્રુઆરીએ યોજાયેલી બેઠકમાં ૧:૧ના રેશિયોમાં (રૂ. ૧ના પ્રત્યેક એક સંપૂર્ણ ઈક્વિટી શેર માટે એક બોનસ ઈક્વિટી શેર) બોનસને મંજૂરી આપી છે. જે કંપનીના શેરહોલ્ડરોની મંજૂરીને આધિન છે. કંપનીનું લક્ષ્ય નજીકના ભવિષ્યમાં વિસ્તરણ યોજનાઓ અને દેવું ઘટાડવાની યોજનાઓને ઝડપી બનાવવાની સાથે વ્યવસાયિક કામગીરીમાં પરિવર્તન લાવવાનું છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે અધિકૃત મૂડી વધારવાની દરખાસ્તને પણ મંજૂરી આપી હતી અને કેબીસી ગ્લોબલ લિમિટેડનું નામ બદલીને ધરન ઈન્ફ્રા-ઈપીસી લિમિટેડ અથવા આરઓસી દ્વારા મંજૂર કરાયેલા અન્ય નામનો પ્રસ્તાવ મુક્યો હતો. કંપનીએ યુકે સ્થિત સંપૂર્ણ માલિકીની પેટાકંપની, કેબીસી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના અધ્યક્ષ તરીકે નરેશ કરદાની નિમણુંકને પણ મંજૂરી આપી હતી. કંપનીનો ઓર્ડર બુક રૂ. ૨૬૦ કરોડથી વધુ છે. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩૦૦ કરોડ છે.

બોનસ ઈક્વિટી શેર ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી, ફ્રી રિઝર્વ્સ, સિક્યોરિટીઝ પ્રીમિયમ એકાઉન્ટ અને કેપિટલ રિડેમ્પશન રિઝર્વ સહિત કંપનીના માન્ય અમાનતમાંથી જારી કરવામાં આવશે. બોનસ ઈશ્યૂ માટે કુલ રૂ. ૨૬૧.૪૩ કરોડનો ઉપયોગ થશે. જેમાં બોર્ડની મંજૂરીના ૬૦ દિવસની અંદર બોનસ શેર જમા થશે. આજની તારીખે કંપનીની શેરમૂડી રૂ. ૨૬૧.૪૩ કરોડ છે. જેમાં પ્રત્યેક રૂ. ૧ના સમાન ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે જે બોનસ પછી વધીને રૂ. ૫૨૨.૮૭ કરોડ થશે.

## બનાસકાંઠામાં લેસન બાબતે શિક્ષકે વિદ્યાર્થીને ઢોર માર મારતા પોલીસ ફરિયાદ

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

શાળાએ વિદ્યાનું ધામ છે અને શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓ માટે ગુરુ હોય છે. પરંતુ, આ ગુરુ જ વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષા આપવાની જગ્યાએ તેમની સાથે લુખ્ખા તત્ત્વો જેવું વલણ દર્શાવતો કિસ્સો બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર તાલુકાના ગઢ ગામે બન્યો છે.

ગઢ ગામે આવેલી ગઢ કેળવણી મંડળ સંચાલિત જી આર ગામી પ્રાથમિક શાળામાં ધોરણ-૩માં અભ્યાસ કરતા જય ભુટકા નામનો વિદ્યાર્થી કે જે ગઢ ગામના સરપંચનો પુત્ર છે અને આ જય કે જે શાળામાં ગણિત વિષયનું લેશન શાળામાં ન લઈ ગયો તો શિક્ષક ગુસ્સે ભરાયા અને વિદ્યાર્થીને ઢોર માર મારી ઈજાગ્રસ્ત કરી દીધો. વિદ્યાર્થી જયના પિતા બેચરભાઈનો આક્ષેપ છે કે આ શાળાના શિક્ષક પાર્થ પરમારે મારા બાળકને લેશન ન લઈ જવા મામલે ઢોર માર માર્યો છે અને શિક્ષકના આ મારથી મારા બાળકના શરીર પર કાળા જામા ઉપસી આવ્યા છે.

આ સાથે જ વિદ્યાર્થીના પિતા બેચરભાઈએ ગઢ પોલીસ મથકે શિક્ષક પાર્થ પરમાર સામે વિદ્યાર્થીને ઢોર મારવા મામલે ફરિયાદ પણ નોંધાવી છે. જેને લઈ ગઢ પોલીસે શિક્ષક પાર્થ પરમાર સામે ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જોકે, વાલીના આક્ષેપો સાથેની ફરિયાદને આધારે ગઢ પોલીસે સમગ્ર મામલે શિક્ષક સામે ગુનો નોંધી પરંતુ શાળા પક્ષે બચાવ કર્યો હતો.

## ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા ડીએસપી નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવામાં આવ્યું

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા આજે ડીએસપી નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ ફંડના લોન્ચની જાહેરાત કરવામાં આવી. જે નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સની નકલ / ટ્રેકિંગ કરતી ઓપન એન્ડેડ સ્કીમ છે. જેનો ઉદ્દેશ્ય રોકાણકારોને ખાનગી બેન્કિંગ ક્ષેત્રમાં રોકાણ કરવા માટે કેન્દ્રિત અભિગમ પ્રદાન કરવાનો છે.

અમારું માનવું છે કે, નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સમાં મોટી બેન્કોનું કેન્દ્રીકરણ એક ફાયદો હોઈ શકે છે. જે એવા વૈશ્વિક વલણોને દર્શાવે છે જ્યાં અગ્રણી બેન્કો ગ્રાહકોના વિશ્વાસ, મૂડીની પહોંચ અને મોટાપાયે અર્થતંત્રને કારણે ટકાઉ વૃદ્ધિ દર્શાવવાનું વલણ ધરાવે છે. આ ફંડ રોકાણકારોને ભારતના ખાનગી બેન્કિંગ ક્ષેત્રની સંભાવનામાં ભાગ લેવા માટે એક સુવ્યવસ્થિત અભિગમ પ્રદાન કરે છે. ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ ખાતે પેસિવ ઈન્વેસ્ટમેન્ટસ અને પ્રોડક્ટસના હેડ સીએફએ અનિલ ઘેલાણીએ જણાવ્યું હતું.

ડીએસપી નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ ફંડ આ શેરોમાં સીધા રોકાણ કરવા કરતાં ખાનગી બેન્કિંગ ક્ષેત્રને એક્સેસ કરવા માટે કરવેરા માટે કાર્યક્ષમ એવો માર્ગ રજૂ કરે છે કારણકે મ્યુચ્યુઅલ ફંડ દ્વારા માલિકી ધરાવવા પર તેમની વચ્ચે પુનઃસંતુલન કરતી વખતે અથવા ડિવિડન્ડ પ્રાપ્ત કરતી વખથે મૂડી લાભ પર કર લાગતો નથી. વધુમાં, ઘણા ઈન્ડેક્સ ઘટકોના વર્તમાન મૂલ્યાંકન તેમના ઐતિહાસિક સરેરાશથી નીચે છે. જે સંભવિત રીતે રોકાણકારોને આકર્ષક પ્રવેશ બિન્દુ પ્રદાન કરે છે.

## પ્રચય કેપિટલ લિમિટેડનું સુરક્ષિત એનસીડીનું જાહેર ઈશ્યૂ ૨૮ ફેબ્રુઆરીથી ખુલશે

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

પ્રચય કેપિટલ લિમિટેડ, જે એક આરબીઆઈ દ્વારા નોંધાયેલ નોન-બેન્કિંગ ફાયનાન્સીયલ કંપની-ઈન્વેસ્ટમેન્ટ અને ક્રેડિટ કંપની (એનબીએફસી-આઈસીસી) છે. તેણે તેના સુરક્ષિત, રેટેડ, રીડીમેબલ નોન-કન્વર્ટીબલ ડિબેન્ચર્સ (NCDs)ના જાહેર ઈશ્યૂની જાહેરાત કરી છે. જેમાં રુ. ૧૦,૦૦૦ લાખ સુધીની રકમ ઉગામવાનું લક્ષ્ય છે.

ક્રિસિલ દ્વારા બીબીબી-/ સ્ટેબલ રેટિંગ ધરાવતા આ NCDs રોકાણકારોને ૧૩ ટકા વાર્ષિક વળતર સાથે માસિક વ્યાજ ચૂકવણીનું શ્રેણીબદ્ધ આવકનું રોકાણ પ્રદાન કરે છે. આ ઈશ્યૂમાંથી ઉચિત નાણાંનો ઉપયોગ મુખ્યત્વે નિર્ધારિત હેતુઓ માટે કરવામાં આવશે. ઈશ્યૂ વિશે વાત કરતા, પ્રચય કેપિટલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ગિરીશ મુરલીધર લખોટીયાએ જણાવ્યું હતું.

આ NCDs ઈશ્યુ પ્રચય કેપિટલની વિસ્તરણ વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ પગલું છે. અમારી વિશેષતા સંરચિત કોર્પોરેટ લેન્ડિંગ અને પ્રાઈવેટ ડેટ ઈન્સ્ટ્રુમેન્ટસમાં રોકાણ કરવી છે. અમે અમારા રોકાણકારો માટે મજબૂત અને ટકાઉ વળતરો ઉત્પન્ન કરવા સાથે જ સ્વસ્થ નાણાકીય પ્રોફાઈલ જાળવી રાખવાનું લક્ષ્ય રાખી રહ્યા છીએ.

પ્રચય કેપિટલ પાસે આજદિન સુધી કોઈપણ લેણાં ચૂકવણામાં વિલંબ થયો નથી અને તેની AUM પર ગ્રોસ NPA ઝીરો ટકા છે. કંપનીની AUM રુ. ૧૩,૨૧૯.૯૪ લાખ (૩૧ માર્ચ, ૨૦૨૨)થી ૪૬.૬૧ ટકા CAGR સાથે વૃદ્ધિ પામી રુ. ૨૮,૫૬૯.૭૭ લાખ (૩૧ માર્ચ, ૨૦૨૪) થઈ છે. છેલ્લાં ત્રણ નાણાંકિય વર્ષોમાં કંપનીનો આરઓઈ ૧૭ ટકાથી વધુ રહ્યો છે. જ્યારે રિટર્ન ઓન ટોટલ એસેટ્સ ૪ ટકાથી ૫ ટકાની શ્રેણીમાં રહ્યું છે.

## જીટીયુના કુલપતિ ડો. રાજુલ કે. ગજ્જરને ISTEની માનદ્ ફેલોશીપ દ્વારા સન્માનિત કરાયા

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશન (ISTE), દિલ્હી દ્વારા તેની પ્રતિષ્ઠિત માનદ ફેલોશીપ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના કુલપતિ ડો. રાજુલ કે. ગજ્જરને આપવામાં આવી.

ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશનનો ૫૪મો વાર્ષિક સમારોહ ૧૪ ફેબ્રુઆરીએ પંજાબના રોપર ખાતે આવેલ લામરીન ટેક સ્કિલ યુનિવર્સિટી ખાતે યોજાયો. જેમાં પંજાબ સરકારના કેબિનેટ અને નાણાંમંત્રી AICTEના અધ્યક્ષ તેમજ ISTEના અધ્યક્ષની ઉપસ્થિતિમાં કુલપતિ ડો. રાજુલ કે. ગજ્જરને આ માનદ્ ફેલોશીપથી સન્માનિત કરવામાં આવ્યા.

ડો. રાજુલ ગજ્જરનો તેમના થકી તકનીકી શિક્ષણના વિવિધ આયામો, જેમકે NEP-2000ના અમલમાં જીટીયુ દ્વારા દેશમાં હરણફાળ, શિક્ષણમાં સ્કિલ બેઝ્ડ ટ્રેનિંગ કોર્સિસની તકનીકી સંશોધન અને શિક્ષણને ઉદ્યોગો સાથે સંલગ્ન કરવાનો પ્રયાસ કરાયો છે.

## સ્ટારબિગબ્લોક બિલ્ડિંગ મટિરિયલ લિમિટેડે ઈન્દોરમાં એએસી બ્લોક માટે ગ્રીન ફિલ્ડ પ્લાન્ટ બનાવવા જમીનની કરેલ ખરીદી

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

ભારતમાં એરેટેડ ઓટોક્લેવ્ડ કોંક્રિટ (એએસી) બ્લોક્સ, બ્રિક્સ અને એએલસી પેનલ્સના સૌથી મોટા ઉત્પાદકોમાંની એક બિગબ્લોક કન્સ્ટ્રક્શન લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની સ્ટાર બિગબ્લોક બિલ્ડિંગ મટિરિયલ લિમિટેડે મધ્યપ્રદેશના ઈન્દોરમાં એએસી બ્લોક્સ માટે ગ્રીન ફિલ્ડ પ્લાન્ટ સ્થાપિત કરવા માટે જમીન સંપાદન કરી છે. કંપનીએ મધ્ય ભારતમાં એએસી બ્લોકના વ્યવસાયના વિસ્તરણના હેતુથી એમપીના ખરગોન જિલ્લામાં કાસરાવાડ તાલુકાના નિમરાણી ગામમાં અંદાજે ૫૭,૫૦૦ ચો.મી.ની જમીન ખરીદી છે. આ જમીનની કુલ અંદાજિત કિંમત રુ. ૬ કરોડ છે અને સ્ટેમ્પ ડ્યૂટી અલગ રહેશે.

સ્ટારબિગબ્લોક બિલ્ડિંગ મટિરિયલ લિમિટેડે હાલમાં અમદાવાદ નજીક ખેડા ખાતે વાર્ષિક ૨૫૦,૦૦૦ ક્યુબિક મીટરની સ્થાપિત ક્ષમતા ધરાવતો એક પ્લાન્ટ ચલાવે છે. જે ગુજરાતના મોટાભાગ, રાજસ્થાનના ઉદયપુર સુધી અને મધ્યપ્રદેશના ઈન્દોર સુધી ઉત્પાદન પહોંચાડે છે. આ વિસ્તરણ કંપનીને મધ્યપ્રદેશ અને આસપાસના પ્રદેશોમાં મજબૂત હાજરી સ્થાપિત કરવામાં સક્ષમ બનાવશે. ગ્રીન ઈનિશિયેટિવ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરતા, તેણે ૮૦૦ કિલોવોટનો સોલાર રુફટોપ પાવર પ્રોજેક્ટ પણ સ્થાપિત કર્યો છે. જે ટકાઉપણા અને તેના કાર્બન ફુટપ્રિન્ટને ઘટાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે તેમ બિગબ્લોક કન્સ્ટ્રક્શન લિ.ના ચેરમેન નારાયણ સાબૂએ કહ્યું હતું.

## બ્રિક્સટન મોટરસાયકલ અને વીએલએફ ઈલેક્ટ્રિક સ્કૂટર્સની મોટોહાઉસે કરેલ રજૂઆત

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

કેએડબલ્યુ વેલીસ મોટર્સ પ્રા. લિ. (કેવીએમપીએલ)નું ઉદ્યમ મોટોહાઉસએ કુણાલ મોટોરાડની સાથે સહ ભાગીદારીમાં અમદાવાદમાં તેની ત્રીજી ડીલરશીપને રજૂ કરીને ભારતમાં વિસ્તરણ કરવાનું ચાલુ રાખ્યું છે. આ વ્યૂહાત્મક પગલાએ ભારતમાં મોટોહાઉસની હાજરીને વધુ સુદૃઢ બનાવી છે અને તે શહેરના રાઈડરો માટે ઓસ્ટ્રિયાની પ્રીમિયમ બ્રિક્સટન મોટરસાયકલ્સ અને ઈટાલિયન વીએલએફ ટેનિસ ઈવીને અમદાવાદમાં લઈ આવી છે.

હાઈ પર્ફોમન્સ આપનારી બ્રિક્સટન મોટરસાયકલ્સની રેન્જમાં કોસફાયર ૫૦૦એક્સ, કોસફાયર ૫૦૦એકસસી, ક્રોમવેલ ૧૨૦૦ અને ક્રોમવેલ ૧૨૦૦ એક્સનો સમાવેશ થાય છે. મોટોહાઉસ દ્વારા હાલમાં જ લોન્ચ કરવામાં આવેલી આ વિશ્વ વિખ્યાત મોટરસાયકલ અસાધારણ કલાત્મકતા અને અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે. વીએલએફ ટેનિસ ઈલેક્ટ્રિક સ્કૂટર શહેરી વાહનચાલકો માટે વ્યવહારુ અને ઈકો ફ્રેન્ડલી સોલ્યુશન્સ પુરું પાડે છે.

બ્રિક્સટન આધુનિક સમયના સુરક્ષા ઉપકરણોની સાથે બહુઉપયોગિતાનું મિશ્રણ કરીને ઉત્સાહીઓની જરુરિયાતોને પૂરી કરે છે. તથા એબીએસ, એલઈડી, લાઈટિંગ બ્રેમ્બો-પાવર્ડ જે જુઆન બ્રેક સેટઅપ, સંપૂર્ણપણે એડજેસ્ટ કરી શકાતા કેવાયબી સસ્પેન્શન વગેરે જેવી વિશેષતાઓ ધરાવે છે.

કેવીએમપીએલ-મોટોહાઉસના એમડી તુષાર શેલ્કેએ જણાવ્યું હતું કે, મોટોહાઉસમાં અમારા પદચિન્હ વિસ્તારવાની સાથે સાથે ભારતમાં સવારીના અનુભવમાં પણ ધરમૂળથી પરિવર્તન લાવી રહ્યા છીએ. અમારું લક્ષ્ય ભારતમાં વિશ્વસ્તરીય ટુ-વ્હીલર્સ લાવીને વારસાને જોડવાનો છે.

## ડાંગમાં અમદાવાદના યુવાનનું નદીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૮**

ડાંગમાં અમદાવાદના વિદ્યાર્થીનું મોત નિપજ્યું. આ વિદ્યાર્થી ડાંગમાં કેમ્પ સાઈટ માટે ગયો હતો. કેમ્પ સાઈટ પાસે આવેલ નદીમાં ડૂબી જવાથી વિદ્યાર્થીનું મોત થયું. આ વિદ્યાર્થી અમદાવાદના નિકોલનો રહેવાસી છે. યુવાનના મોતના સમાચારને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

મળતી માહિતી મુજબ અમદાવાદની આંબાવાડી વિસ્તારમાં આવેલ પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓ ડાંગ પ્રવાસે ગયા હતા. પોલિટેકનિક કોલેજના ૫૧ વિદ્યાર્થીઓ કેમ્પ સાઈટ માટે ખાનગી બસ મારફત ડાંગના પ્રવાસે પહોંચ્યા. ડાંગની સુંદરતાનો આનંદ માણ્યા બાદ વિદ્યાર્થીઓ દેવીના માળ કેમ્પ સાઈટ નજીક ગયા. ત્યાં પાસે આવેલ નદીમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ન્હાવા પડ્યા. દરમિયાન લાંબા સમય સુધી એક વિદ્યાર્થી ગુમ થઈ ગયો. અન્ય વિદ્યાર્થીઓએ તેની શોધખોળ કરતા તેનો મૃતદેહ મળી આવ્યો. વિદ્યાર્થીના મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

દસ વર્ષની મહેનત પછી, મુંબઈમાં પહેલો શો શરૂ કર્યો

# રણબીર કપૂરે લાઈફ સ્ટાઈલ બ્રાન્ડ શરૂ કરી

## ગયા વર્ષે જ્યારે રણવીરે પોતાના બર્થડે નિમિત્તે આ બ્રાન્ડની જાહેરાત કરી ત્યારે તેના ફેન્સે તેના ખુબ વખાણ કર્યા હતા




મુંબઈ, તા.૧૮

રણબીર કપૂરે શુક્રવારે મુંબઈમાં પોતાનો લાઈફ સ્ટાઈલ સ્ટોર લોંચ કર્યો છે. બાન્દ્રામાં તેણે 'આર્ક્સ'નામની બ્રાન્ડનો સ્ટોર શરૂ કર્યો છે. આર્ક્સ એ માત્ર એક નવી બ્રાન્ડ નથી પરંતુ તે રણબીર કપૂરની પોતાની વ્યક્તિગત સ્ટાઈલ છે, તેનું સ્નીકર્સ માટેનું પેશન અને સામાન્ય ફેશનમાં પણ ઉત્તમ ગુણવત્તા જાળવી રાખવા માટેની તેની શિસ્ત આ બ્રાન્ડમાં છલકાય છે. આર્ક્સમાં કાળજીપૂર્વક પસંદ કરેલા કેટલાંક કાપડમાંથી બનેલા આરામદાયક ફિટિંગ વાળા ટ્રાઉઝર, હંમેશા અને કોઈ પણ પ્રસંગે કે સ્થળે પહેરી શકાય એવા સફેદ ટી-શર્ટ, શર્ટ અને સ્ટાઈલિશ ફૂટવેર બનાવે છે. આ બ્રાન્ડના કપડાં અને એસેસરીઝ તરોતાજા, બિન્દાસ લૂક સાથે બારીકીથી બનાવવામાં આવ્યા છે, જેમાં રણબીર કપૂરની ફિલ્મી સફર તેમજ તેની સતત બદલાતી ફેશન સેન્સની પણ ઝલક જોવા મળશે. આર્ક્સ પાછળની પ્રેરણા અંગે રણબીરે તેની સ્ટાઈલ કઈ રીતે આરામદાયક હોવાની સાથે મુંબઈ સાથે લાંબું જોડાણ ધરાવે છે, તે વિશે વાત કરી. તેણે કહ્યું, "મેં દુનિયના ઘણા શહેરોનો પ્રવાસ કર્યો છે. પરંતુ મને મુંબઈ જેવી એનર્જી ક્યાંય અનુભવાઈ નથી. અહીંની ઊર્જા જ એવી છે જે તમને પ્રયત્ન કરવા પ્રેરે છે, નિષ્ફળ જાઓ અને ફરી ખડા થઈને કામે લાગો. તમે અટકી જ ન શકો અને ચાલતા જ રહો. મુંબઈ મારા અસ્તિત્વનો અને મારી આત્માનો એક ભાગ છે. મારું ઘર છે. હું દરેક ગલીમાં ક્રિકેટ રમ્યો છું, દરેક ખુણામાં ફૂટબોલની કિક મારી છે અને આ શેરીઓમાં સાઈકલ ચલાવી છે."ગયા વર્ષે જ્યારે રણવીરે પોતાના બર્થડે નિમિત્તે આ બ્રાન્ડની જાહેરાત કરી ત્યારે તેના ફેન્સે તેના ખુબ વખાણ કર્યા હતા. તેના માટે રણબીરે લોકોને સ્પર્શી જાય એવી એક પ્રમોશનલ ફિલ્મ પણ બતાવી હતી, જેમાં તેણે પોતાની પહેલી ફેશનની યાદો તાજી કરી હતી અને મુંબઈની ગલીઓમાં સાઈકલ ચલાવવાની યાદો વિશે વાત કરી હતી. આ વીડિયોમાં રણબીરે કહ્યું, "મને સ્નીકર્સ પ્રત્યે ખુબ પ્રેમ છે. મેં જ્યારે પહેલી જોડી ખરીદી એ ભાવના હું ક્યારેય ભુલી શકીશ નહીં. એ બ્લેક કલરના ચેન વાળા સ્નિકર્સ હતાં. મને યાદ છે, મને એ જ્યારે મળ્યા, તો હું એ બોક્સમાં જ રાખતો હતો અને મહિનાઓ સુધી મેં એ પહેર્યાં નહોતાં. હું સ્કૂલથી ફટાફટ આવતો અને એ જોતો હતો. એ વખતે એ મારી પાસે રહેલી અમૂલ્ય વસ્તુ હતી."રણબીરે પોતાની આર્ક્સ બ્રાન્ડના સ્નીકર્સ વિશે વાત કરતા કહ્યું, "મારા માટે, એ માત્ર સ્ટાઈલિશ જ ન લાગ જોઈએ. એ પગ માટે સૌથી વધુ

વિષ્ણુ માંચુ એ શિવના પાત્ર માટે અક્ષય કુમારની પસંદગીની પણ વાત કરી

# 'કન્નપ્પા' માટે પ્રભાસ અને મોહનલાલે એક પણ પૈસો લીધો નથી : વિષ્ણુ માંચુ

## માંચુએ કહ્યું, દસ વર્ષ પહેલાં હું દર વર્ષે વધુમાં વધુ બે ફિલ્મો કરતો હતો, પછી તે વર્ષમાં એક થઈ ગઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૮

"જીવનમાં એક સમય એવો આવે છે, જ્યારે તમારે તમારા બધાં જ પત્તાં ખોલી નાંખવા પડે છે અને દાવ રમવો પડે છે" વિષ્ણુ માંચુ પોતાના અત્તિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'કન્નપ્પા'ની વાત કંઈક આ રીતે કરે છે. ૧૪૦ કરોડના મહાકાય બજેટ સાથે બની રહેલી આ ફિલ્મ બહુ મોટા પાયા પર તૈયાર થઈ રહી છે અને દુનિયાભરમાં એક સાથે ૨૫ એપ્રિલે રિલીઝ થશે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ માંચુની પહેલી ફિલ્મ છે, તે આ ફિલ્મમાં એક્ટિંગ કરે છે, તેમજ તેણે આ ફિલ્મ લખવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાની કેરિઅરની ધીમી ગતિની પણ વાત કરી હતી. માંચુએ કહ્યું, "દસ વર્ષ પહેલાં હું દર વર્ષે વધુમાં વધુ બે ફિલ્મો કરતો હતો. પછી તે વર્ષમાં એક થઈ ગઈ, એક એક્ટર તરીકે મારે આવું નહોતું કરવું જોઈતું. પ્રભાસને જુઓ, સમગ્ર થિએટરનું તંત્ર અને બધાં જ એક્ઝિબિટર્સ તેને પ્રેમ કરે છે કારણ કે તે વર્ષમાં બે ફિલ્મો આપે છે અને પણ લાર્જર ધેન લાઈફ. તે થિએટરને જીવંત કરી દે છે."કન્નપ્પા બીજી સદીના ભગવાન શિવના પરમ ભક્તના જીવન પર આધારીત છે. આ ફિલ્મની સ્ટોરી અંગે વિષ્ણુ માંચુએ કહ્યું, "૧૯૩૮માં પહેલી વખત તમિલ ભાષામાં કન્નપ્પા વિશે ફિલ્મ બની હતી, જેનું નામ કન્નપ્પા નાયાનાર હતું. ત્યાર પછી ડૉ.રાજકુમારે ૧૯૫૪માં તેલુગુ અને કન્નડા ફિલ્મો બનાવી, જેનાં નામ કલાહસ્તી મહાત્યમ અને બેદરા કન્નપ્પા હતાં. પછી વધુ બે ફિલ્મો આવી, ૧૯૭૬માં ભક્ત કન્નપ્પા અને ૧૯૮૮માં શિવા મેચીદા કન્નપ્પા. અમે ૩૬ વર્ષે પહેલી વખત ભગવાન કન્નપ્પાની વાર્તા લઈને આવી રહ્યાં છીએ."આ ફિલ્મમાં અક્ષય કુમારની પસંદગી વિશે માંચુએ કહ્યું, "અમે અક્ષય કુમારને મળવા ગયા ત્યારે પહેલાં બે વખત તેમણે અમારી ઓફર ઠુકરાવી દીધી હતી. પછી એક અન્ય ડિરેક્ટરની મદદથી અમે તેમને મનાવ્યા. મેં તેમને કહ્યું કે આજની પેઢી માટે તેઓ ભગવાન શિવનો ચહેરો હોવા જોઈએ.

આગળની પેઢીઓ માટે અન્ય કલાકારો હતા પરંતુ આજે એક જ ચહેરો છે—અક્ષય કુમાર. આ રીતે તેઓ કન્વિન્સ થયા."જ્યારે મોહનલાલ અને પ્રભાસ સાથેના અનુભવો અંગે માંચુએ કહ્યું, "મોહનલાલ સર અને પ્રભાસ બંનેને મનાવવા માટે મારે કશું જ કરવું પડ્યું નથી. તેઓ ગમે ત્યારે શૂટ કરવા તૈયાર હતા અને એ પણ મારા પિતા પ્રત્યેના પ્રેમને ખાતર. ખરેખર તો એમણે બંનેએ આ ફિલ્મ માટે એક પૈસો પણ ચાર્જ કર્યો નથી.

દુલ્હન ધન્યતાએ લાલ બોર્ડરવાળી સોનેરી સાડી પહેરી હતી

# પુષ્પા ર 'સ્ટારને મળી ગયો લેડી લવ ડાલી ધનંજય લગ્નગ્રંથિથી જોડાયો

## અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા'માં જાલી રેડ્ડીની ભૂમિકા ભજવનાર દક્ષિણ સિનેમાના પ્રખ્યાત અભિનેતા ડાલી ધનંજય હવે પરિણીત છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૮

અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા'માં જાલી રેડ્ડીની ભૂમિકા ભજવનાર દક્ષિણ સિનેમાના પ્રખ્યાત અભિનેતા ડાલી ધનંજય હવે પરિણીત છે. તાજેતરમાં, તેમણે એક ખાનગી સમારંભમાં તેમની પ્રેમિકા ડૉ. ધન્યથા ગૌરકલર સાથે લગ્ન કર્યા, જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ફિલ્મમાં, બંને મંડપમાં એકબીજા સાથે રોમેન્ટિક મૂડમાં જોવા મળ્યા હતા.તાજેતરમાં, દક્ષિણ સિનેમાના પ્રખ્યાત અભિનેતા ડાલી ધનંજય, જેમણે દક્ષિણના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર ફિલ્મ 'પુષ્પા ર'માં જાલી રેડ્ડીનું પાત્ર ભજવ્યું હતું, તેમણે લગ્ન કર્યા છે. તેમણે તાજેતરમાં જ મૈસુરના એક્ઝિબિશન ગ્રાઉન્ડ્સ ખાતે એક ખાનગી સમારંભમાં તેમની પ્રેમિકા ડૉ. ધન્યતા ગૌરકલર સાથે લગ્ન કર્યા. આ ખાસ પ્રસંગ માટે, ડાલીએ મૈસુર પેટા સાથે પરંપરાગત ઓફ-વ્હાઈટ અને ગોલ્ડન વેશ્તી અને કુર્તો પહેર્યો હતો.દુલ્હન ધન્યતાએ લાલ બોર્ડરવાળી સોનેરી સાડી પહેરી હતી જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. બંનેના લગ્નના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં બંને લગ્ન મંડપમાં રોમેન્ટિક દેખાઈ રહ્યા હતા અને એકબીજા માટે જ બનેલા હોય તેવું લાગતું હતું.આ લગ્ન પછી, આ દંપતીએ એક ભવ્ય રિસેપ્શન પાર્ટીનું પણ આયોજન કર્યું હતું, જેમાં ઘણી મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો. ડાલી અને ધન્યતાની પહેલી મુલાકાત એક ફિલ્મ ઈવેન્ટમાં થઈ હતી. તેઓ ૨૦૨૦ થી એકબીજાને ડેટ કરી રહ્યા હતા અને ૧ નવેમ્બર ૨૦૨૪ ના રોજ સગાઈ કરી. તાજેતરમાં, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ, તેમના લગ્ન થયા. આ ખાસ લગ્નમાં ફક્ત નજીકના મિત્રો અને પરિવારના સભ્યો જ હાજર રહ્યા હતા. તેમના લગ્નના ફોટા પણ ફેન પેજ દ્વારા શેર કરવામાં આવી રહ્યા છે. લગ્ન પછી, આ દંપતીએ તેમના મિત્રો અને સેલિબ્રિટીઝ માટે એક ભવ્ય રિસેપ્શનનું આયોજન કર્યું હતું, જેમાં ઘણા પ્રખ્યાત લોકો અને અન્ય જાણીતા ચહેરાઓએ હાજરી આપી હતી.

પાયલ કાપડિયા દ્વારા દિગ્દર્શિત

# 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' બાફટા એવોર્ડ ચૂકી

## 'એમિલિયા પેરેઝ' ની મુખ્ય અભિનેત્રી કાર્લા સોફિયા ગેસ્કોન તેના કેટલાક જૂના ટ્વીટ્સને લઈને વિવાદોમાં ઘેરાયેલી હતી



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૮

પાયલ કાપડિયા દ્વારા દિગ્દર્શિત 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મનો બાફટા એવોર્ડ મેળવી શકી નહીં. વિવેચકો દ્વારા વખાણાયેલી આ ફિલ્મ ફ્રેન્ચ-સ્પેનિશ ફિલ્મ એમિલિયા પેરેઝ સામે શ્રેણીમાં હારી ગઈ. રવિવારે લંડનના રોયલ આલ્બર્ટ હોલમાં આયોજિત બાફટા એવોર્ડ સમારોહમાં એમિલિયા પેરેઝે શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મનો એવોર્ડ જીત્યો. 'એમિલિયા પેરેઝ' ની મુખ્ય અભિનેત્રી કાર્લા સોફિયા ગેસ્કોન તેના કેટલાક જૂના ટ્વીટ્સને લઈને વિવાદોમાં ઘેરાયેલી હતી, જેને ઈસ્લામોફોબિક અને જાતિવાદી તરીકે જોવામાં આવ્યા હતા. ફિલ્મની બીજી મુખ્ય ભૂમિકા ઝો સલ્ડાનાએ સહાયક અભિનેત્રી શ્રેણીમાં બાફટા એવોર્ડ જીત્યો.ફિલ્મની વાર્તા એવી છે કે ડ્રગ કાર્ટેલની વડા એમિલિયા (કાર્લા સોફિયા ગેસ્કોન) એક પ્રખ્યાત વકીલ રીટા (ઝો સલ્ડાના) ને મોટી રકમ માટે રાખે છે, જે કોર્ટમાં તેના મૃત્યુની ખોટી વાર્તા બનાવી શકે છે. વાસ્તવમાં, એમિલિયા પોતાને મૃત જાહેર કરવા માંગે છે જેથી તે પોતાનું બાકીનું જીવન કોઈપણ ભય વિના મુક્તપણે જીવી શકે.જ્યારે 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' મુંબઈમાં રહેતી બે મલયાલી નર્સો અને તેમની મિત્રતાની આસપાસ ફરે છે. આ મલયાલમ-હિન્દી ફિલ્મે ગયા વર્ષે મે મહિનામાં કાન્સમાં ગ્રાન્ડ પ્રિક્સ જીત્યો હતો અને આ સિદ્ધિ હાંસલ કરનારી પ્રથમ ભારતીય ફિલ્મ બની હતી. આ વર્ષની શરૂઆતમાં, 'એમિલિયા પેરેઝ' એ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ', 'ધ ગર્લ વિથ ધ નીડલ', 'આઈ એમ સ્ટિલ હીયર', 'ધ સીડ ઓફ ધ સેક્રેડ ફિગ' અને 'વર્મિગ્લિયો' ને હરાવીને બેસ્ટ મોશન પિક્ચર નોન-અંગ્રેજી ભાષા શ્રેણીમાં ગોલ્ડન ગ્લોબ એવોર્ડ પણ જીત્યો હતો.

રાજકુમાર અને પત્રલેખાએ ૧૧ વર્ષ ડેટિંગ કર્યા બાદ ૨૦૨૧માં લગ્ન કર્યા છે

# અમે જવાબદારી સરખા ભાગે વહેંચી લીધેલી છે : પત્રલેખા

## પત્રલેખાએ અમારા માટે રસોઈ કરી હોય તો મને વાસણ સાફ કરવા ગમે છે: રાજકુમાર રાવ




મુંબઈ, તા.૧૮

આમ ભલે પતિ-પત્નીઓ આખું વર્ષ પ્રેમથી રહેતાં હોય કે તેમ છતાં વેલેન્ટાઈન્સ ડે નિમિત્તે તેઓ ટીનેજર્સની માફક એકબીજા માટે કોઈ સરપ્રાઈઝ કે નાની ગિફ્ટ પણ આપતા રહેતા હોય છે. પરંતુ રાજકુમાર રાવ અને પત્રલેખાનું આવું નથી. કારણ કે તેમણે હંમેશા એકબીજાની સાથે રહેવાનું અને એકબીજા માટે નાનું કશુંક ગમે તેવું કરતાં રહેવાનું વચન આપેલું છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં કપલે ઘરમાં બંનેની સમાન જવાબદારીઓ અંગે વાત કરી હતી. પત્રલેખાએ રાજકુમાર રાવ સાથેના મજબુત નાતા વિશે કહ્યું, "અમે બંનેએ શરૂઆતથી જ નક્કી કર્યું હતું કે અમારા સંબંધમાં કોઈ ઉપર કે નીચે નહીં હોય. બધું જ બંનેનું હશે-નાનું કે મોટું."પત્રલેખાએ આગળ જણાવ્યું, "એ અતિશય ચોક્કસ રીતે બધું જ ચોકસાઈથી રાખવામાં માને છે. એણે નાનામાં નાની વસ્તુ ક્યાં રાખી છે તે એને યાદ હોય છે. મને રસોઈ કરવી ગમે છે અને રાજકુમાર હંમેશા ડિશ સાફ કરવામાં મને મદદ કરે છે. આવી નાની નાની બાબતોમાં એકબીજાની સાથે રહીને કામ કરીને અમે એકબીજાની વધુ નજીક આવીએ છીએ તેમાં અમારા સંબંધની સમાનતા છલકે છે."આ સંદર્ભે રાજકુમારે કહ્યું, "અમારા સંબંધમાં અમે માનીએ છીએ કે સમાનતા નાના કામોથી શરૂ થાય છે. જ્યારે પત્રલેખાએ અમારા માટે રસોઈ કરી હોય તો મને વાસણ સાફ કરવા ગમે છે કે એ જ્યારે ઘરથી દૂર હોય ત્યારે મને ઘરના કામ કરવા ગમે છે. આ બસ એકબીજાની સાથે મળીને જીવનને સરળ બનાવવાની વાત છે. અમારા માટે, એ એકબીજાને કામ કર્યું છે એ જતાવવાની વાત નથી પણ એકબીજાની સાથે રહેવાની વાત છે.

રશ્મિકા ફિલ્મના સેટ પર આવી

# સફળ ફિલ્મોની હેટ્રીક આપનારી હીરોઈને સલમાન ખાનને આપી રાહત





(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૮

બૉક્સ ઓફિસ પર એક જ દિવસમાં ધમાકો કરનારી ફિલ્મ છાવાની હીરોઈન રશ્મિકા મંદાના તેની સફળ હિન્દી ફિલ્મોની હેટ્રિક એન્જોય કરી રહી છે. એનિમલ ફિલ્મથી તેણે બોલીવૂડમાં એન્ટ્રી કરી. એનિમલ ત્યારબાદ પુષ્પા અને હવે છાવા એમ ત્રણ સતત હીટ ફિલ્મોનો તે ભાગ રહી છે. જોકે પુષ્પાની સફળતા એન્જોય કરવાનું રશ્મિકા માટે શક્ય બન્યું નહીં. જીમમાં કસરત કરતી વખતે તેનું એક્સિડેન્ટ થયું અને તેને પગમાં ઘણો માર વાગ્યો હતો.આમ થવાથી સલમાન ખાનને સૌથી વધારે નુકસાન થયું કારણ કે તેની ફિલ્મ સિકંદરનું શૂટિંગ અટકી ગયું. એક તો બિશ્નોઈ ગેંગની ધમકીઓને લીધે તેણે અમુક દિવસનું શૂટિંગ રદ કર્યું હતું. રશ્મિકાની હાલત એવી હતી કે તે શૂટ કરી શકે તેમ જ ન હતી આથી સિકંદરનું ટ્રેલર સમયસર રિલિઝ થશે કે નહીં તેની ચિંતા નિર્માતા અને સલમાનને હતી.છાવાના ટ્રેલર લૉંચ વખતે રશ્મિકા હૈદરાબાદથી વ્હીલચેરમાં આવી હતી અને તે જે રીતે લંગડાતી હતી તે જોતા સમજી શકાય તેમ હતું કે તેની હાલત કેટલી ખરાબ છે.જોકે હવે રશ્મિકા સેટ પર આવી ગઈ છે. તેણે પોતે જ ઈન્સ્ટાગ્રામ પર અપડેટ કર્યું છે. તેના સેટ પર પાછા આવવાથી સલમાનથી માંડી બધાએ રાહત અનુભવી છે. સલમાન ઈદના દિવસે પોતાની ફિલ્મ રિલિઝ કરતો હોય છે. તે પહેલા યોગ્ય સમયે તેનું ટ્રેલર લૉંચ થાય તે માટે સૌ કોઈ કામે લાગી ગયા છે.


## છાવાના ટ્રેલર લૉંચ વખતે રશ્મિકા હૈદરાબાદથી વ્હીલચેરમાં આવી હતી અને તે જે રીતે લંગડાતી હતી

# સ્વરસંગ્યા ચેરિટેબલ ટ્રસ્ટે સુરત ટ્રાફિક પોલીસ માટે મફત શ્રવણ ચકાસણી શરૂ કરી









સ્વરસંગ્યા ચેરિટેબલ ટ્રસ્ટ ફરી એકવાર ધ્વનિ -દૂષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ટ્રસ્ટ સુરતના ટ્રાફિક પોલીસ કર્મચારીઓ માટે મફત શ્રવણ ચકાસણી અભિયાન શરૂ કર્યું છે. આ પહેલનો ઉદ્દેશ ટ્રાફિક પોલીસના શ્રવણ આરોગ્યને સુરક્ષિત રાખવાની છે, કારણ કે તેઓ સતત ઉંચા અવાજના સ્તર સામે સંઘર્ષ કરી રહ્યા છે.

આ પહેલ કેમ મહત્વપૂર્ણ છે?

ટ્રાફિક પોલીસ કર્મચારીઓ શ્રવણ નુકસાનથી સૌથી વધુ -ભાવિત થનારા વ્યાવસાયિકો પૈકીના છે. અભ્યાસ દર્શાવે છે કે ૮૫ ડેસિબલ (dB) કરતા વધુ અવાજના સ્તરે લાંબા સમય સુધી સંસ્પર્શમાં રહેવું કાયમી શ્રવણ નુકસાનનું કારણ બની શકે છે. શહેરના વાહનવ્યવહાર કારણે ધ્વનિ પ્રદૂષણ ૧૦૦ ફુગ કરતા વધુ સુધી પહોંચી શકે છે, જે શ્રવણ રક્ષણ અને નિયમિત ચકાસણીને અત્યંત જરૂરી બનાવે છે.

ટ્રાફિક પોલીસ માટે નિયમિત શ્રવણ ચકાસણીની મહત્વતાઁ શ્રવણ નુકસાનની પ્રારંભિક શોધૈં નિયમિત ચકાસણી શ્રવણ ક્ષતિને વહેલા તબક્કે શોધવામાં મદદ કરી શકે છે, જેથી સમયસર ઉપાય કરી શકાય. કામ કરવાની કાર્યક્ષમતા સુધરશેં શ્રવણ આરોગ્ય સારું હોય તો પોલીસ કર્મચારીઓ સંચાર વધુ અસરકારક રીતે કરી શકે છે. જે રોડ સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

જીવનની ગુણવત્તામાં સુધારોઁ શ્રવણ આરોગ્યમાં સુધારો tinnitus (કાનમાં સતત વાગતો અવાજ) અને શ્રવણ થાકને અટકાવીને આરોગ્યમાં સુધારો લાવી શકે છે.

સલામત રસ્તાઓ માટે એક પગલું , આ પહેલ દ્વારા, સ્વરસંગ્યા ચેરિટેબલ ટ્રસ્ટ ટ્રાફિક પોલીસને મફત. ઉચ્ચ-ગુણવત્તાવાળા શ્રવણ પરીક્ષણો અને અવાજ રક્ષણ પદ્ધતિઓ માટે માર્ગદર્શન પ્રદાન કરે છે. આ અભિયાન ફક્ત નિદાન સુધી સીમિત નથી, પરંતુ તે પોલીસ કર્મચારીઓને શ્રવણ રક્ષણ માટેના પગલાં. જેમ કે અવાજ-ઓછું કરનારા કાનપટ્ટા અને ઉચ્ચ.અવાજ વિસ્તારોમાં વિરામ લેવાની પદ્ધતિઓ વિશે પણ જાગૃત કરે છે.

# KONE એલિવેટર ઈન્ડિયાએ સુરતમાં નવી ઓફિસ સાથે દક્ષિણ ગુજરાતમાં હાજરીનો વિસ્તાર કર્યો



સુરત, ૧૮

એલિવેટર, એસ્કેલેટર અને ઓટોમેશન સોલ્યુશન્સના અગ્રણી પ્રદાતા, KONE એલિવેટર ઈન્ડિયાએ આજે દક્ષિણ ગુજરાતમાં તેના નવા ઓફિસ સ્પેસના લોન્ચ સાથે તેના વિસ્તરણની જાહેરાત કરી. આ વિસ્તરણ દેશભરના ગ્રાહકોને ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનો અને સેવાઓ પહોંચાડવાની KONE ઈન્ડિયાની પ્રતિબદ્ધતામાં વધુ એક સીમાચિહ્નરૂપ છે.

કંપનીને ઈન્ટરનેશનલ વેલ્થ સેન્ટર (સુરાના), રિયો એમ્પાયર (વાસુપૂજ્ય ગ્રુપ), રાજહંસ ફ્લેમિંગો અને ટ્રિઓન્ઝા (રાજહંસ), ઈકો કોમર્ઝ (ઈકો હોમ્સ ), મેસર્સ શ્રીપદ ગ્રુપ દ્વારા વિવિધ પ્રોજેક્ટ્સ, નવસારીમાં ઉદય વિલાસ, વલસાડ ખાતે વલસાડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સ્ટડીઝ , સંગિની અરાઈઝ (સંગિની ગ્રુપ), ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને સભાગ્રહ જેવી અગ્રણી સંસ્થાઓ સાથે જોડાણ કરવાનો ગર્વ છે. ઘણા વર્તમાન અને આગામી પ્રોજેક્ટ્સ નવી ઓફિસમાંથી સંચાલિત કરવામાં આવશે. સુરતના વેસુ ખાતે વ્યૂહાત્મક રીતે સ્થિત આ ઓફિસ દક્ષિણ ગુજરાતમાં એલિવેટર અને એસ્કેલેટર સોલ્યુશન્સની વધતી જતી માંગને પૂર્ણ કરે તેવી અપેક્ષા છે. આ ઓફિસ એલિવેટર ડિઝાઈન, સુવિધાઓ અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરતા પ્રદર્શન કેન્દ્ર તરીકે પણ સેવા આપશે. ધ્ક્ર્ ઈન્ડિયાની સ્થાનિક સ્તરે સ્થિત સેલ્સ, ઈન્સ્ટોલેશન અને સર્વિસ ટીમો સુરત, વાપી, વલસાડ, નવસારી, અંકલેશ્વર અને ભરૂચના ગ્રાહકો માટે સમર્પિતપણે કાર્યરત રહેશે.

નવી ઓફિસ- KONE એલિવેટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ઓફિસ નંબરૈં ૧૦૦૬ અને ૧૦૦૭, ઈન્ટરનેશનલ વેલ્થ સેન્ટર, સીબી પટેલ ક્લબ હાઉસ પાસે, વીઆઈપી રોડ, વેસુ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત ખાતે આવેલ છે.

ઓફિસ લોન્ચ પ્રસંગે, , ધ્ક્ર્ ઈન્ડિયા અને સાઉથ એશિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અમિત ગોસૈને જણાવ્યું કે,ૈં અમે સુરતમાં અમારી હાજરી વિસ્તારવા માટે ઉત્સાહિત છીએ - આ એક ઝડપથી વિકસતું શહેર છે જે અમારા વ્યવસાય માટે મોટી સંભાવનાઓ પ્રદાન કરે છે. અમારું માનવું છે કે આ વિસ્તરણ નવીનતા તરફ ઘણા દરવાજા ખોલશે તથા સુરતના વિકાસમાં ફાળો આપશે અને તેના નાગરિકોની આજીવિકામાં સુધારો કરશેં.

# વલસાડ જિલ્લાની તમામ ત્રણ નગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય

*વલસાડ, તા.૧૮*

*વલસાડ જિલ્લાની તમામ ત્રણ નગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. વલસાડ, પારડી અને ધરમપુર નગરપાલિકામાં ભાજપનો ઐતિહાસિક વિજય થયો છે. તો બીજી તરફ ધરમપુર નગરપાલિકા કોંગ્રેસમુક્ત થઈ છે.*

*કુલ ૪૪ બેઠકોમાંથી ૪૧ બેઠક પર ભાજપનો વિજય થયો છે જ્યારે ૨ બેઠક પર અપક્ષ ઉમેદવારો અને અને માત્ર ૧ જ બેઠક પર કોંગ્રેસનો વિજય થયો છે.*

*કુલ ૨૪ બેઠકોમાંથી ૨૦ બેઠક પર ભાજપનો વિજય થયો છે. ૪ બેઠકો પર અપક્ષનો વિજય થયો છે. આમ ધરમપુર નગરપાલિકા કોંગ્રેસ મુક્ત થઈ છે.*

*વલસાડ જિલ્લાની તમામ નગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે.. આ સાથે જ કપરાડા અને ઉમરગામ તાલુકા પંચાયતની ત્રણ બેઠકોની પેટા ચૂંટણીમાં પણ ભાજપના ઐતિહાસિક પ્રદર્શનને કારણે બીજેપીની છાવણીમાં ઉત્સાહનો માહોલ છે તો નવસારીના વાંસદા તાલુકા પંચાયતની એક બેઠક અને ડાંગ જિલ્લા પંચાયતની એક બેઠક પર પણ ભાજપના ઐતિહાસિક વિજયને કારણે ભાજપ છાવણીમાં ઉત્સાહનો માહોલ છે.*

*પરિણામો બાદ પ્રતિક્રિયા આપતા વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલે વ્યક્તિગત રીતે વાંસદાના કોંગ્રેસી ધારાસભ્ય અને આદિવાસી અગ્રણી અનંત પટેલ પર પણ આક્ષેપો કર્યા હતા. નકારાત્મક રાજનીતિને કારણે અનંત પટેલ અને કોંગ્રેસની આવી દશા થઈ હોવાનું જણાવ્યું હતું. આ સાથે જ ધવલ પટેલે અનંત પટેલને બહાનાબાજ અને આંદોલનબાજ નેતા ગણાવ્યા હતા. હવે પછીના સમયમાં કોંગ્રેસ અને અનંત પટેલની પણ હારનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. આમ સાંસદ ધવલ પટેલે અનંત પટેલ પર આક્ષેપો કરતા વલસાડ જિલ્લા અને આદિવાસી વિસ્તારોમાં રાજકારણ ગરમાયું છે.*

*ઉત્તર ગુજરાતમાં ભાજપનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. ખેરાલુ અને વડનગર નગરપાલિકામાં ભાજપે જીત મેળવી હતી. મહેસાણાની બંને નગરપાલિકા પર ભાજપે જીત મેળવી હતી. ખેરાલુ અને વડનગર પાલિકામાં પણ ભાજપનું શાસન રહેશે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન રહેશે. ગાંધીનગરની ૨૮ પૈકી ૨૦ પર ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો.*

*ગાંધીનગરની ૨૮ પૈકી ૮ પર કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો હતો.*

*સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં સોળે કળાએ કમળ ખિલ્યું હતું. પ્રાંતિજમાં ૨૪ પૈકી ૧૯ બેઠક પર ભાજપે જીત મેળવી હતી. તલોદમાં ૨૪ પૈકી ૨૨ બેઠક ભાજપના ફાળે ગઈ હતી. ખેડબ્રહ્મામાં ૨૮ પૈકી ૧૭ બેઠક*

*ભાજપના ફાળે આવી હતી. વલસાડની ૪૪માંથી ૪૧ બેઠક પર ભાજપની જીત થઈ હતી. પારડીની ૨૮માંથી ૨૨ બેઠક પર ભાજપની જીત થઈ હતી. નવસારી જિલ્લાની બિલીમોરા નગરપાલિકામાં ભાજપની જીત થઈ હતી.*

પાછળ ભાઈ પણ કુધો, માતા-પિતા માથે આભ ફાટ્યું

# ભાઈએ બહેનનો ફોન તોડી નાખ્યો, ગુસ્સામાં બહેને કૂવામાં કુદકો માર્યો

*પુદુકોટ્ટઈ, તા.૧૮*

*આ જિંદગી પણ ગજબના ખેલ બતાવે છે. ક્યારેક હસાવે છે, તો ક્યારેક રડાવે છે. તમિલનાડૂના પુદુકોટ્ટઈના મંડૈયૂરમાં જે થયું તે કોઈ હચમચાવી નાખી ફિલ્મી કહાનીથી જરાંયે ઉતરતી નથી. પણ અફસોસ, આ કોઈ ફિલ્મ નથી. હકીકત હતી. પુદુકોટ્ટઈના મંડૈયૂરમાં એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે, જ્યાં સિથિરાઈકુમાર અને જીવિતાનું જીવન આખું બદલાઈ ગયું.*

*સિથિરાઈકુમાર અને જીવિતા, આમ તો દંપત્તિ છે. ઘરમાં ખુશીઓ હતી. ૧૮ વર્ષનો દીકરો અને ૧૧ વર્ષની દીકરી, મતલબ ભાઈ બહેનની પ્રેમાળ જોડી, જે ક્યારેક રમતી તો ક્યારેક ટકરાર પણ કરી લેતી, પણ કોણ જાણતું હતું કે, એક નાની એવી ભૂલ આટલું મોટું તોફાન લઈને આવશે.*

*ઘટનાના દિવસે જ્યારે બંને ઘરમાં હતા, તેમના વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થઈ ગયો અને ભાઈએ બહેનનો ફોન તોડી નાખ્યો. જે બાદ ગુસ્સામાં લાલઘૂમ થયેલી બહેન દોડી અને સીધી કૂવામાં છલાંગ લગાવી દીધી.*

*બહેનને કૂદતી જોઈ ભાઈએ પણ તેને બચાવવા માટે કૂવામાં કૂદી પડ્યો. પણ અફસોસ. આ પ્રેમ, આ હિમ્મત પણ આ બંનેના જીવ બચાવી શક્યા નહીં. બંને ભાઈ બહેન પાણીમાં સમાઈ ગયા અને હંમેશા માટે આ જોડી શાંત થઈ ગઈ.*

*ગામમાં જ માતમ છવાયેલો છે, માતા-પિતાના આંસૂ રોકાવાનું નામ નથી લેતા. ઘરની દીવાલો કદાચ આ બંનેના પ્રેમાળ હાસ્યને અનુભવી રહી હશે, પણ અફસોસ હવે સન્નાટો છે. એક એવો સન્નાટો જે કાનમાં વાગે એવો. બંનેની લાશને ત્રિચી સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ બાદ ગામમાં દફનાવી દીધી.*

## છેલ્લા પાનાનું ચાલુ

### પ્રેમીએ

જણાવ્યું હતું કે, સવારે નવ વાગ્યાના અરસામાં વાંકલ ગામથી ૫૦૦ મીટર દૂર યુવક અને યુવતીને ગળાના ભાગે ઈજા થઈ હતી. પોલીસને જાણ થતાં, પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી. યુવતીનું મૃત્યુ થયું છે અને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. ઈજાગ્રસ્ત યુવક હાલ સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ છે, અને તેની સારવાર ચાલી રહી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે બંને સાથે ભણતા હતા અને બંને વચ્ચે પ્રેમસંબંધ હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઘટના બન્યા પહેલા બંનેના મોબાઈલ પર વાત થયેલી હતી. બંને એકબીજાને વાંકલ ખાતે મળવા આવ્યા હતા અને સાથે બેઠા હતા. તેમના વચ્ચે શું બન્યું, કોઈ અણબનાવ હતો કે નહીં, તમામ વિગતો પોલીસે એકત્ર કરી રહી છે. આ ઘટના બાદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસને ત્યાં એક ચપ્પુ અને બ્લેડ મળ્યા.

### મંદિરમાં

ઉદયપુર, રાજસ્થાન - લૂંટ, પ્રતાપગઢ, રાજસ્થાન - લૂંટ ગુનાઓમાં વોન્ટેડ હતો.

આ ગેંગ વિવિધ રાજ્યોના મંદિરોને ટાર્ગેટ કરતી અને રાત્રિના સમયે ધર્મસ્થળોમાં ચોરી અને લૂંટ ચલાવતી. તેઓ મુખ્યત્વે દાનપેટી, દાગીના, મૂર્તિઓ અને મંદિરમાં રહેલી કિંમતી વસ્તુઓની તસ્કરી કરતા. આરોપી લક્ષ્મણ મીણાને વેસુ પોલીસ સ્ટેશનના કબ્જે સોંપવામાં આવી રહ્યો છે અને ગેંગના અન્ય વોન્ટેડ સાગરીતો રોહીત અને અન્ય સાથે સંકળાયેલા લોકોને પકડી પાડવા વધુ તપાસ ચાલુ છે. આ રીતે સુરત ક્રાઈમ બ્રાંચે એક મોટા મંદિર ચોરી ગેંગનો ભેદ ઉકેલી મહત્વની સફળતા મેળવી છે.

### સુરતમાં

શોધખોળ કરવા છતાં પણ ન મળતા અંતે પોલીસને જાણ કરી હતી.

દીકરાએ પોલીસ સાથે તપાસ કરતા ડુમસના દરિયા કિનારે આવેલા ગણેશ મંદિર પાસેથી પિતા બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ત્યારબાદ તેમને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જયાં તેમનું રાત્રે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. વૃદ્ધના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. જોકે હાલ વૃદ્ધના આપઘાતનું કારણ સામે આવ્યું નથી.

બીજા આપઘાતના બનાવમાં, મૂળ સૌરાષ્ટ્ર અને વેલંજામાં ઉમરા ગામ ખાતે આવેલી મિલનીયમ રેસિડેન્સીમાં ૩૭ વર્ષીય અમિત શીવાભાઈ ગજેરા પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં પત્ની અને એક ચાર વર્ષનો દીકરો છે. અમિત હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો હતો. થોડા મહિનાઓ પહેલા મિલેનિયમ રેસિડેન્સીમાં ૩૫ લાખનું મકાન લીધું હતું, જેના પર લોન ચાલતી હતી.

અમિત ઘરે હતો અને તેની પત્ની અને દીકરો લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યારે અમે તે એકલતાનો લાભ લઈને ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો. ત્યારબાદ તેને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ તો હીરામાં મંદી અને મકાન પર લીધેલી લોનના હપ્તા ન ચૂકવાતા આર્થિક સંકળામણના કારણે જીવન ટૂંકાવવી દીધું હોવાની શક્યતા સેવવામાં આવી રહી છે. અમિતના આપઘાતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

### સુરતના

કાયદા હેઠળ સુરતીઓ પાસેથી એક કરોડથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે, ગતરોજ પણ આ રીતનો ટ્રાફિકજામ સર્જાયો હતો. રોજરોજ ટ્રાફિકજામને પગલે લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

## પહેલા પાનાનું ચાલુ

### અત્ર તત્ર

*જાહેર થતાં સલાયા ભાજપમાં સન્નાટો છવાઈ ગયો છે. નોંધનીય છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ એકમાત્ર બેઠક હશે જ્યાં ભાજપનું ખાતું પણ ખોલાવી શકી નથી.*

*ભાવનગર જિલ્લાના તળાજામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અહીં રિકાઉન્ટિંગમાં પણ ભાજપ જીતી ગયો છે. જ્યારે ધ્રાંગધ્રા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ ઉમેદવાર અમરાભાઈ હાડગડા જીતી ગયા છે. આ ઉપરાંત સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં વોર્ડ નંબર ૩ના અપક્ષ ઉમેદવાર રામજી પંડ્યાએ રિકાઉન્ટિંગની માંગ કરી છે. ભાજપ અને અપક્ષ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. ત્યારે વોર્ડ નંબર ૩ માં ફક્ત ૩૦ મતોનું માર્જિન હોવાના કારણે રિકાઉન્ટિંગની માંગ કરવામાં આવી રહી છે. જૂનાગઢના વંથલીમાં વોર્ડ નંબર ૪માં ભાજપની પેનલ જીતી જતાં ભાજપનો વિજયરથ આગળ વધ્યો. આ સાથે ભાજપનો સ્કોર જૂનાગઢ મહાનગરપાલિકામાં ૨૭ પર પહોંચી ગયો છે જ્યારે ૧ બેઠક અપક્ષના હાથમાં છે અને કોંગ્રેસ હજુ ખાલી હાથ છે. વાંકાનેર નગરપાલિકાની વાત કરીએ તો ૧૧ બેઠકો પર ભાજપ બિનહરિફ રહ્યા બાદ હવે વધુ ચાર બેઠકો જીતી ગયો છે. વાંકાનેરમાં કુલ ૨૮ બેઠકો છે. જેમાં મોટાભાગની બેઠકો ભાજપને મળે તેવી શક્યતાને જોતાં સત્તામાં અહીં ભાજપ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.*

*આ ઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજયરથ યથાવત છે. હજુ સુધી કોંગ્રેસનું ખાતું ખુલ્યું નથી. જો કે અહીં એક મોટો અપસેટ થયો છે. જૂનાગઢ કોર્પોરેશનના પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચાનો પુત્ર પાર્થ કોટેચા અપક્ષ સામે હારી ગયો છે. હાલ મળતી માહિતી મુજબ અહીં ભાજપના ખાતામાં ૧૨ બેઠકો આવી ચૂકી છે. કુલ બેઠકો ૬૦ છે.*

*આ ઉપરાંત ચોરવાડમાં પણ મોટો ઉલટફેર થયો છે. જેમાં ગીર સોમનાથના વર્તમાન ધારાસભ્ય વિમલ ચુડાસમા ચોરવાડ નગરપાલિકાની ચૂંટણીમાં હારી ગયાનું જાણવા મળ્યું છે. બાવળા ન.પા.માં કોંગ્રેસના બે ઉમેદવાર જીત્યાં છે. જેમાં બાવળા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસના ૨ અને ભાજપના ૨ ઉમેદવારો જીત્યાં હતા. જ્યારે કે, સાણંદ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી છે. સાણંદ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલનો વિજય થયો હતો. તે સિવાય માણસા નગરપાલિકાની વોર્ડ-નંબર ૧માં પણ ભાજપની પેનલ જીતી છે.*

*લુણાવાડા-બાલાસિનોરમાં ભાજપની વિજયી શરૂઆત થઈ છે. લુણાવાડા અને બાલાસિનોરમાં ભાજપની પેનલ આગળ છે. સંતરામપુરના વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ આગળ નીકળી ગઈછે. ખાનપુર-કનોડ તાલુકા પંચાયતમાં પંજો આગળ છે. ખાનપુર-કનોડ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ આગળ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ભાણવડની ૨૪ પૈકી ૮ બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર કરાયા હતા. કુતિયાણા નગરપાલિકાના વોર્ડ-૧માં ભાજપની પેનલ જીતી ગઈ છે.*

*આ ઉપરાંત વલસાડમાં પણ ભગવો લહેરાયો છે. વલસાડ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી. જ્યારે જૂનાગઢના વંથલીમાં વોર્ડ નંબર-૧માં ભાજપના ચારેય ઉમેદવાર વિજયી થયા. હાલોલ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી ગઈ છે. સ્થાનિક એકમોની ચૂંટણીના અત્યાર સુધીના પરિણામો અનુસાર ખેડબ્રહ્મા વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ એટલે કે ચારેય ઉમેદવાર વિજયી બન્યા છે. જ્યારે હાલોલ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં પણ ભગવો લહેરાયો છે. હાલોલ નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં ભાજપની જીત, સાણંદ નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં ભાજપની જીત, જામજોધપુરના વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલ જીતી, કોડીનારમાં ભાજપની પેનલ જીતી, સાબરકાંઠાના પ્રાંતિજમાં વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, માણસા નપાના વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, તલોદના વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, અમરેલીના ચાલાલામાં ભાજપની ૪ બેઠકો પર જીત સાથે ખાતું ખુલ્યું, ચોરવાડ નગરપાલિકામાં વોર્ડ નંબર ૧ પર ભાજપની જીત, તાપીના સોનગઢ વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલ જીતી, ૨૮ બેઠકવાળી સોનગઢ નગર પાલિકામાં ૪ ઉમેદવારોની જીત સાથે ખાતું ખુલ્યું. જ્યારે કે, જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦ બેઠકોના પરિણામ આવવાનું શરૂ થયું છે. હાલમાં ભાજપ ૮ બેઠક પર આગળ છે ત્યારે કોંગ્રેસ અને અન્ય ૦ પર છે.*

*મહત્વનું છે કે, ગત ૧૬મી ફેબ્રુઆરીએ જુનાગઢ મહાનગરપાલિકા, રાજયની અલગ અલગ ૬૮ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની ચુંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયા બાદ હવે આજે જનાદેશનો સૂર્યોદય થશે. આ ચુંટણીની સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ગઈ છે. મતદાનમાં સૌથી મોટી અને મહત્વપૂર્ણ બાબતે એ રહી છે કે રાજયમાં એક પણ સ્થળે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. એકપણ સ્થળે પુનઃ મતદાન કરવાની જરુરીયાત રહી નથી.*

*જુનાગઢ મહાપાલિકાની ચુંટણીમાં માત્ર ૪૪.૩૨ ટકા જ મતદાન થયું છે. જયારે અમદાવાદ મહાપાલિકાના વોર્ડ નં. ૭ની એક બેઠક, ભાવનગર મહાપાલિકાના વોર્ડ નં.૩ ના એક વોર્ડની પેટા ચુંટણી અને સુરત મહાપાલિકાના વોર્ડ નં. ૧૮ ની એક બેઠકની પેટા ચુંટણી માટે સરેરાશ ૩૧.૭૨ ટકા મતદાન થયું હતું.*

*આ ઉપરાંત ૬૬ નગરપાલિકાની સામાન્ય ચુંટણી માટે ૬૧.૬૫ ટકા જેવું નોંધપાત્ર મતદાન થયું હતું. જયારે બ નગરપાલિકાની મધ્યસત્ર ચુંટણી માટે માત્ર ૩૫.૨૩ ટકા મતદાન થયું છે. અલગ અલગ નગરપાલિકાઓમાં પસંગોપાત ખાલી પડેલી ૧૯ બેઠકો માટે ૩૭.૮૫ ટકા જેટલું મતદાન થયું છે. જિલ્લા પંચાયતોની આઠ બેઠકો માટેની પેટા ચુંટણીમાં ૪૩.૬૭ ટકા જેટલું મતદાન થયું છે. જયારે તાલુકા પંચાયતની ૭૬ બેઠકો માટેની પેટા ચુંટણીમાં ૫૭.૦૧ ટકા મતદાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.*

*જયારે કે, ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીમાં ૬૪.૧૭ ટકા, ખેડા જિલ્લાની કપડવંજ તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી માટે ૬૫.૩૦ ટકા અને કઠલાલ તાલુકા પંચાયત માટે ૬૫.૦૭ ટકા મતદાન થયું છે. રાજય ચુંટણી આયોગના સચિવ જી.સી. બ્રહ્મભટ્ટના જણાવ્યાનુસાર મતદાન એકંદરે શાંતિપૂર્ણ સંપન્ન થયું છે કોઈ અનિચ્છીય બનાવ બન્યો નથી. કોઈપણ મતદાન મથક પર પુનઃ મતદાન કરવાની જરુરત પડી નથી.*

### મહાકુંભ

*લગાવવા અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફરિયાદ કરશે. મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે ભાજપ પોતાના રાજકીય હિતોને પૂર્ણ કરવા માટે ધર્મનો ઉપયોગ કરી રહી છે. તેમણે કહ્યું, "અભિવ્યક્તિની સ્વતંત્રતા ભાજપના ધારાસભ્યોને નફરત ફેલાવવા અને લોકોને વિભાજીત કરવાની મંજૂરી આપતી નથી." પશ્ચિમ બંગાળના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીએ શનિવારે આરોપ લગાવ્યો હતો કે રાજ્યના કેટલાક વિસ્તારોમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ વધી રહી છે અને તેના માટે મુખ્યમંત્રી મમતા બેનર્જીને જવાબદાર ઠેરવ્યા હતા.*

### ભારતમાંબમ્પર

*બિઝનેસ વિસ્તરિત કરવાના ભાગરૂપે અમે ઈનોવેશન મારફત ટકાઉ લક્ષ્યો મેળવવા પ્રતિભાશાળી વ્યક્તિઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો ઉપયોગ કરવા માગીએ છીએ. અમારી ટીમમાં નવી પ્રતિભાઓનું સ્વાગત કરતાં આ મિશનને વેગ આપવા સક્ષમ છીએ.*

*મીડિયા રિપોર્ટ અનુસાર, ટેસ્લા દ્વારા ઓફર કરવામાં આવેલી ૨૦૦૦ નોકરીઓમાં ઓછામાં ઓછી પાંચ નોકરી દિલ્હી અને મુંબઈમાં છે. મુંબઈમાં કસ્ટમર એન્ગેજમેન્ટ મેનેજર, ડિલિવરી ઓપરેશન્સ સ્પેશ્યાલિસ્ટ જેવા પદ માટે વેકેન્સી છે. ભારત દ્વારા ઈ કારની આયાત પર ઊંચા ટેરિફના કારણે ટેસ્લા ઓટો સેગમેન્ટમાં ભારતમાં પ્રવેશી શકી નથી. જો કે, પોલીસીમાં મોટા ફેરફારોના કારણે ભારતમાં આગામી સમયમાં ટેસ્લા ઈવી સેગમેન્ટમાં મજબૂત ગ્રોથ નોંધાવે તેવી શક્યતા જોવા મળી છે. ભારતે મોંઘીદાટ કારની આયાત માટે પોતાની બેઝિક કસ્ટમ ડ્યૂટી ૧૦૦ ટાકથી ઘટાડી ૭૦ ટકા કરી છે. જેના લીધે સ્થાનિક બજારોમાં ઈવી કંપનીઓ ૪૧.૫ અબજ રૂપિયાનું રોકાણ કરવા તૈયાર છે.*

### ટોરોન્ટ એરપોર્ટ

*આવ્યા છે, જેમાં વિમાન પલટી ખાઈ ગયેલું જોવા મળે છે અને ઈમરજન્સી સર્વિસની ટીમો રેસ્ક્યૂ કરી રહી છે. રનવેની ચારેય તરફ બરફ પડેલો જોવા મળે છે. આ ઘટનાના કારણે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પરથી ઉડાણ ભરનાર ૪૦ વિમાનો મોડા પડશે. જાણકારી અનુસાર ફ્લેપ એક્ટ્યૂએટરમાં ખામીના કારણે વિમાન પલટી ખાઈ ગયું છે.*

### ભારતની ચુંટણીમાં

*કે કુરેશીએ દાવો કર્યો છે કે, USAID એ ભારતમાં મતદાનમા વધારો કરવા માટે ૨.૧૦ કરોડ ડોલરનું ભંડોળ આપ્યું હતું એના યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ના દાવામાં કોઈ તથ્ય નથી. કુરૈશીએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, '૨૦૧૨ માં જ્યારે હું સીઈસી હતો ત્યારે ભારતમાં મતદાન વધારવા માટે યુએસ એજન્સી દ્વારા ચોક્કસ કરોડ ડોલરના ભંડોળ માટે ચૂંટણી પંચ દ્વારા એક એમઓયુ કરવામાં આવ્યો હોવાના મીડિયામાં આવેલા અહેવાલમાં દમ નથી. હું મુખ્ય ચૂંટણી કમિશનર હતો ત્યારે ૨૦૧૨માં ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ (IFES) સાથે એમઓયુ થયા હતા.*

### નવી દિલ્હી

*નાસભાગની જાણ થઈ હતી. રેલ્વે દ્વારા કરવામાં આવેલી જાહેરાત સાંભળીને, પ્રયાગરાજ સ્પેશિયલના મુસાફરોએ પ્લેટફોર્મ ૧૨-૧૩ અને ૧૪-૧૫ પરથી સીડીઓ દ્વારા ફૂટ ઓવર બ્રિજ ૨ અને ૩ પર ચઢવા માટે દોડવાનું શરૂ કર્યું હતું.*

*દરમિયાન બીજી ટ્રેનના મુસાફરો સીડી પરથી ઉતરી રહ્યા હતા, ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી અને આ અંધાધૂંધીમાં કેટલાક લોકો લપસીને પડી ગયા હતા, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી.*

*આ અકસ્માત રાત્રે ૮.૪૮ કલાકે થયો હતો. આ નાસભાગ પછી રાહત સહાય આપવામાં ૪૦ મિનિટથી વધુનો વિલંબ થયો હતો. દિલ્હી ફાયરનું કહેવું છે કે તેમને રાત્રે ૯:૫૫ વાગ્યે દિલ્હી પોલીસ તરફથી નાસભાગની પ્રથમ માહિતી મળી હતી. જો કે, રેલવેએ તેના સત્તાવાર સંદેશાવ્યવહારમાં જણાવ્યું છે કે નાસભાગ રાત્રે ૯:૧૫ વાગ્યે થઈ હતી.*

### માંગરોળમાં યુવતીનું છરીથી ગળું કપાતાં મોત

# પ્રેમીએ જ હત્યા નિપજાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યાની પોલીસને આશંકા, ઘટનાસ્થળેથી ચપ્પુ અને બ્લેડ મળી આવી

**■ સુરત, તા. ૧૮**

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વાંકલ નજીકથી પ્રેમીયુગલ ગળા કપાયેલી હાલતમાં મળી આવ્યા બાદ યુવતીનું મોત નિપજ્યું છે. જ્યારે યુવકને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. યુવકના ગળા પર ગંભીર ઘા થયો હોવાના કારણે તે હાલ બોલી પણ શકતો નથી. યુવક અને યુવતી સવારના સમયે એક્ટિવા પર સાથે ગયા હતા ત્યારબાદ કોઈ કારણોસર બંને લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાસ્થળ પરથી એક છરી અને બ્લેડ મળી આવી છે. પોલીસની -ાથમિક તપાસમાં જ પ્રેમી યુવકે જ પ્રેમિકાની હત્યા નિપજાવી પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યાની આશંકા વ્યકત કરવામાં આવી છે.







આ સમગ્ર ઘટનાની તપાસ હાલ માંગરોળ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળેથી જે ચપ્પુ મળ્યું છે તે વળી ગયું છે. જેથી પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે, કદાચ સુરેશે તેજસ્વીની હત્યા કરી હોય શકે. કારણ કે, તેજસ્વીના મૃતદેહની તપાસ કરતા, તેના ગળાના ભાગે હોલ હોવાનું પણ દેખાઈ આવ્યું છે. તેજસ્વી ગુજરાતી ભાષામાં ગ્રેજ્યુએશન કરી રહી છે અને બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ચપ્પુની સ્થિતિ જોતા, પોલીસે હત્યાની આશંકા વ્યક્ત કરી છે.

સુરેશ એક દિવસ પહેલાથી જ વાંકલમાં રહેવા માટે આવ્યો હતો. બારડોલી નજીક ગંગાધરા વિસ્તારમાં સુરેશ રહેતો હતો, પરંતુ એક દિવસ પહેલા જ તે વાંકલ આવ્યો હતો અને પોતાના મિત્રના ઘરે રોકાયો હતો. રાત્રે જમ્યા પછી, તે પોતાના મિત્રના ઘરે સુઈ ગયો હતો. મિત્ર ઘરે પહોંચે, તે પહેલા જ સુરેશ સુઈ ગયો હતો, અને મિત્ર સવારે ઊઠે, તે પહેલા જ તે મિત્રના ઘરેથી નીકળી ગયો હતો. તેજસ્વીની કોલેજમાં આજે એન્યુઅલ ફંકશન હોવાથી, તે કોલેજ જવા માટે નીકળી હતી અને કોલેજ જવા પહેલા તે સુરેશને મળવા પહોંચી હતી.

સુરેશ બોલી શકતો ન હોવાથી મોબાઈલમાં ટાઈપ કરીને પરિવારના નંબર આપ્યા, પોલીસે પૂછતાં ઈશારામાં જણાવ્યું કે પહેલા યુવતીએ પોતાનું ગળું કાપ્યું, પછી પોતે પોતાનું ગળું કાપ્યું. પોલીસે પરિવારનો સંપર્ક કરી સુરત સિવિલ હોસ્પિટલ બોલાવ્યા.

યુવતી તેજસ્વીનું મોત નિપજ્યું છે. હાલ પોલીસ તપાસમાં -ાથમિક રીતે જાણવા મળ્યું છે કે સુરેશ જોગી અને તેજસ્વી શાળા સમયથી એકબીજાને ઓળખતા હતા. સુરેશ મજૂરીનું કામ કરે છે, જ્યારે તેજસ્વી કોલેજમાં ભણતી હતી. બંને એકબીજાને લગ્ન કરવા માંગતા હતા, પરંતુ હાલ પોલીસની પ્રાથમિક તપાસમાં આ પણ જાણવા મળ્યું છે કે તેજસ્વીના પિતા તેમના સંબંધથી ખુશ નહોતા અને તેઓએ તેજસ્વીને સુરેશ સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. તેજસ્વીના પિતા સાથે પણ હાલ પોલીસ પૂછપરછ કરી રહી છે.

સુરત ગ્રામ્ય પોલીસના કંટ્રોલ રૂમમાં એક ફોન આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું કે, એક યુવતીનું મોત નિપજ્યું છે અને એક યુવકના ગળાના ભાગે ગંભીર ઈજા છે. આ જાણ થતાં જ સુરત માંગરોળ પોલીસ વાંકલ-બોરીયા માર્ગ પર પહોંચી. ત્યાં જોતાં એક યુવતીના ગળા પર ચપ્પુના ઘા થવાથી તેનું મોત થયું હતું, જ્યારે એક યુવકના ગળા પર ગંભીર ઈજાઓ થઈ હતી. જેનાથી તે તડપી રહ્યો હતો. યુવકને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો. બંને એકબીજાને પ્રેમ કરતા હતા, પરંતુ આ ઘટના કેવી રીતે બની તેની તપાસ સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

ઈજાગ્રસ્ત યુવક સુરેશ જોગીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સુરેશે ચપ્પુ વડે પોતાના ગળા પર ગંભીર ઈજા કરી હતી; લગભગ ત્રણ ઈંચ જેટલો ઘા તેના ગળા પર હતો. ડોક્ટરે તાત્કાલિક સારવાર શરૂ કરી. સુરેશ જોગીની સ્વરપેટી કપાઈ ગઈ હતી, જેથી તે કશું કહેવાની સ્થિતિમાં નહોતો. તેને તાત્કાલિક સર્જરી માટે મોકલવામાં આવ્યો. આ દરમિયાન, પોતાના મોબાઈલથી તે ડોક્ટરને ઘટના અંગે જણાવી રહ્યો હતો.

ઘટનાની જાણ થતાં, સુરત ગ્રામ્ય પોલીસના સુપરિન્ટેન્ડન્ટ હિતેશ જોયસર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. હિતેશ જોયસરે

અનુસંધાન પાના ૭ પર

# મંદિરોમાં ચોરી અને લૂંટ ચલાવતો મીણા ગેંગનો સાગરિત ઝડપાયો

## વિવિધ શહેરોમાં નવી સાઇટો પર મજૂરીનું કામ લેતા અને ત્યાં રહી મંદિરોની રેકી કરી ગુનાને અંજામ આપતા

**■ સુરત, તા. ૧૮**

શહેર અને અન્ય રાજ્યોમાં મંદિરોમાં ચોરી અને લૂંટ ચલાવતો મીણા ગેંગ ઘણાં સમયથી પોલીસના રડારમાં હતી. આ ગેંગના કેટલાક સાગરીતો અગાઉ જ પકડાઈ ચૂક્યા હતા, પરંતુ વોન્ટેડ આરોપી લક્ષ્મણ મીણા હજુ ફરાર રહ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા અમદાવાદના નરોડા વિસ્તારમાંથી તેને ઝડપી લેવામાં આવ્યો છે.




મીણા ગેંગના સભ્યો વિવિધ શહેરોમાં નવી સાઈટો પર મજૂરીનું કામ લેતા અને ત્યાં રહી મંદિરોની રેકી કરતા. રાત્રિના સમયે તેઓ મંદિરોમાં તસ્કરી કરીને મૂર્તિઓ, દાનપેટી અને કિંમતી સામગ્રીઓ ચોરી લેતા. આ ગેંગ રાજસ્થાન, મધ્ય-દેશ અને ગુજરાતમાં એક સાથે અનેક ગુનાઓમાં સંડોવાઈ છે. તા. ૦૬/૦૨/૨૦૨૫ ના રોજ સુરત ક્રાઈમ બ્રાંચે વેસુ પો.સ્ટે. વિસ્તારમાં થયેલી મંદિરોની ચોરીના ગુનાઓમાં મીણા ગેંગના બે સભ્યો મેંદીયા ઉર્ફે મહેન્દ્ર ધર્મા મીણા (ઉ.વ. ૧૯) ભાણીયા ઉર્ફે રાજુ ધર્મા મીણાને ઝડપી લીધા હતા. તેમની પૂછપરછ દરમિયાન રોહીત અને લક્ષ્મણ મીણા પણ ગેંગના સાગરીત હોવાનું બહાર આવ્યું.

ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી કે લક્ષ્મણ મીણા હાલ અમદાવાદના નરોડા વિસ્તારના હંસપુર ગામ નજીક નવી બાંધકામ સાઈટ પર મજૂરી કરી રહ્યો છે.પોલીસની ટીમ તરત અમદાવાદ પહોંચી, ત્યાં ખાનગી વોચ ગોઠવી લક્ષ્મણ મીણાને પકડી પાડ્યો.આરોપી લક્ષ્મણ મીણા વેસુ, સુરત - મંદિરોમાં ચોરી મધ્યપ્રદેશ, જીરન - મંદિરોમાં ચોરી

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં આપઘાતના બે બનાવ ડુમસ દરિયા કિનારે ગણેશ મંદિર પાસે વૃદ્ધે ઝેરી દવા પીધી, આર્થિક સંકડામણથી રત્નકલાકારે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**■ સુરત, તા. ૧૮**

સુરતમાં આપઘાતના બનાવી સતત સામે આવતા રહે છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ બેના આપઘાતના બનાવો સામે આવ્યા છે. ડુમસ દરિયા કિનારે ગણેશ મંદિર પાસે વૃદ્ધે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જ્યારે વેલંજા વિસ્તારમાં રહેતા રત્નકલાકારે આર્થિક સંકડામળમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની શક્યતા સેવવામાં આવી રહી છે.



મળતી માહિતી પ્રમાણે, મૂળ મહેસાણાના ઊંઝા અને સુરતમાં કતારગામ વિસ્તારમાં આવેલી ઉદયનગર સોસાયટીમાં ૬૦ વર્ષીય જયંતીભાઈ હીરાભાઈ પ્રજાપતિ પરિવાર સાથે રહેતા હતા. જયંતીભાઈ હાલ નિવૃત જીવન જીવતા હતા. પરિવારમાં બે દિકરા છે, જે પૈકી નાના દીકરા સાથે જયંતીભાઈ રહેતા હતા. દીકરો પાલિકામાં છાપરાભાઠા અમરોલી યુનિટ કતારગામ ઝોનમાં પ્રાઈમરી હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવે છે. જ્યારે તેની પત્ની કોસાડ ગામમાં નગર પ્રાથમિક શાળામાં સરકારી શિક્ષક છે.

દર રવિવારે જયંતીભાઈ ઘરેથી સવારે ફરવા નીકળી જતા હોય છે. ગત રવિવારે પણ જયંતિ ભાઈ ઘરેથી ફરવા નીકળી ગયા હતા. જોકે, બપોર થવા છતાં પણ પિતા ઘરે ન આવતા પત્નીએ એક કોલ કર્યો હતો. પત્નીને કહ્યું હું નથી આવવાનો, ડુમસ ઝાડીઓમા હું બેઠો, કોલ કટ કરી નાખ્યો હતો. ત્યારબાદ દીકરાએ સેટ કોલ કર્યા પણ રિસિવ કર્યા ન હતા. દીકરા દ્વારા આ બાબતે તપાસ હાથ ધરવામાં આવી હતી અને ડુમ્મસ ખાતે પહોંચી ગયો હતો. પિતાની

અનુસંધાન પાના ૭ પર

# રખડતા શ્વાનનો આતંક સુરતના ડિંડોલીમાં ૮ વર્ષના બાળક પર હુમલો કરતા ઇજા પહોંચી, સિવિલમાં સારવાર શરુ



**■ સુરત, તા. ૧૮**

સુરતના ડીંડોલી વિસ્તારમાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. ૮ વર્ષના બાળક પર હુમલો કરતા બાળકને ઈજાઓ પહોંચે છે. હાલ બાળકને સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને ત્યાં સારવાર શરૂ કરવામાં આવી છે.

સુરત શહેર અને ગ્રામ્યમાં રખડતા શ્વાનોના આતંક વધતા જઈ રહ્યા છે. શહેરમાં મહાનગરપાલિકા રસીકરણ અને ખસીકરણની વાતો કરી રહી છે પરંતુ, હકીકત કંઈક અલગ જ છે. સુરતના ડીંડોલી વિસ્તારમાં ઘર પાસે રમતા ૮ વર્ષના બાળક પર બેથી ત્રણ શ્વાનોએ હુમલો કરતા બાળકને ઈજાઓ પહોંચાડી હતી. બાળકના પગના ભાગે ગંભીર ઈજાઓ થતા તેને તાત્કાલિક પરિવાર દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો.


બાળકના પિતા દિલીપભાઈ રાજપૂતે જણાવ્યું હતું કે, મારો ૮ વરસનો બાળક પરેશ ઘર પાસે ભગવાન મહાદેવના મંદિરે ગયો હતો અને ત્યાંથી પરત ફરી રહ્યો હતો ત્યારે બે થી ત્રણ જેટલા શ્વાનોએ તેના પર હુમલો કર્યો હતો. અમને જાણ થતા અમે તાત્કાલિક તેને નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા છીએ. સુરત મહાનગરપાલિકા શ્વાનો પાછળ વર્ષે લાખો રૂપિયા ખર્ચે છે. શ્વાનોના રસીકરણ અને ખસીકરણની બડાઈ મહાનગરપાલિકા ખૂબ જ જોરશોરથી કરે છે પરંતુ, રખડતા શ્વાનોના આતંકી હુમલા કામગીરીની પોલ ખોલે છે. સુરત શહેર જ નહીં પરંતુ, ગ્રામ્યમાં પણ રખડતા શ્વાનોનો આતંક જોવા મળ્યો છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં કામરેજથી એક બાળકને સારવાર માટે લાવવામાં આવ્યો હતો. કામરેજ તાલુકાના ડુંગરા ગામના નવ વર્ષના બાળક પર શ્વાને જીવલેણ હુમલો કર્યો હતો. આ બાળકને બચાવવા અન્ય બાળક પણ ત્યાં દોડી ગયું હતું ત્યારે શ્વાને તેના પર પણ હુમલો કર્યો હતો. બંને બાળકોને વધારે ઈજાઓ પહોંચતા સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. બાળકના ચહેરા પર બચકા ભરતા હાલ તેની સારવાર શરૂ કરવામાં આવી છે. શ્વાનોના વધતા આતંકને પગલે વાલીઓમાં ચિંતા જોવા મળી છે.

# સુરતના મધ્ય ભાગમાં ત્રણ કલાક ટ્રાફિકજામ

## જુઓ આકાશી નજારો એકપણ ટ્રાફિકનો જવાન નજરે ન પડ્યો, રોડ પર વાહનોના થપ્પા લાગતાં લોકો ત્રાહિ મામ્

**■ સુરત, તા. ૧૮**

સુરત શહેરમાં આજે ફરી મજૂરા ગેટથી રિંગ રોડ સુધી બે કિલોમીટર વિસ્તારમાં ટ્રાફિકજામ સર્જાયો હતો. સિટીનો આ મધ્ય ભાગ ત્રણથી ચાર કલાક માટે થંભી ગયો હતો. મજૂરા ગેટથી રિંગ રોડ તરફ જતા વાહનચાલકોને અહીંથી પસાર થતાં અડધો કલાકથી વધુનો સમય લાગ્યો હતો. ટ્રાફિકજામના પગલે લોકોમાં પણ રોષ જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આવા ટ્રાફિકમાં એકપણ ટ્રાફિક-પોલીસનો જવાન દેખાયો ન હતો.



સુરત શહેરમાં મેટ્રો -ોજેક્ટની કામગીરીના કારણે ઠેર-ઠેર ખોદકામ કરવામાં આવેલું છે. આ કામગીરીના પગલે ટ્રાફિકજામનાં દૃશ્યો પણ સતત જોવા મળે છે. રિંગ રોડ અને મજૂરા વિસ્તારમાં મેટ્રોની કામગીરી શરૂ કરવામાં આવ્યા બાદ સતત નાના ટ્રાફિકજામ સર્જાતા રહે છે. ત્યારે આજે મજૂરા ગેટથી રિંગ રોડ સુધી બે કિલોમીટરનો ટ્રાફિકજામ સર્જાઈ ગયો હતો. રિંગ રોડ બ્રિજ ખાતે પહેલાં મેટ્રોની કામગીરી દરમિયાન આ ટ્રાફિકજામ થઈ ગયો હતો.

બે કિલોમીટર વિસ્તારમાં સર્જાઈ ગયેલા આ ટ્રાફિકજામમાંથી વાહનચાલકોને બહાર નીકળતાં અડધો કલાક જેટલો સમય લાગ્યો હતો. મજૂરા ગેટથી રિંગ રોડ સુધી સર્જાયેલા ટ્રાફિકજામનાં આકાશી દૃશ્યો સામે આવ્યાં છે એમાં રોડ પર વાહનોના થપ્પા લાગી ગયા હોય એવું નજરે પડી રહ્યું છે. બે કિલોમીટર વિસ્તારમાં આવતા બે બ્રિજ અને નીચેના રસ્તાઓ પર પણ ટ્રાફિકજામ જોવા મળ્યો હતો.

મેટ્રોની કામગીરીના પગલે આ વિસ્તારમાં રોજબરોજ ટ્રાફિકજામ થાય છે. આ બાબતે તંત્ર પણ જાણવા છતાં અજાણ બનતું હોય એવું લાગી રહ્યું છે. નાનો ટ્રાફિકજામ હોય તો સમજ્યા, પણ આ રીતના જ્યારે બે કિલોમીટરનો ટ્રાફિકજામ સર્જાય ત્યારે પણ કોઈ ટ્રાફિક-પોલીસનો જવાન નજરે પડતો નથી. આજે આ સર્જાયેલા બે કિલોમીટરના ટ્રાફિકજામને દૂર કરવા માટે એકપણ ટ્રાફિક-પોલીસનો જવાન આવ્યો નહોતો. એના પગલે લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રાફિક સિગ્નલ શરૂ કરવામાં આવ્યા બાદ એનું પાલન કરતા સુરતીઓ થઈ ગયા છે. જ્યારે છેલ્લા ત્રણ દિવસથી ફરજિયાત હેલ્મેટના

અનુસંધાન પાના ૭ પર

# ભેસ્તાનમાં બોગસ તબીબ ઝડપાયો ડિગ્રી વિના ક્લિનિક ચલાવી રૂપિયા ૧૦૦-૨૦૦ માં સારવાર કરતો અને એલોપથી દવાઓ આપતો હતો

**■ સુરત, તા. ૧૮**

સુરત શહેરમાં ડિગ્રી વિના ડોક્ટર બની લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા તબીબોની સંખ્યા વધતી જાય છે. આવા બોગસ તબીબોને પકડવા માટે ભેસ્તાન પોલીસે એક ખાસ કાર્યવાહી હાથ ધરી હતી. જય અંબે નગર અને જમના નગર વિસ્તારમાં ડિગ્રી વિના તબીબી વ્યવસાય કરતા ઈસમો હોવાની બાતમી મળતા પોલીસે તપાસ શરૂ કરી હતી.




ભેસ્તાન પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા આ વિસ્તારોમાં ડિગ્રી વિના ડોક્ટર તરીકે કામ કરતા ઈસમો અંગે ગુપ્ત બાતમીના આધારે કાર્યવાહી કરવા સુચના અપાઈ હતી. પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબે જુદા જુદા સ્થળોએ ડમી પેશન્ટ મોકલી તપાસ કરતા હકીકત સત્ય જણાઈ હતી. જેથી ભેસ્તાન પોલીસ સ્ટેશનની ટીમે પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.જી. ચૌહાણના નેતૃત્વ હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી અને પંચ સભ્યોની સાથે દરોડા પાડયા હતા. બોગસ ડોકટરને ઝડપી પાડવા ડમી પેશન્ટ મોકલવામાં આવ્યો હતો.

બોગસ ડોકટર ક્લિનિકમાંથી દવાઓ અને ઈન્જેક્શન સહિત રૂ. ૭૧,૩૨૬ નો મુદ્દામાલ જપ્તભેસ્તાન વિસ્તારની વિવિધ ક્લિનિકમાં ચેકિંગ દરમિયાન એક બોગસ તબીબ રામકૃષ્ણ લક્ષ્મીનારાયણ સિંહ ડિગ્રી વિના ડોક્ટર બની ક્લિનિક ચલાવતો હોવાનું સામે આવ્યું. પોલીસે ક્લિનિકમાંથી વિવિધ પ્રકારની દવાઓ, ઈન્જેક્શન, સિરપ અને મોબાઈલ સહિત કુલ રૂ. ૭૧,૩૨૬ના મુદ્દામાલ કબજે કર્યા હતા.પકડાયેલ આરોપી રામકૃષ્ણ લક્ષ્મીનારાયણ સિંહ (૩૬ વર્ષ) છે. જે લોટ નંબર-૮૦, આર.જે.ડી. રેસીડન્સી, પારડી, સચીન ખાતે રહે છે.મૂળ રહેવાસી માનપુર રત્નાવલી, થાણા-રૂન્ની સૈદપુર, જીલ્લો-સીતામઢી (બિહાર)નો છે. ડિગ્રી વિના ક્લિનિક ચલાવી રૂપિયા ૧૦૦-૨૦૦ માં સારવાર કરતો અને એલોપથી દવાઓ આપતો હતો. પોલીસ ને હાલ જાણવા મળ્યું છે કે તે BEMS ડીગ્રી થકી એલોપથી ની દવાઓ આપતો જ્યારે માત્ર ધોરણ ૧૨ સુધી ભણેલો છે. આવી ગેરકાયદે તબીબી પ્રવૃત્તિઓના કારણે સામાન્ય લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થાય છે. જેની સામે પોલીસ અને આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરવાની જરૂર છે. ભવિષ્યમાં આવા બોગસ તબીબો સામે પણ વધુ સઘન ચકાસણી હાથ ધરવામાં આવશે, જેથી સુરત શહેરના લોકો બેદરકાર તબીબોના ખોટા ઈલાજનો ભોગ ન બને.

**તમામ પેન્શનરોને અનુરોધ**

# આવકવેરા માટે Old Regime વિકલ્પ સ્વીકાર કરવા ઇચ્છતા હોય તો પેન્શન ચુકવણા કચેરીને લેખિતમાં જાણ કરે

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે આવકવેરા કાયદા હેઠળ New Regime અને Old Regime એમ બે વિકલ્પ આપવામાં આવેલા છે. જે પેન્શનરો Old Regime નો વિકલ્પ સ્વીકારવા માંગતા હોય તેઓએ પેન્શન ચુકવણા કચેરી-સુરતને લેખિતમાં તા.૦૫-૦૩-૨૦૨૫ સુધીમાં વિકલ્પ આપવાનો રહેશે. જે મુજબ જે પેન્શનરો Old Regime નો વિકલ્પ પસંદ કર્યો હોય તે સિવાયના બાકીના તમામ પેન્શનરો New Regime નો વિકલ્પ સ્વીકારવા માંગે છે તેમ માનીને આવકવેરા કાયદા હેઠળ કરપાત્ર આવક પર આવકવેરાની કપાત કરવામાં આવશે તેમ શ્રેયાન તિજોરી અધિકારી-સુરતની યાદીમાં જણાવાયુ છે.

**PRINTED BY** GANESH PANDURANG SAWANT AND **PUBLISHED BY** GANESH PANDURANG SAWANT **ON BEHALF OF SHREE SAI PRAKASHAN AND PRINTED AT** SHREE SAI PRAKASHAN 26-27, SAHYOG SOCIETY, GUJARAT HOUSING BOARD, SACHIN- KANSAD ROAD, SURAT, **AND PUBLISHED AT** 1 TO 6, SANKALP SHOPPING CENTER OPP. ALTHAN TENAMENT,BHATAR ROAD, SURAT. **AND EDITOR** GANESH PANDURANG SAWANT , **RNI No. 54951/93** E-MAIL : navgujarat@yahooo.co.in, navgujarattimes@rediffmail.com phone No. 0261-2264749 Fax No. 0261-2264849.